CMYK

RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભક્તિનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email:
nutanpress@yahoo.com,
snssamachar.com

શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક–૧૧૦, અંકઃ ૧૩૯, વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ (૪), રવિવાર તા.૦૨–૦૨–૨૦૨૫, પાના– ૮, કિંમત રૂા.૧–૫૦ પૈસા

નાણામંત્રી નિર્મલા સિતારામણે બજેટમાં મીડલ કલાસને ઘણી રાહતો આપી

વર્ષે ૧૨ લાખ સુધીની વાર્ષિક આવક પર કોઈ ઈનકમ ટેક્સ નહીં

MSME સેક્ટરના વિકાસ માટે ક્રેડિટ ગેરંટી કવરને માઈક્રો અને એન્ટરપ્રાઈઝીસ માટે ૫ કરોડથી વધારીને ૧૦ કરોડ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧

નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં ટેક્સપેયર્સ માટે મોટી જાહેરાત કરી છે. હવે વર્ષે ૧૨ લાખ સુધીની વાર્ષિક આવક પર કોઈ ઈનકમ ટેક્સ નહીં આપવો પડે. આ વ્યવસ્થા નવી ટેક્સ વ્યવસ્થા અંતર્ગત કરાઈ છે. આ પહેલા ૭ લાખ સુધીની કમાણી પર કોઈ ટેક્સ ન હતો. સ્ટાન્ડર્ડ ડિડક્શનને ૭૫,૦૦૦ હજાર રૂપિયા જ રખાયું છે. આ હિસાબે નવા ટેક્સ રિજિનનો વિકલ્પ પસંદ કરનારા માટે ૧૨.૭૫ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે. તે ઉપરાંત ઈનકમ ટેક્સ રિટર્નને હવે ૪ વર્ષ સુધી ભરવાનો વિકલ્પ પણ અપાયો છે. તે ઉપરાંત, બજેટમાં મધ્યમ વર્ગને બીજી પણ કેટલીક રાહત અપાઈ છે.

નાણા મંત્રીએ બજેટ ૨૦૨૫ રજૂ કરતા પહેલા જ સંકેત આપી દીધો હતો કે, આ બજેટ સામાન્ય લોકો અને મીડલ ક્લાસને સમર્પિત હશે. આ સંકેતોને પોતાની જાહેરાતોથી સાચી સાબિત કરી બતાવી. નોકરીયાત અને મીડલ ક્લાસને ઈનકમ ટેક્સમાં મોટી છૂટ આપવામા આવી છે. બજેટમાં ટીડીએસ અને ટીસીએસ ઘટાડવાની પણ જાહેરાત કરવામા આવી છે. જેનાથી લોકોના હાથમાં વધુ રૂપિયા રહશે. સેલેરીમાંથી કપાતો ટીડીએસ ઓછો થઈ જશે. તે અંતર્ગત હવે ૧ લાખનું સ્ટાન્ડર્ડ ડિડક્શન કરાયું છે. તે ઉપરાંત બજેટમાં ભાડા પર મળતી છૂટ પણ ૨.૫ લાખ રૂપિયાથી વધારીને ૬ લાખ રૂપિયા કરવાનો પ્રસ્તાવ છે. વિદેશ મોકલવામાં આવતા રૂપિયાને પણ ૧૦ લાખ કરી દેવાયા છે. ટીટીએસ હવે માત્ર પાન કાર્ડ વિનાના લોકોનો જ કપાશે. અપડેટ રિટર્નની પણ સુવિધા આપવામાં આવી છે, જેનાથી ૯૦ લાખ કરદાતાઓને ફાયદો થશે. હવે ૪ વર્ષ સુધીમાં રિટર્ન ભરવાની છૂટ અપાઈ છે. આંકલન વર્ષમાં ફરીથી રિટર્ન એટલે કે અપડેટ રિટર્ન ભરી શકાશે. દાન પર મળતી છૂટની રકમ પથી વધારીને ૧૦ લાખ કરવામાં આવશે.

બજેટમાં એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે, હવે બે પ્રોપર્ટી થવા પર ટેક્સપેયર્સ પર કોઈ ટેક્સ નહીં લગાવાય. અત્યાર સુધી તે એક પ્રોપર્ટી સુધી સીમિત હતો. ટીડીએસની મર્યાદાને ૧૦ લાખ કરી દેવાઈ છે.

ખેડૂતો માટે ધનધાન્ય યોજનાની જાહેરાત : રાજ્યો સાથે સહકારથી આ યોજના ચલાવાશે. ૧.૭ કરોડ ખેડૂતોને મદદ મળશે. સીતારમણે કહ્યું કે, ગરીબ, યુવા, મહિલા, ખેડૂતોની ઉન્નતી પર ફોકસ રહેશે.

કિસાન ક્રેડિટ કાર્ડની લિમીટ વધારીને ૫ લાખ કરાઈ. કપાસનું ઉત્પાદન વધારવા માટે ૫ વર્ષનું મિશન, તેનાથી દેશનો કાપડ બિઝનેસ મજબૂત થશે. બિહારમાં મખાના બોર્ડ બનશે, તેનાથી નાના ખેડૂતો અને વેપારીઓને ફાયદો થશે. નાના ઉદ્યોગોને વિશેષ ક્રેડિટ કાર્ડ, પહેલા ૧૦ વર્ષમાં ૧૦ લાખ કાર્ડ ઈશ્યૂ કરાશે. દાળમાં આત્મનિર્ભરતા મેળવવા માટે છ વર્ષના મિશનની જાહેરાત કરી

MSME સેક્ટરના વિકાસ માટે ક્રેડિટ ગેરંટી કવરને માઈક્રો અને એન્ટરપ્રાઈઝીસ માટે ૫ કરોડથી વધારીને ૧૦ કરોડ કરવામાં આવશે. જેમાં આગામી પાંચ વર્ષોમાં વધારાના ૧.૫ લાખ કરોડ રૂપિયાની ક્રેડિટ મળશે. ભારતના ફૂટવેર અને લેધર ક્ષેત્ર માટે મદદ ઉપરાંત લેધર વિનાના ફૂટવેર માટે યોજના છે. ઈન્ડિયા પોસ્ટને એક મોટા જાહેર લોજિસ્ટિક સંગઠનમાં ફેરવવામાં આવશે.

૫ આઈઆઈટીમાં એડિશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવાશે, સાથે જ આઈઆઈટી પટનાનો વિસ્તાર કરાશે. સરકાર વિશેષ આર્થિક ક્ષેત્રો અને માછલી પાલન ક્ષેત્રના ઉત્પાદનને જાળવા રાખવા માટે એક સક્ષમ માળખું બનાવશે. સ્ટાર્ટઅપ માટે ૧૦,૦૦૦ કરોડના રૂપિયાના યોગદાનથી ફંડની વ્યવસ્થા કરાશે. સરકાર પહેલી વખત પાંચ લાખ મહિલાઓ , એસસી અને એસટી ઉદ્યમીઓ માટે ૨ કરોડ રૂપિયા લોન આપશે. ડિજિટલ શિક્ષણ સંશાધનો સુધી પહોંચી સુનિશ્ચિત કરવા બધી સરકારી માધ્યમિક સ્કૂલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી અપાશે.

૭ ટેરિફ હટાવવાનો નિર્ણય, હવે ૮ ટેરિફ જ રહેશે. ૩૬ જીવન રક્ષક દવાઓ પર કસ્ટમ ડ્યૂટી સંપૂર્ણ રીતે હટાવાઈ. ૬ લાઈફ સેવિંગ સવાઓ પર ૬ ટકા કસ્ટમ ડ્યૂજ રહેશે. હોસ્પિટલોમાં કેન્સર ડે કેર સેન્ટર બનાવાશે. કેન્સરની સારવારમાં વપરાતી દવાઓ સસ્તી થશે.

૨૦૪૭ સુધી ઓછામાં ઓછી ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઊર્જાનો વિકાસ દેશના ઊર્જા પરિવર્તન માટે જરૂરી છે. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે ખાનગી ક્ષેત્રોની સાથે સક્રિય ભાગીદારી માટે પરમાણુ ઊર્જા અધિનિયમ અને પરમાણુ ક્ષતિ માટે નાગરિક દાયિત્વ અધિનિયમમાં સંશોધન કરાશે.

શહેરો માટે ડેવલપમેન્ટ સેન્ટર બનાવવા પ્રોજેક્ટ શરૂ કરશે સરકાર. શહેરોને વિકાસ કેન્દ્ર બનાવવાના પ્રસ્તાવોને અમલી બનાવવા માટે ૧ લાખ કરોડ રૂપિયાનું શહેરી પડકાર કોષ સ્થાપિત કરાશે. પીએમ સ્વનિધિ સ્કીમમાં લોનની સીમા વધારીને ૩૦ લાખ કરવાનો પ્રસ્તાવ.

આંતરાષ્ટ્રીય વેપાર માટે ભારત ટ્રેડ નેટ મ્ર્ની સ્થાપના કરાશે. જે વેપાર દસ્તાવેજીકરણ અને ફંડ સમાધાન માટે એક એકીકૃત મંચ હશે. તેને આંતરાષ્ટ્રીય પ્રથાઓ અનુરૂપ બનાવાશે. ઈન્શ્યોરન્સ સેક્ટરમાં FDI રોકાણની મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાનો પ્રસ્તાવ.

આ બજેટ મધ્યમ વર્ગના ખિસ્સા ભરનારું: વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે બજેટ ૨૦૨૫ રજૂ કર્યું હતું. આ દરમિયાન તેમણે વિવિધ ક્ષેત્રો માટે ઘણી જાહેરાતો કરી હતી. ઉપરાંત, આ બજેટમાં મધ્યમ વર્ગને મોટી રાહત આપવામાં આવી છે.

૧૨ લાખ રૂપિયા સુધીનો ટેક્સ હટાવી દેવામાં આવ્યો છે. ત્યારે બજેટ અંગે વડપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, બજેટ ૨૦૨૫ બચત, રોકાણ, વૃદ્ધિ અને વપરાશમાં વધારો કરશે.

જનતાના આ બજેટ માટે હું નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અને તેમની આખી ટીમને અભિનંદન આપું છું. સામાન્ય રીતે બજેટનું ધ્યાન સરકારી તિજોરી કેવી રીતે ભરવામાં આવશે તેના પર હોય છે. પરંતુ આ બજેટ તેનાથી બિલકુલ વિપરીત છે. બજેટ દેશના નાગરિકોના ખિસ્સા કેવી રીતે ભરશે અને તેમની બચત કેવી રીતે વધશે તેના પર ભાર મૂકાયો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, પરમાણુ ઊર્જામાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવું એ એક ઐતિહાસિક નિર્ણય છે. બજેટમાં રોજગારના તમામ ક્ષેત્રોને દરેક રીતે પ્રાથમિકતા આપવામાં આવી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો મળવાથી ભારતમાં મોટા જહાજોના નિર્માણને પ્રોત્સાહન મળશે. દરેક વ્યક્તિ જાણે છે કે જહાજ નિર્માણ એ ક્ષેત્ર છે જે મહત્તમ રોજગાર પૂરું પાડે છે. પ્રવાસન એ ક્ષેત્ર પણ છે જે મહત્તમ રોજગાર પ્રદાન કરે છે. આ ક્ષેત્ર, જે ચારે બાજુ રોજગારની તકો ઊભી કરશે, તે ઊર્જાના સ્રોત તરીકે કામ કરશે. આજે દેશ આ મંત્ર સાથે આગળ વધી રહ્યો છે.

ખેડૂતો અને ટેક્સને અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, બજેટમાં ખેડૂતો માટે કરવામાં આવેલી જાહેરાતો કૃષિ ક્ષેત્ર અને સમગ્ર ગ્રામીણ વ્યવસ્થામાં એક નવી ક્રાંતિનો આધાર બનશે. કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરવાથી તેમને વધુ મદદ મળશે. આ બજેટમાં ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્તિ આપવામાં આવી છે.

તમામ આવક જૂથોના લોકો માટે કરમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. તેનો મોટો ફાયદો આપણા મધ્યમ વર્ગને થશે, જે રોજગાર મેળવનારા લોકો માટે જેમની આવક નિશ્ચિત છે, આવા લોકોને તેનો ફાયદો થશે. આવકવેરામાંથી આ મુક્તિ એ લોકો માટે એક મોટી તક બનશે જેમણે નવી નોકરીઓ મેળવી છે. આ બજેટમાં ઉદ્યોગસાહસિકો અને MSMEને મજબૂત બનાવવા અને નવી નોકરીઓનું સર્જન કરવા માટે ઉત્પાદન પર ૩૬૦ ડિગ્રી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

બજેટ ૨૦૨૫ : કઈ વસ્તુઓ સસ્તી બની અને શું મોંઘું થયું

નવી દિલ્હી, તા.૧

નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા બજેટ ૨૦૨૫-૨૬ રજૂ કરવામાં આવ્યું હતું અને તેમાં જે જાહેરાતો કરવામાં આવી છે તે પ્રમાણે કેટલીક વસ્તુઓ મોંઘી બનશે જ્યારે કેટલીક વસ્તુઓ સસ્તી બનશે. સીતારમણે જે જાહેરાતો કરી છે તે પ્રમાણે જોવામાં આવે તો મોબાઈલ ફોન સસ્તા બનશે જ્યારે સોલર સેલ અને સ્માર્ટ મીટર મોંઘા બનશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે ૨૦૨૫-૨૬ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું અને તેમણે ઈકોનોમિક ગ્રોથને વેગ આપવા, સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા તથા ઈન્ડસ્ટ્રીઝને ટેકો આપવા અને લોકોની લાગણીઓને ધ્યાનમાં રાખવા જેવી બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ બજેટમાં મધ્યમ વર્ગ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમાં પણ મધ્યમ વર્ગના લોકોની ખરીદ શક્તિ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે જેના કારણે માંગ વધે અને ઈકોનોમીને વેગ મળે. આ બજેટમાં સીતારમણે જે જાહેરાત કરી છે તેનાથી કેટલીક વસ્તુઓ સસ્તી બનશે જ્યારે કેટલીક વસ્તીઓ મોંઘી બનશે.

કેન્દ્રીય બજેટમાં સીતારમણ દ્વારા કસ્ટમ ડ્યુટીમાં ઘટાડાની જાહેરાત કરવામાં આવતા ઈમ્પોર્ટેડ પ્રીમિયમ કાર અને મોટરસાયકલ સાથે, કેન્સર, દુર્લભ અને અન્ય ગંભીર ક્રોનિક બીમારીની સારવારમાં વપરાતી ઈમ્પોર્ટેડ જીવનરક્ષક ડ્રગ્સ અને દવાઓ સસ્તી થશે. જોકે બેઝિક કસ્ટમ ડ્યુટીમાં વધારો થવાના કારણે સંપૂર્ણ રીતે બનેલા યુનિટ તરીકે ઈમ્પોર્ટેડ ઈન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ (ટચ સ્ક્રીન) ડિસ્પ્લે અને ચોક્કસ રીતે ગૂંથેલા કાપડ જેવી કેટલીક વસ્તુઓ મોંઘી થશે.

કઈ-કઈ વસ્તુઓ સસ્તી બનશે?

નાણા મંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા બજેટ પ્રમાણે મોબાઈલ ફોન, જીવનરક્ષક ડ્રગ્સ અને દવાઓ, ઈલેક્ટ્રિક વ્હિકલ્સ માટેની બેટરી, ફ્રોઝન ફિશ પેસ્ટ, વેટ બ્લૂ લેધર, કેરિયર-ગ્રેડ ઈથરનેટ સ્વિચિસ, ૧૨ ક્રિટિકલ મિનરલ્સ, ન્ઝ્ઝ કે ન્ઈ્ઝ ટીવીના ઓપન સેલ, મરિન પ્રોડક્ટ્સ, કોબાલ્ટ પ્રોડક્ટ્સ, ન્ઈ્ઝ જેવી વસ્તુઓ સસ્તી બનશે. આ ઉપરાંત લિથિયમ-આયન બેરીનો સ્ક્રેપ, લીડ, ઝિંક અને વધુ ૧૨ ક્રિટિકલ મિનરલ્સ પણ સસ્તા બનશે. ૪૦,૦૦૦ ડોલરથી વધુ અથવા ૩૦૦૦ સીસીથી વધુની ક્ષમતા ધરાવતી એન્જિનવાળી ઈમ્પોર્ટેડ કાર, ઈમ્પોર્ટેડ મોટરસાયકલ, ઈલેક્ટ્રોનિક રમકડાના ભાગ, ફૂડ અને ડ્રિંક ઈન્ડસ્ટ્રીઝમાં વપરાતા સિન્થેટિક ફ્લેવરના એસેન્સ અને મિક્સચર્સ પણ સસ્તા બનશે.

કઈ-કઈ વસ્તુઓ મોંઘી બનશે?

કઈ-કઈ વસ્તુઓ મોંઘી બનશે તેની વાત કરીએ તો સ્માર્ટ મીટર, સોલર સેલ્સ, ઈમ્પોર્ટેડ ફૂટવેર, ઈમ્પોર્ટેડ કેન્ડલ્સ અને ટેપર્સ, ઈમ્પોર્ટેડ યાટ અને અન્ય વેસલ્સ, પીવીસી ફ્લેક્સ ફિલ્મ, પીવીસી ફ્લેક્સ શીટ, પીવીસી ફ્લેક્સ બેનર, ચોક્કસ ઈમ્પોર્ટેડ ફેબ્રિક, ઈન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ ડિસ્પ્લેસ જેવી વસ્તુઓ મોંઘી બનશે.

બજેટમાં સરકારે કરદાતાઓને મોટી ભેટ આપી

નવી દિલ્હી, તા.૧

બજેટમાં મોદી સરકારે નોકરીયાત વર્ગને મોટી ભેટ આપી હતી. હવે ૧૨ લાખ રૂપિયા સુધીની કમાણી પણ કોઈ ટેક્સ લાગશે નહીં. નાણામંત્રી નિર્મલા સીતારમણે મોટી જાહેરાત કરતા કહ્યું કે હવે ૧૨ લાખ રૂપિયાની વાર્ષિક આવક પર કોઈ ટેક્સ ચૂકવવાની જરૂર નથી. આ ફેરફાર નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ કરવામાં આવ્યો છે. પહેલા ૭ લાખ રૂપિયાની આવક પર કોઈ ટેક્સ ભરવો પડતો ન હતો. સ્ટાન્ડર્ડ ડિડક્શન ફક્ત ૭૫,૦૦૦ રૂપિયા રાખવામાં આવ્યું છે. હવે ૨૪ લાખ રૂપિયાની આવક પર ૩૦ ટકા ટેક્સ લાગશે. ૭૫ હજાર રૂપિયા સુધીના સ્ટાન્ડર્ડ ડિડક્શન માટે છૂટ રહેશે. ઉપરાંત, ૧૫-૨૦ લાખ રૂપિયાની આવક પર ૨૦ ટકા ટેક્સ લાગશે. ૮-૧૨ લાખ રૂપિયાની આવક પર ૧૦ ટકા આવકવેરો લાગશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં મધ્યમ વર્ગ માટે મોટી જાહેરાત કરી હતી. હવે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે.

૦-૪ લાખ રૂપિયા સુધી કોઈ ટેક્સ નહીં
૪-૮ લાખ રૂપિયા સુધી ૫ ટકા ટેક્સ
૮-૧૨ લાખ રૂપિયા સુધી ૧૦ ટકા ટેક્સ
૧૨-૧૬ લાખ રૂપિયા સુધી ૧૫ ટકા ટેક્સ
૧૬-૨૦ લાખ રૂપિયા સુધી ૨૦ ટકા ટેક્સ
૨૦-૨૪ લાખ રૂપિયા સુધી ૨૫ ટકા ટેક્સ
૨૪ લાખ રૂપિયાથી વધુની રકમ પર ૩૦ ટકા ટેક્સ
૧૨ લાખ રૂપિયાની આવક પર શૂન્ય કર

નાણામંત્રી નિર્મલા સીતારમણની આ મોટી જાહેરાત બાદ મધ્યમ વર્ગને મોટી રાહત મળી છે. જો કોઈ વ્યક્તિ વાર્ષિક ૧૨ લાખ રૂપિયા સુધીની કમાણી કરે છે, તો તેને એક રૂપિયો પણ ટેક્સ ચૂકવવાની જરૂર રહેશે નહીં. પરંતુ જો તે ૧૨ લાખ રૂપિયાથી એક રૂપિયો પણ વધુ હોય, તો ટેક્સ ચૂકવવો પડશે. નોંધનીય છે કે ગયા બજેટ ૨૦૨૪માં નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદા વધારીને નવી કર વ્યવસ્થામાં મોટી ભેટ આપી હતી. આ મર્યાદા ૫૦ હજાર રૂપિયાથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવી. હવે ફરી એકવાર મધ્યમ વર્ગને ભેટ આપવા માટે નવા ટેક્સ સ્લેબમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

૩૬ જીવનરક્ષક દવાઓને ડ્યૂટ ટેક્સ ફ્રી કરી દેવામાં આવી

સરકારી હોસ્પિટલમાં કેન્સર ડે કેયર સેન્ટર બનાવાશે

નવી દિલ્હી, તા. ૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, ૩૬ જીવનરક્ષક દવાઓને ડ્યૂટ ટેક્સ ફ્રી કરી દેવામાં આવી છે. તમામ સરકારી હોસ્પિટલમાં કેન્સર ડે કેયર સેન્ટર બનાવામાં આવશે. કેન્સરની સારવાર માટે આપવામાં આવતી દવાઓ સસ્તી થશે. ૬ જીવન રક્ષક દવાઓ પર કસ્ટમ ડ્યૂટી ૫ ટકા કરી દેવામાં આવી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ પૂર્ણ બજેટ રજૂ કરી રહ્યા છે. આ દરમ્યાન તેમણે જાહેરાત કરી છે કે કેન્સરની ૩૬ દવાઓને સસ્તી કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે, સરકાર આગામી ત્રણ વર્ષોમાં તમામ જિલ્લા હોસ્પિટલોમાં ડેકેયર કેન્સર સેન્ટ સ્થાપિત કરવાની સુવિધા આપશે. સાથે જ મેડિકલ કોલેજોમાં આગામી ૫ વર્ષ દરમ્યાન ૭૫૦૦૦ નવી મેડિકલ સીટો વધારવામાં આવશે. તેમણે કહ્યું કે, એઆઈ સેન્ટરને પ્રોત્સાહન આપવા માટે ૫૦૦ કરોડ ફાળવવામાં આવશે. ૨૦૧૬ બાદ શરુ થયેલ આઈઆઈટીમાં ક્ષમતાનો વિસ્તાર કરવામાં આવે. જેથી હજારો વિદ્યાર્થીઓને સુવિધા મળી શકે.

સસ્તાં થશે ઈલેક્ટ્રિક વાહનો!

બજેટમાં લિથિયમ બેટરી અને નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનને લઈને મોટી જાહેરાત

નવી દિલ્હી, તા.૧

આજે સંસદમાં પીએમ નરેન્દ્ર મોદી સરકારની ત્રીજી ઈનિંગનું પ્રથમ સંપૂર્ણ બજેટ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. આ વખતે બજેટમાં ખેડૂતો, મહિલાઓ, શિક્ષણ, મેડિકલ, MSME અને સ્ટાર્ટ-અપ ઉપરાંત મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે પણ ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. જેમાં ઈલેક્ટ્રિક વાહનોમાં ઉપયોગમાં લેવાતી લિથિયમ આયર્ન બેટરી મેન્યુફેક્ચરિંગમાં મળનારા છૂટ પણ સામેલ છે. તેનાથી ઈલેક્ટ્રિક વાહનો સસ્તાં થવાની આશા છે.

બજેટ ભાષણ દરમિયાન કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે 'કોબાલ્ટ પાઉડર અને કચરો, લિથિયમ આયર્ન બેટરીના સ્ક્રેપ, સીસું, જસત અને ૧૨ અન્ય મહત્ત્વપૂર્ણ ખનીજોને છૂટ આપવામાં આવશે. આ ઉપરાંત ઈલેક્ટ્રિક વાહનો માટે લિથિયમ-આયર્ન બેટરી નિર્માણ હેતુ ૩૫ વધારાની વસ્તુઓને કસ્ટમ ડ્યુટીમાંથી રાહત આપવામાં આવશે.આ વખતના બજેટમાં ખેડૂતો, મહિલાઓ, શિક્ષણ, મેડિકલ, સ્જીસ્ઈ અને સ્ટાર્ટ-અપ ઉપરાંત મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે પણ જાહેરાત કરવામાં આવી છે. સરકારની મેક ઈન ઈન્ડિયા યોજનાને વધુ પ્રોત્સાહન આપવા માટે નાણાંમંત્રી સીતારમણે જાહેરાત કરી હતી કે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનને વધુ મજબૂત કરવામાં આવશે, જેનો લાભ ઓટો સેક્ટરને પણ મળશે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે ઘણી મોટી જાહેરાતો કરી. આ દરમિયાન પોતાના ભાષણમાં કહ્યું કે 'અમારી સરકાર એક નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનનું સેટઅપ કરશે. જે મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગોને કવર કરશે. આ મિશન કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્યો બંને માટે પોલિસી સપોર્ટ, એક્ઝિક્યુશન રોડમેપ સાથે ગર્વનન્સ અને મોનિટરિંગનું ફ્રેમવર્ક પૂરું પાડશે. તેમણે કહ્યું કે 'આ મિશન પર્યાવરણને સારું બનાવવા માટે ક્લાઈમેટ ફ્રેન્ડલી ડેવલોપમેન્ટ સાથે-સાથે ક્લીન ટેક મેન્યુફેક્ચરિંગમાં પણ સુધારો કરવામાં આવશે. આ સ્કીમનો ટાર્ગેટ ડોમેસ્ટિક વેલ્યુ એડિશનમાં સુધારો કરવાનો છે. જેના અંતગર્ત સોલાર પીવી સેલ્સ, ઈલેક્ટ્રિક વ્હીકલ બેટરી, મોટર, ક્ંટ્રોલર, ઈલેક્ટ્રોલાઈસર્સ, વિંડ ટર્બાઈન, હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન અને ગ્રિડ સ્કેલ બેટરીના મેન્યુફેક્ચરિંગને મદદ પૂરું પાડવાનો છે.'

સિનિયર સિટીઝનને ડબલ ફાયદા

બજેટમાં ટીડીએસ લિમિટ વધારીને રૂ.૧ લાખ કરાઈ

નવી દિલ્હી, તા.૧

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે તેમના બજેટ ભાષણમાં સિનિયર સિટીઝન્સ માટે મોટી રાહતની જાહેરાત કરી છે. જેમાં સિનિયર સિટીઝન્સ માટે વ્યાજની આવક પર વ્યાજ પર TDSની સીમા વધારીને ૧ લાખ કરવામાં આવી છે. સિનિયર સિટીઝન્સ માટે વ્યાજની આવક પર TDSની સીમા માટેની હાલની મર્યાદા ૫૦,૦૦૦ હતી, જે હવે બમણી કરીને ૧ લાખ કરવામાં આવી છે. આ સિવાય સરકારે જૂના નેશનલ સેવિંગ્સ સ્કીમ (NSS) ખાતાં ધરાવતા સિનિયર સિટીઝન્સ અને સુપર સિનિયર સિટીઝન્સને પણ રાહત આપી છે. જે ખાતાઓ પર હવે વ્યાજ મળતું નથી તેના પર કરવામાં આવેલો ઉપાડ ૨૯ ઑગસ્ટ, ૨૦૨૪ પછી ટેક્સ ફ્રી કરવામાં આવશે. આ ઉપરાંત નાણાંમંત્રીએ TDSના નિયમો સરળ બનાવવાની જાહેરાત કરી છે, જેથી પ્રક્રિયા સરળ બનશે. આ સાથે સરકાર આવતા અઠવાડિયે સંસદમાં નવું આવકવેરા (IT) બિલ રજૂ કરશે. આ અંગે નાણાંમંત્રીએ કહ્યું કે, 'નવું આવકવેરા બિલ હાલના કાયદા કરતાં અડધું હશે અને તેમાં સ્પષ્ટ અને સરળ ભાષાનો ઉપયોગ કરવામાં આવશે.' વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં સિનિયર સિટીઝન્સ માટે બચત યોજનાની ડિપોઝીટ લિમિટ વધારવામાં આવી હતી. આ યોજનાની મહત્તમ ડિપોઝીટ લિમિટ રૂ.૧૫ લાખ રૂપિયાથી વધારીને રૂ. ૩૦ લાખ કરવામાં આવી છે. મંથલી ઈકમ એકાઉન્ટ સ્કીમની ડિપોઝીટ લિમિટ પણ ગત વર્ષ કરતાં વધારવામાં આવી હતી. વ્યક્તિગત ખાતા માટે મહત્તમ ડિપોઝીટ લિમિટ રૂ. ૪.૫ લાખથી વધારીને રૂ. ૯ લાખ અને જોઈન્ટ એકાઉન્ટ માટે રૂ. ૯ લાખથી વધારીને રૂ. ૧૫ લાખ કરવામાં આવી છે.

એકથી વધુ સંપત્તિની માલિકી ધરાવતા લોકો માટે ગૂડ ન્યૂઝ

બે કબજાવાળી મિલકતોના વાર્ષિક મૂલ્ય પર કોઈ ટેક્સ ભરવાનો રહેશે નહીં

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ-૨૦૨૫માં બે મકાનની માલિકી ધરાવતા લોકોને ગૂડ ન્યૂઝ આપી છે.

તેમણે કહ્યું કે, કરદાતાઓ કોઈપણ શરત વિના બે કબજાવાળી મિલકતોના વાર્ષિક મૂલ્ય પર કોઈ ટેક્સ ભરવાનો રહેશે નહીં. હાલમાં આવા કરદાતાઓ અમુક શરતોને આધીન કબજાવાળી મિલકતો પર ઝીરો વાર્ષિક ટેક્સનો દાવો કરી શકે છે. કરદાતાઓને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આવી બે કબજાવાળી મિલકતોનો લાભ કોઈપણ શરતો વિના લંબાવવાનો પ્રસ્તાવ છે.

(અનુ.બીજા પાને)

CMYK

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

કેનેડાની સ્વીકારોક્તિ

કેનેડાના એક પંચના રિપોર્ટે આખરે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દીધું. મંગળવારે આવેલા આ રિપોર્ટમાં એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે કેનેડામાં જૂન ૨૦૨૩માં થયેલ ખાલિસ્તાન સમર્થક આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં વિદેશી હાથના કોઈ પુરાવા નથી. કેનેડાના આ રિપોર્ટે વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના આરોપોને ખોટા સાબિત કરી દીધા છે, જેમાં તેમણે જૂન ૨૦૨૩માં હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં વિદેશી હાથનો આરોપ લગાવ્યો હતો. દેખીતું છે કે આ રિપોર્ટ બાદ કેનેડિયન વડાપ્રધાન ટ્રુડો ઊંધા મોંએ પછડાયા છે. એનો મતલબ છે કે એક આતંકીની હત્યા બાબતે ટ્રુડોએ રીતસર જૂઠ્ઠાણું જ ચલાવ્યે રાખ્યું. ટ્રુડોએ જ્યારે પોતાના દેશની સંસદમાં આ આરોપ લગાવ્યો હતો, ત્યારે પણ તેમના એ કૃત્યને બેજવાબદાર માનવામાં આવ્યું હતું. ભારતે આરોપોને જૂઠ્ઠા અને વાહિયાત ગણાવતાં તેમની પાસે પુરાવા માગ્યા હતા, જે તેઓ ક્યારેય આપી ન શક્યા. હવે તેમના જ દેશનો એક રિપોર્ટ જણાવે છે કે તેમનું એ નિવેદન સફેદ જૂઠ્ઠાણું હતું.

જસ્ટિન ટ્રુડોના જૂઠ્ઠા આરોપો બાદ સ્વાભાવિક જ બંને દેશોના સંબંધોમાં કડવાશ વ્યાપી ગઈ હતી. ભારતે ટ્રુડોના નિવેદનોને રાજનીતિથી પ્રેરિત ગણાવી દીધા હતા. પરંતુ ટ્રુડોનો ભારતનો આકરા વિરોધનું વલણ પણ ઘરેલુ રાજનીતિમાં તેમની ખાસ મદદ ન કરી શક્યો. આખરે તેમણે પોતાના પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરવી પડી. હવે નવા નેતા પસંદ થતાં સુધી તેઓ આ પદ પર રહી શકશે. હવે જ્યારે ખાલિસ્તાની આતંકી નિજ્જર હત્યાકાંડ સાથે જોડાયેલા કેનેડાના આરોપો બિલકુલ ફગાવી દેવાયા છે, ત્યારે ભારત વિરોધી તત્ત્વોને ખુલ્લી છૂટ આપવા મુદ્દે પણ નવેસરથી વાત થવી જોઈએ. ભારત પહેલેથી કહેતું આવ્યું છે કે કેનેડા અને અન્ય યુરોપીય દેશોમાં અભિવ્યક્તિની આઝાદીના નામ પર અલગતાવાદી તત્ત્વો જે પ્રકારની ભારત વિરોધી ગતિવિધિઓ ખુલ્લેઆમ ચલાવી રહ્યા છે, તેના પર પ્રભાવી રોક લગાવવાની જવાબદારી એ દેશોની છે. કેનેડા સરકારે તો એના પર કામ કરવું જ જોઈએ, સાથે જ અન્ય દેશોએ પણ આ પાસા પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. કેનેડામાં આ જ વર્ષે ચૂંટણીઓ થવાની છે, તેથી બંને દેશો પાસે મોકો છે કે ભૂતકાળની ભૂલોને પાછળ છોડીને સંબંધોને પાટા પર લાવવાની નવેસરથી કોશિશ કરવામાં આવે. જો કેનેડા સરકાર પોતાની ભૂલ સમજતાં મહત્ત્વના મુદ્દાઓ પર પોતાના વલણમાં હકારાત્મક બદલાવ લાવે છે તો દ્વિપક્ષીય સંબંધોને બહેતર ભવિષ્ય આપવું મુશ્કેલ નહીં હોય.

સરકારે કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા લોન લેવાની મર્યાદા વધારી: ખેતી સરળ બનશે

નવીદિલ્હી,તા.૧

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે શનિવારે કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. આ સમય દરમિયાન નાણાંમંત્રીએ ખેડૂતો માટે ઘણી મોટી જાહેરાતો કરી. નાણામંત્રીએ કહ્યું કે કિસાન ક્રેડિટ કાર્ડ માટે વ્યાજ સબસિડી યોજનાની મર્યાદા ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે સરકાર એમએસએમઈ માટે લોન ગેરંટી કવર વધારશે જેથી તેમના માટે લોનની પહોંચમાં સુધારો થાય.

તમને જણાવી દઈએ કે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના ખેડૂતોને તેમના કૃષિ કાર્ય માટે પૂરતી અને સમયસર લોન આપવા માટે શરૂ કરવામાં આવી હતી. આમાં ખેડૂતોને ૨% વ્યાજ સબસિડી અને ૩% તાત્કાલિક ચુકવણી પ્રોત્સાહનનો સમાવેશ થાય છે, જે તેમને વાર્ષિક ૪% ના દરે ખૂબ જ રાહત દરે લોન ઉપલબ્ધ કરાવે છે. આ યોજના શરૂઆતમાં ૨૦૦૪ માં શરૂ કરવામાં આવી હતી અને ૨૦૧૨ માં તેને સરળ બનાવવા અને ઈલેક્ટ્રોનિક કિસાન ક્રેડિટ કાર્ડ જારી કરવા માટે તેમાં સુધારો કરવામાં આવ્યો હતો. તે જ સમયે, આજે નાણામંત્રીએ કહ્યું કે કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ૭.૭ કરોડ ખેડૂતો, માછીમારો અને ડેરી ખેડૂતોને ટૂંકા સમયમાં લોનની સુવિધા મળશે.

જે ખેડૂતો વ્યક્તિગત અથવા સંયુક્ત ઉધાર લેનારા છે અને જેઓ માલિક ખેડૂત, ભાડૂઆત ખેડૂત, મૌખિક ભાડે લેનારા અને શેરખેતી છે તેઓ બધા પાત્ર છે. આ ઉપરાંત, ભાડૂઆત ખેડૂતો, શેરખેડુતો વગેરે સહિત ખેડૂતોના સ્વ-સહાય જૂથો અથવા સંયુક્ત જવાબદારી જૂથો પણ આ યોજના માટે પાત્ર છે.

કેસીસી કાર્ડનો ઉદ્દેશ્ય ખેડૂતોને ઇનપુટ ડીલરો સાથે સરળ વ્યવહારો કરવામાં મદદ કરવાનો છે. જ્યારે તેઓ મંડીઓ અને ખરીદી કેન્દ્રો વગેરે પર પોતાનું ઉત્પાદન વેચે છે ત્યારે વેચાણની રકમ તેમના ખાતામાં જમા થાય છે.

યોગ્યતા વગરના લોકો અમેરિકામાં ખડકાઈ રહ્યા છે

અમેરિકામાં જન્મજાત નાગરિકતાનો કાયદો ગુલામો માટે હતો: ટ્રમ્પ

વોશિંગ્ટન, તા.૧

અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે જન્મજાત નાગરિકતા અંગેનું કડક વલણ ફરી સ્પષ્ટ કર્યું છે. તેમણે જણાવ્યું કે, જન્મની સાથે નાગરિકતાનો કાયદો ગુલામોના બાળકો માટે હતો, સમગ્ર વિશ્વ માટે અમેરિકા આવીને ભીડ કરવા માટે નહીં.

ટ્રમ્પે શપથવિધીના દિવસે જ જન્મજાત નાગરિકતા વિરુદ્ધ સરકારી આદેશ જારી કર્યો હતો. જોકે, સિએટલની કોર્ટે બીજા જ દિવસે ટ્રમ્પના આદેશને રદ કર્યો હતો. ટ્રમ્પે જણાવ્યું છે કે, તે ચુકાદા સામે અપીલ કરશે. ગુરુવારે તેમણે સુપ્રીમ કોર્ટનો ચુકાદો પોતાની તરફેણમાં આવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "તમે ભૂતકાળ જોશો તો જણાશે કે આ કાયદો ગુલામોના બાળકો માટે બનાવાયો હતો. તેનો હેતુ આખી દુનિયાના લોકોને અમેરિકામાં ભેગા કરવાનો ન હતો. અત્યારે દુનિયાભરમાંથી લોકો આવી રહ્યા છે.

તે બિલકુલ યોગ્યતા ધરાવતા નથી અને કદાચ તેમના બાળકો પણ એવા જ હશે. કાયદો તેના માટે ન હતો."ટ્રમ્પે જણાવ્યું હતું કે, "મને લાગે છે કે, અમે સુપ્રીમ કોર્ટમાં કેસ જીતીશું." ચાલુ સપ્તાહે રિપબ્લિકન પાર્ટીના સેનેટર્સે ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ અને કામચલાઉ વિઝા ધરાવતા નોન-ઇમિગ્રન્ટ્સના બાળકોને જન્મજાત નાગરિકતાનો અધિકાર નહીં આપવા ખરડો રજૂ કર્યો હતો. સેનેટર્સ લિંડસે ગ્રેહામ, ટેડ ક્રૂઝ અને કેટી બ્રિટે આ બિલ રજૂ

કર્યુહતું. અમેરિકાની ગણના વિશ્વના માત્ર એવા ૩૩ દેશમાં થાય છે જ્યાં જન્મજાત નાગરિકતા પર કોઈ નિયંત્રણ નથી. સેન્ટર ફોર સ્ટડીઝના અંદાજ મુજબ ૨૦૨૩માં અમેરિકામાં ગેરકાયદે રહેતા ઇમિગ્રન્ટ્સે ૨,૨૫,૦૦૦થી ૨,૫૦,૦૦૦ બાળકોને જન્મ આપ્યો હતો. તે અમેરિકાના કુલ જન્મદરના લગભગ સાત ટકા છે.અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર શનિવારે ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની યોજના જાહેર કરી છે.

બજેટ-૨૦૨૫ હાઈલાઈટ્સ.....

નવી દિલ્હી, તા.૧

મોદી સરકારે અપેક્ષા કરતાં વધુ ટેક્સમાં રાહત આપી છે. નાણામંત્રીએ કહ્યું છે કે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક સંપૂર્ણપણે કરમુક્ત રહેશે. આ સાથે સરકાર એક નવો કર કાયદો પણ લાવી રહી છે. આ જાહેરાત કરતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે નવા કર કાયદા માટેનું બિલ આવતા અઠવાડિયે સંસદમાં રજૂ કરવામાં આવશે. નાણામંત્રીએ પોતાના બજેટ ભાષણમાં ખેડૂતો, મહિલાઓ, યુવાનો, વૃદ્ધો અને મધ્યમ વર્ગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું. નાણામંત્રીએ IIT અને મેડિકલ કોલેજોમાં બેઠકો વધારવાની જાહેરાત કરી સાથે જ તેમણે છૈં માટે સેન્ટર ફોર એક્સેલન્સની સ્થાપનાની પણ જાહેરાત કરી. ચાલો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટની મુખ્ય જાહેરાતો પર એક નજર કરીએ.

બજેટમાં કરાયેલી મોટી જાહેરાતો

-૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે.

-બિહારમાં મખાના બોર્ડની રચના કરવામાં આવશે.

-કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) લોન મર્યાદા ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવામાં આવી.

-બિહારમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેકનોલોજી, આંત્રપ્રિન્યોરશિપ અને મેનેજમેન્ટની સ્થાપના કરવામાં આવશે. આનાથી સમગ્ર પૂર્વીય ક્ષેત્રમાં ખાદ્ય પ્રક્રિયા પ્રવૃત્તિઓને વેગ મળશે.

-વર્ષ ૨૦૧૫ પછી સ્થાપિત IIT માં માળખાગત સુવિધાઓ વધારવાની જાહેરાત કરવામાં આવી હતી. આનાથીબેઠકોમાં ૬,૫૦૦નો વધારો થશે. IIT પટનાનું વિસ્તરણ કરવામાં આવશે.

-AI માટે એક સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવામાં આવશે. નાણામંત્રીએ આ માટે ૫૦૦ કરોડ રૂપિયાની બજેટ ફાળવણીની જાહેરાત કરી છે.

-પાંચ વિશ્વ કક્ષાના કૌશલ્ય કેન્દ્રો બનાવવામાં આવશે જેમાં વિદેશી દેશો સાથે ભાગીદારી હશે.

-રાજ્યોને માળખાગત વિકાસ માટે ૫૦ વર્ષ માટે ૧.૫ લાખ કરોડ રૂપિયાનું વ્યાજમુક્ત ધિરાણ આપવામાં આવશે.

- નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં મેડિકલ અભ્યાસ માટે કોલેજો અને હોસ્પિટલોમાં ૧૦ હજાર નવી બેઠકો ઉમેરવામાં આવશે. સરકાર આગામી પાંચ વર્ષમાં નવી બેઠકોની સંખ્યા વધારીને ૭૫ હજાર કરવાનું લક્ષ્ય રાખે છે.

- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) ની રોકાણ અને ટર્નઓવર મર્યાદા અનુક્રમે અઢી ગણી અને બમણી કરવામાં આવી. મહિલાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના લોકોને પહેલી વાર વ્યવસાય શરૂ કરવા માટે ૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

-ઉડાન યોજના નવા ફોર્મેટમાં રજૂ કરવામાં આવશે. આ યોજના હેઠળ, ૪ કરોડ વધારાના મુસાફરોને જોડવાના ઉદ્દેશ્ય સાથે ૧૨૦ નવા સ્થળો ઉમેરવામાં આવશે.

-૨૦૪૭ સુધીમાં ઓછામાં ઓછા ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઉર્જા ઉત્પન્ન કરવાનું લક્ષ્ય છે.

- ૧ લાખ કરોડ રૂપિયાના શહેરી પડકાર ભંડોળની જાહેરાત કરવામાં આવી છે. આ ભંડોળ સર્જનાત્મક પુનર્વિકાસને પ્રોત્સાહન આપશે. ઉપરાંત, પાણી અને સ્વચ્છ માળખાગત સુવિધાઓ પર ભાર મૂકવામાં આવશે.

-આગામી ત્રણ વર્ષમાં તમામ જિલ્લા હોસ્પિટલોમાં ડે કેર કેન્સર સેન્ટરો સ્થાપિત કરવામાં આવશે.

-કર વ્યવસ્થામાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. નાણામંત્રીએ આગામી અઠવાડિયે સંસદમાં એક નવું કર બિલ રજૂ કરવાની જાહેરાત કરી છે.

- મોદી સરકાર જનવિશ્વાસ ૨.૦ હેઠળ ૧૦૦ કાયદા નાબૂદ કરશે.

-કર વ્યવસ્થામાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. નાણામંત્રીએ આગામી અઠવાડિયે સંસદમાં એક નવું કર બિલ રજૂ કરવાની જાહેરાત કરી છે.

-૩૬ જીવનરક્ષક દવાઓ પર કસ્ટમ ડ્યુટી સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી. ૬ જીવનરક્ષક દવાઓ પર ૬ ટકા કસ્ટમ ડ્યુટી.

-૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે.

-છેલ્લા ૪ વર્ષના આઈટી રિટર્ન એકસાથે ફાઈલ કરી શકાય છે.

-વરિષ્ઠ નાગરિકો માટે ટીડીએસ મર્યાદા ૫૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૧ લાખ રૂપિયા કરવામાં આવી છે.

-ભારત રમકડાનું કેન્દ્ર બનશે

-ભારતને રમકડાં માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાની યોજના.

-મેડ ઈન ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કરતા ગુણવત્તાયુક્ત રમકડાં બનાવવામાં આવશે.

-ગુણવત્તાયુક્ત અને અનોખા રમકડાં બનાવવા માટે ક્લસ્ટર, કૌશલ્ય અને યોગ્ય ઉત્પાદન વાતાવરણ વિકસાવવા પર ભાર મૂકવામાં આવશે.

MSME માટે શું?

-MSME માટે લોન ગેરંટી કવર ૫ કરોડ રૂપિયાથી વધારીને ૧૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યું. ૧.૫ લાખ કરોડ રૂપિયા સુધીની લોન ઉપલબ્ધ થશે.

-સ્ટાર્ટઅપ્સ માટે લોનની રકમ ૧૦ કરોડ રૂપિયાથી વધારીને ૨૦ કરોડ રૂપિયા કરવામાં આવશે. ગેરંટી ફી પણ ઘટાડવામાં આવશે.

-ઉદ્યોગ પોર્ટલ પર નોંધાયેલા સ્મોલ સાહસો માટે ૫ લાખ રૂપિયાની ક્રેડિટ મર્યાદાવાળા ખાસ કસ્ટમાઈઝ્ડ ક્રેડિટ કાર્ડ રજૂ કરવામાં આવશે. પ્રથમ વર્ષમાં ૧૦ લાખ ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવશે.

બજેટમાં બિહાર માટે શું છે?

વધારવા માટે કામ કરવામાં આવશે.

-કેન્સર જેવા ગંભીર રોગોની સારવાર માટેની દવાઓ સસ્તી કરવામાં આવી. દેશની તમામ સરકારી હોસ્પિટલોમાં કેન્સર ડે કેર સેન્ટર બનાવવામાં આવશે.

આ બજેટ ગોળી વાગ્યા પર બેન્ડ-એઈડ લગાવવા જેવું: રાહુલ

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું બીજું બજેટ રજૂ કર્યું છે. જેમાં મધ્યમ વર્ગને મોટી ભેટ આપતા ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર ઝીરો ઈન્કમ ટેક્સ જેવી મોટી જાહેરાત કરવામાં આવી હતી. એવામાં હવે બજેટ ૨૦૨૫ પર કોંગ્રેસ સાંસદ અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીની પ્રતિક્રિયા આવી છે.

બજેટ પર કટાક્ષ કરતા વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ગોળીના ઘા પર બેન્ડ-એઈડ લગાવવા જેવું છે. વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, આપણા આર્થિક સંકટને ઉકેલવા માટે મોટા ફેરફારોની જરૂર હતી. પણ આ સરકાર વિચારોની બાબતમાં નાદાર છે. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે X પર પોસ્ટ કરતા કહ્યું કે, નાણામંત્રી નિર્મલા સીતારમણે વિકાસના ચાર એન્જિન - કૃષિ, MSME, રોકાણ અને નિકાસ વિશે વાત કરી હતી, પરંતુ બજેટ સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી ગયું છે. તેમણે બીજી પોસ્ટમાં કહ્યું, "ડૉ. જ્યારે મનમોહન સિંહ વડાપ્રધાન હતા.

મહિલાઓ,એસસી-એસટી અને પછાત વર્ગો માટે મોટી જાહેરાત: ૨ કરોડ રૂપિયા સુધીની ટર્મ લોન મળશે

નવીદિલ્હી,તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં મહિલાઓ અને એસસી,એસટી (આદિવાસી અને અનુસૂચિત જાતિ) તેમજ પછાત વર્ગના પ્રથમ વખત ઉદ્યોગસાહસિકો માટે ૨ કરોડ રૂપિયા સુધીની મુદત લોનની જાહેરાત કરી છે. નાણામંત્રીએ પોતાના ભાષણમાં કહ્યું કે સરકાર સૌના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. મધ્યમ વર્ગના વપરાશમાં વધારો કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે ભૂરાજકીય તણાવને કારણે વૈશ્વિક વિકાસમાં ઘટાડો થયો છે. સીતારમણે પોતાના બજેટ ભાષણમાં કહ્યું કે દેશના ગરીબો, યુવાનો, ખેડૂતો અને મહિલાઓના ઉત્થાન માટે કામ કરવું પડશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે સરકાર પાંચ લાખ પહેલી વાર નોકરી કરતી મહિલાઓ, અનુસૂચિત જાતિ અને જનજાતિના ઉદ્યોગસાહસિકો માટે ૨ કરોડ રૂપિયાની લોન શરૂ કરશે. ૨૦૨૫-૨૬ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કરતા, નાણામંત્રીએ એમ પણ કહ્યું કે એસએમઈ અને મોટા ઉદ્યોગો માટે એક ઉત્પાદન મિશન સ્થાપિત કરવામાં આવશે.

આ ઉપરાંત, સરકાર શ્રમ-સઘન ક્ષેત્રોની ઉત્પાદકતા વધારવા માટે સુવિધાજનક પગલાં લેશે. તેમણે કહ્યું કે લોન ગેરંટી 'કવર' બમણું કરીને ૨૦ કરોડ રૂપિયા કરવામાં આવશે અને ગેરંટી ફી ઘટાડીને એક ટકા કરવામાં આવશે. મંત્રીએ બિહારમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેકનોલોજી, આંત્રપ્રિન્યોરશિપ એન્ડ મેનેજમેન્ટની સ્થાપનાની પણ જાહેરાત કરી.

આ બજેટમાં આઈટીઆર અને ટીડીએસની મર્યાદા વધારવામાં આવી છે. ટીડીએસ મર્યાદા વધારીને ૧૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. કર કપાતમાં વૃદ્ધો માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. તમે ચાર વર્ષ માટે રિટર્ન ફાઈલ કરી શકો છો. વરિષ્ઠ નાગરિકો માટે કર મુક્તિ બમણી કરવામાં આવી છે. મુક્તિ ૫૦ હજાર રૂપિયાથી વધારીને ૧ લાખ રૂપિયા કરવામાં આવી છે.

શેરબજારને સરકારનું બજેટ પસંદ ન આવ્યું, સેન્સેક્સ અને નિફ્ટી નિરાશા સાથે બંધ

મુંબઈ,તા.૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. આ બજેટમાં, મધ્યમ વર્ગ પર મહત્તમ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્ત કરવામાં આવી હતી. જોકે, શેરબજારને સરકારનું બજેટ ગમ્યું નહીં. શનિવારે રજાના દિવસે ખુલેલું શેરબજાર નિરાશા સાથે બંધ થયું. આજે બીએસઈ સેન્સેક્સ ૫.૩૯ પોઈન્ટના વધારા સાથે ૭૭,૫૦૫.૯૬ પોઈન્ટ પર બંધ થયો. બીજી તરફ,એનએસઈનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૬.૨૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩,૪૮૨.૧૫ પોઈન્ટ પર બંધ થયો.

તમને જણાવી દઈએ કે બજેટ ભાષણ દરમિયાન બજાર સારા વધારા સાથે કારોબાર કરી રહ્યું હતું પરંતુ સરકારે ઉદ્યોગ માટે કોઈ ખાસ જાહેરાત કરી ન હતી, જેના કારણે બજારે અચાનક તીવ્ર વળાંક લીધોઅને ભારે ઘટાડા સાથે રેડ ઝોનમાં આવી ગયું.આ પછી, બજારમાં સતત વધઘટ જોવા મળી અને અંતે નિફ્ટી લાલ નિશાન પર બંધ થયો જ્યારે સેન્સેક્સ ફ્લેટ રહ્યો અને લીલા નિશાન પર ટ્રેડિંગનો અંત આવ્યો.

શનિવારે, સેન્સેક્સની ૩૦ માંથી ૧૬ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા, જ્યારે બાકીની ૧૪ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થયા હતા. એ જ રીતે, નિફ્ટી ૫૦ માં, ૫૦ માંથી ૨૨ કંપનીઓના શેર ગ્રીન

ઝોનમાં વધારા સાથે બંધ થયા હતા જ્યારે બાકીની ૨૮ કંપનીઓના શેર રેડ ઝોનમાં નુકસાન સાથે બંધ થયા હતા. આજે, સેન્સેક્સ કંપનીઓમાં, ઝોમેટોના શેર સૌથી વધુ ૭.૧૭ ટકાના વધારા સાથે બંધ થયા જ્યારે પાવર ગ્રીડના શેર સૌથી વધુ ૩.૭૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા.

આજે સેન્સેક્સમાં લિસ્ટેડ અન્ય કંપનીઓમાં, મારુતિ સુઝુકીના શેર ૪.૯૮ ટકા, આઈટીસી હોટેલ્સ ૪.૭૧ ટકા,આઈટીસી ૩.૩૩ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૯૬ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૧૬ ટકા, ટાઈટન ૧.૮૧ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૧.૭૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૫૮ ટકા વધ્યા. , બેંક ઓફ ઈન્ડિયાના હિન્દુસ્તાન યુનિલિવર શેર ૧.૪૫ ટકા, એક્સિસ બેંક ૧.૨૪ ટકા, બજાજ ફિનસર્વ ૦.૯૮ ટકા, નેસ્લે ઈન્ડિયા ૦.૫૦ ટકા, કોટક મહિન્દ્રા બેંક ૦.૩૮ ટકા,આઈસી આઈસીઆઈ બેંક ૦.૨૪ ટકા અને સન ફાર્માના શેર ૧.૪૫ ટકાના વધારા સાથે બંધ થયા. શેર ૦.૦૫ ટકાના વધારા સાથે બંધ થયા. બજેટના દિવસે, લાર્સન એન્ડ ટુબ્રોના શેર ૩.૩૬ ટકા,એનટીપીસી ૨.૦૪ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૦૩ ટકા,એચસીએલ ટેક ૧.૮૭ ટકા, ટેક મહિન્દ્રા ૧.૬૫ ટકા, ઈન્ફોસિસ ૧.૫૦ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૪૭ ટકા, ટાટા મોટર્સ ૧.૩૮ ટકા, ટાટા સ્ટીલ ૧.૨૬ ટકા વધ્યા. ટકા, ઈન્ડિયન સ્ટેટ બેંક ૦.૯૧ ટકા,ટીસીએસ ૦.૮૬ ટકા,એચડીએફસી બેંક ૦.૫૫ ટકા અને ભારતી એરટેલના શેર ૦.૨૬ ટકા ઘટ્યા હતા.

બે કબજાવાળી મિલ્કતો(પહેલા પાનાનુ ચાલુ)

કેન્દ્ર સરકારે આવકવેરા કાયદાની કલમ ૨૩ની પેટા કલમ બેમાં સંશોધન કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે, જેમાં રહેણાંક સંપત્તિના વાર્ષિક મૂલ્ય પર લાગતા ટેક્સ સંબંધીત છે.

બજેટમાં કહેવાયું છે કે, કાયદાની પેટા કલમ (૨)માં જોગવાઈ છે કે, જો મકાન માલિકી પોતાના ઘરનો ઉપયોગ રહેઠાણ માટે કરે અથવા રોજગાર, ધંધા કે વ્યવસાયના કારણે અન્ય સ્થળે મિલકત હોય, તેવા સંજોગોમાં આવા મકાનની મિલકતની વાર્ષિક કિંમત પર ઝીરો ટેક્સ હોવાનું માનવામાં આવે છે. બજેટમાં કહેવાયું છે કે, પેટા કલમ (૪)માં જોગવાઈ છે કે, પેટા કલમ (૨)ની જોગવાઈ માત્ર બે મકાન પર મલિકી ધરાવવાના સંબંધમાં લાગુ પડશે.

સુડોકુ નં. ૧૫૩

		3	4					9
9		2		1				5
			9		7		1	
	2			7	9	5		
		1				2		
		4	2	6			9	
	4		8		3			
2				4		1		7
5					1	8		

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લેખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૧૫૨નો ઉકેલ

1	9	8	2	3	4	7	5	6
4	6	5	1	9	7	8	3	2
7	3	2	6	8	5	4	1	9
3	7	4	9	6	1	5	2	8
8	1	6	7	5	2	9	4	3
2	5	9	8	4	3	1	6	7
5	4	7	3	2	8	6	9	1
6	2	1	4	7	9	3	8	5
9	8	3	5	1	6	2	7	4

આપની આજ...

મેષ: આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

વૃષભ: આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

મિથુન: આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતી રકમ હોવાનો આનંદ મળશે.

કર્ક: તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.

સિંહ: આજે નોકરી-ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

કન્યા: કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે,

તુલા: આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

વૃશ્ચિક: આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

ધન: આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

મકર: આજે તમારા

બરેલીની યુવતી પોતાના બોયફ્રેન્ડને મળવા દિલ્હી પહોંચી, ગેંગરેપનો ભોગ બની

૮ મહિના પછી આત્મહત્યા કરી

બરેલી,તા.૧

ઉત્તર પ્રદેશના બરેલીના ભામોરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક પોલિટેકનિક વિદ્યાર્થીનીએ બળાત્કારનો ભોગ બન્યા બાદ હતાશ થઈને આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થીની તેના પ્રેમીને મળવા દિલ્હી ગઈ હતી, પરંતુ તેને ત્યાં તેનો પ્રેમી મળ્યો નહીં. આ પછી, કેટલાક લોકોએ વિદ્યાર્થીનીને બંધક બનાવીને તેના પર બળાત્કાર ગુજાર્યો. ઘરે આવ્યા પછી, વિદ્યાર્થીની પોતાની જાત પર કાબુ રાખી શકી નહીં અને તેણે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી.

બરેલીના ભામોરા પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં રહેતા સીબીગંજની સરકારી પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીને તે જ કોલેજના એક યુવક સાથે પ્રેમ થઈ ગયો હતો. મૃતકની માતાનો આરોપ છે કે તેની ૧૭ વર્ષની પુત્રી ૨૬ જૂન ૨૦૨૪ ના રોજ તેના બોયફ્રેન્ડના પ્રભાવમાં દિલ્હી ભાગી ગઈ હતી, પરંતુ તેણીને ત્યાં ક્યાંય તેના બોયફ્રેન્ડ દેખાયો નહીં. વિદ્યાર્થીએ તે યુવાનને શોધવાનો ખૂબ પ્રયાસ કર્યો. જોકે, તેને આ કામમાં સફળતા મળી ન હતી.

આ દરમિયાન કેટલાક લોકોએ તેને દવા આપીને બેભાન કરી દીધી અને આઠ દિવસ સુધી બંધક બનાવીને તેના પર બળાત્કાર ગુજાર્યો. કોઈક રીતે, વિદ્યાર્થીની આરોપીઓના ચુંગાલમાંથી છટકી ગઈ અને તેના પ્રેમીના ગામ પહોંચી ગઈ, પરંતુ તેણીને ત્યાં પણ તેનો પ્રેમી મળ્યો નહીં. આ પછી, યુવકના પરિવારે વિદ્યાર્થીના પરિવારને ઘટનાની જાણ કરી અને તેમને તેમની પુત્રીને લઈ જવા કહ્યું. આ પછી પરિવારના સભ્યો તેને ઘરે લાવ્યા. વિદ્યાર્થીની ઘરે આવી ત્યારથી જ ડિપ્રેશનમાં રહેવા લાગી. આ દરમિયાન તેણે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી.

વસંત પંચમીના દિવસથી વ્રજમાં રંગોનો તહેવાર શરૂ થશે, ૪૦ દિવસ સુધી હોળી રમાશે

મથુરા,તા.૧

દુનિયામાં હોળી, બ્રજમાં હોરા... રંગોનો તહેવાર હોળી, બ્રજનો સૌથી મોટો તહેવાર છે. અહીં રંગો અને ગુલાલ ફક્ત એક નહીં પરંતુ ૪૦ દિવસ સુધી ફેલાવવામાં આવશે. મથુરા, વૃંદાવનથી લઈને બરસાના સુધી, રંગોથી લથપથ ભક્તો રાધા-કૃષ્ણની ભક્તિમાં ડૂબેલા જોવા મળશે. બ્રજ હોળી વસંત પંચમીના દિવસે શરૂ થશે. વ્રજના લોકો તેની તૈયારીમાં વ્યસ્ત છે. વ્રજમાં હોળી રમવા માટે માત્ર દેશના ભક્તો જ નહીં પરંતુ વિદેશી ભક્તો પણ મોટી સંખ્યામાં આવે છે.

વ્રજની હોળી આખી દુનિયામાં પ્રખ્યાત છે. લાખો ભક્તો અહીં ફૂલ હોળી, લઠ્ઠમાર હોળી અને લડ્ડુ હોળી જોવા માટે આવે છે. વ્રજમાં હોળી કેવી રીતે ઉજવવામાં આવે છે? જો તમે તે જોયું નથી તો એકવાર વ્રજ આવો અને અહીં હોળી ચોક્કસ જુઓ. વસંત પંચમીથી વ્રજમાં હોળી શરૂ થવા જઈ રહી છે, જે પૂરા ૪૦ દિવસ સુધી રમાશે.

ભગવાન શ્રી કૃષ્ણની નગરી મથુરાના વૃંદાવનમાં હોળીનો તહેવાર વસંત પંચમીથી શરૂ થશે. વ્રજમાં, વસંત પંચમીથી રંગો અને ગુલાલ ઉડવાનું શરૂ કરે છે. અહીં દેશ-વિદેશના ભક્તો પોતાની મૂર્તિ સાથે હોળી રમવા આવે છે. આ વખતે વ્રજમાં હોળી ૩ ફેબ્રુઆરીથી શરૂ થશે. આ દિવસે, વિશ્વ પ્રખ્યાત ઠાકુર બાંકે બિહારી મંદિરમાં ગુલાલ ઉડાડવામાં આવશે અને ભક્તો તેમની મૂર્તિ સાથે હોળી રમવા માટે ઉત્સુક જોવા મળશે.

અમેરિકા અને ચીન વચ્ચે ૨૧મી સદીના સૌથી મોટા યુદ્ધની શક્યતા

વોશિંગ્ટન,તા.૧

અમેરિકા અને ચીન વચ્ચે ઘાતક યુદ્ધના સંકેતોએ દુનિયામાં ગભરાટ ફેલાવવાનું શરૂ કરી દીધું છે. થોડા દિવસો પહેલા જ, ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ દાવો કર્યો હતો કે તેમણે તેમના અમેરિકન સમકક્ષ માર્કો રુબિયો સાથે ફોન પર વાતચીત કર્યા પછી તેમને મર્યાદામાં રહેવાની સલાહ આપી હતી. પરંતુ હવે રાષ્ટ્રપતિ ટ્રમ્પના મંત્રીના આક્રમક વલણથી બધા ચોંકી ગયા છે. ટ્રમ્પના મંત્રીમંડળમાં વિદેશ સચિવ રુબિયોએ ચીનને અમેરિકા માટે ગંભીર રાષ્ટ્રીય સુરક્ષા ખતરો ગણાવ્યો છે અને કહ્યું છે કે ૨૧મી સદીનો ઈતિહાસ મુખ્યત્વે બંને દેશો વચ્ચે બનતી ઘટનાઓ પર આધારિત હશે.

રુબિયોના આ નિવેદનથી અમેરિકા અને ચીન વચ્ચે મોટી ટક્કરની શક્યતા વધી જાય છે. તેમણે કહ્યું કે ૨૧મી સદીમાં અમેરિકા અને ચીન વચ્ચે જે કંઈ થશે તે ઈતિહાસ બની જશે. એ સ્પષ્ટ છે કે ટ્રમ્પ સરકારનું વલણ હવે ચીનની દાદાગીરી સામે ખૂબ જ કડક બનવાનું છે. "ચીન વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ બનવા માંગે છે, અને તેઓ તે આપણા ખર્ચે કરવા માંગે છે," રુબિયોએ ગુરુવારે ધ મેગિન કેલી શોમાં મેગિન કેલી સાથેની મુલાકાતમાં જણાવ્યું. આ આપણા રાષ્ટ્રીય હિતમાં નથી અને અમે તેની તપાસ કરીશું.

માર્કો રુબિયોએ સ્પષ્ટપણે કહ્યું કે અમેરિકા ચીનની મહત્વાકાંક્ષાઓને પૂર્ણ થવા દેશે નહીં. અમે આના પર યુદ્ધ ઈચ્છતા નથી, પરંતુ અમે તેની તપાસ કરીશું. તેમણે કહ્યું, ''ચીનના કિસ્સામાં બે બાબતો છે. એક વાત તો એ છે કે, તેઓ આપણા રાષ્ટ્રીય હિતો માટે ગંભીર ખતરો છે; અને બીજું એક પરિપક્વ અનુભૂતિ છે કે ગમે તે થાય, ચીન એક સમૃદ્ધ અને શક્તિશાળી દેશ બનવાનું છે. તેમણે ભાર મૂક્યો કે અમેરિકાએ તેનો સામનો કરવો પડશે. તેમણે કહ્યું, ''૨૧મી સદીનો ઈતિહાસ મુખ્યત્વે અમેરિકા અને ચીન વચ્ચેની ઘટનાઓ પર આધારિત હશે. તેથી આપણે એવું ડોળ કરવો કે આપણે તેમની સાથે કોઈપણ રીતે જોડાવાના નથી, તે વાહિયાત છે.

રુબિયોએ રાષ્ટ્રીય હિતોને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને દાયકાઓ જૂની યુએસ નીતિઓની ટીકા કરી જે ચીનને વિકાસશીલ દેશ તરીકે ગણતી હતી અને તેને અન્યાયી વેપાર અને ટેકનોલોજી પ્રથાઓનો લાભ લેવાની મંજૂરી આપતી હતી, એવી માન્યતા સાથે કે તે અમેરિકન મૂલ્યોને નબળી પાડશે. તે તેને અપનાવશે. તેના બદલે, તેમણે કહ્યું કે, ચીન કોઈપણ ફેરફારો વિના સમૃદ્ધ થયું અને હજુ પણ આ લાભો શોધી રહ્યું છે.

નાણામંત્રી સીતારમણના નામે

સૌથી લાંબા બજેટ ભાષણનો રેકોર્ડ ભાષણ ૨ કલાક ૪૨ મિનિટ ચાલ્યું

નવીદિલ્હી,તા.૧

૩૧ જાન્યુઆરીથી શરૂ થયેલા સંસદના બજેટ સત્રના બીજા દિવસે, કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સતત આઠમી વખત લોકસભામાં બજેટ રજૂ કર્યું. આ દરમિયાન, નાણાંમંત્રીએ લગભગ એક કલાક ૧૭ મિનિટ એટલે કે ૭૭ મિનિટનું ભાષણ આપ્યું. ૨૦૨૪માં સામાન્ય ચૂંટણીઓને કારણે, નાણામંત્રીએ ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ વચગાળાનું બજેટ રજૂ કર્યું. ત્યારબાદ તેમનું બજેટ ભાષણ ૧૬ મિનિટ સુધી ચાલ્યું. સામાન્ય ચૂંટણીઓ પછી, મોદી સરકાર ત્રીજી વખત સત્તામાં આવી. ત્યારબાદ નાણામંત્રીએ ૨૩ જુલાઈ ૨૦૨૪ ના રોજ પૂર્ણ બજેટ રજૂ કર્યું. આ બજેટ ભાષણ ૦૧ કલાક ૨૫ મિનિટનું હતું. અગાઉ, નાણામંત્રી સીતારમણે ૨૦૨૩-૨૪ માટે ૮૭ મિનિટનું બજેટ ભાષણ વાંચ્યું. ૨૦૧૯ માં તેમનું બજેટ ભાષણ ૨ કલાક અને ૧૭ મિનિટ લાંબુ હતું. ૨૦૨૨ માં, તેણીએ ૯૨ મિનિટ ભાષણ આપ્યું.

ભારતીય ઈતિહાસમાં સૌથી લાંબુ બજેટ ભાષણ વાંચવાનો રેકોર્ડ પણ નિર્મલા સીતારમણના નામે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણનું

કેન્દ્રીય બજેટ ૨૦૨૦ ભાષણ ભારતીય ઈતિહાસનું સૌથી લાંબુ બજેટ ભાષણ છે. તે ૨ કલાક અને ૪૨ મિનિટ સુધી ચાલ્યું. આ સાથે, તેમણે કેન્દ્રીય બજેટ ૨૦૧૯ રજૂ કરવાનો પોતાનો જ ૨ કલાક અને ૧૭ મિનિટનો રેકોર્ડ તોડ્યો. સ્વર્ગસ્થ અરુણ જેટલીનું ૨૦૧૪નું બજેટ ભાષણ ૨ કલાક અને ૧૦ મિનિટ લાંબુ હતું. ચાલો જાણીએ કે છેલ્લા વર્ષોમાં કયા નેતાએ સૌથી ટૂંકું ભાષણ આપ્યું છે.

વર્ષ ૨૦૧૯ માં, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે તેમનું પહેલું બજેટ રજૂ કર્યું. તે ભાષણ સાથે, તેમણે સૌથી લાંબા બજેટ સંબોધનનો રેકોર્ડ તોડ્યો. તેણીએ બે કલાક અને ૧૭ મિનિટ સુધી વાત કરી. બીજા વર્ષે, તેમણે વર્ષ ૨૦૨૦-૨૧ માટે બજેટ રજૂ કરતી વખતે બે કલાક અને ૪૨ મિનિટ સુધી ભાષણ આપીને પોતાનો જ રેકોર્ડ તોડ્યો. અને તે આખું ભાષણ પણ નહોતું! તે દિવસે સ્વાસ્થ્યની ચિંતાઓને કારણે તેમણે પોતાનું ભાષણ ટૂંકાવવું પડ્યું ત્યારે બજેટના બે પાના બાકી રહ્યા. ૨૦૨૧-૨૨માં તેમનું બજેટ ભાષણ ૧૦૦ મિનિટ લાંબુ હતું. જ્યારે નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં કુલ દોઢ કલાક ભાષણ આપ્યું હતું. નિર્મલા સીતારમણ પહેલા સૌથી લાંબા બજેટ ભાષણનો રેકોર્ડ ભાજપના નેતા જસવંત સિંહના નામે હતો. ૨૦૦૩માં તેમણે ૨ કલાક અને ૧૫ મિનિટનું બજેટ રજૂ કર્યું.

બજેટમાં વિદ્યાર્થીઓને ભેટ મળી

પીએમ રિસર્ચ ફેલોશિપ સ્કીમ હેઠળ વિદ્યાર્થીઓને દર મહિને મળશે ૭૦થી ૮૦ હજાર રૂપિયા

નવી દિલ્હી, તા.૧

આજે નિર્મલા સીતારમણ ૨૦૨૫નું બજેટ રજૂ કર્યું છે. બજેટ પાસેથી દરેકને ખાસ અપેક્ષાઓ હોય છે. એવામાં સ્ત્રી હોય કે શિક્ષણ ક્ષેત્ર. આ બજેટમાં વિદ્યાર્થીઓને ઘણી ભેટ મળી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પ્રધાનમંત્રી સંશોધન ફેલોશિપ સ્કીમ હેઠળ ૧૦,૦૦૦ ફેલોશિપની જાહેરાત કરી છે. આ સ્કીમ હેઠળ, વિશેષ વિદ્યાર્થીઓ IITs, IISERs અને IISc માં Ph.Dમાં આ સ્કીમ હેઠળ સીધો પ્રવેશ અને આકર્ષક શિષ્યવૃત્તિ મળશે. દરેક વ્યક્તિ પાંચ વર્ષ માટે પ્રતિ વર્ષ ૨ લાખની સંશોધન ગ્રાન્ટ મેળવશે. એવામાં જાણીએ કે શું છે PM રિસર્ચ ફેલોશિપ સ્કીમ. પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજના ભારતમાં ડોક્ટરલ સંશોધન માટે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ફેલોશિપ આપવાની યોજના છે, જેના સંદર્ભમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૫માં કેટલીક નવી જાહેરાતો કરી છે. ૨૦૧૮-૧૯ના બજેટમાં પ્રથમ વખત આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. જાન્યુઆરીમાં જીનોમ ઈન્ડિયા પ્રોજેક્ટ પર બોલતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે 'PM રિસર્ચ ફેલોશિપ સ્કીમ પીએચડી અભ્યાસ દરમિયાન રિસર્ચ કરવા માટે લાગુ કરવામાં આવી છે.' આ યોજના અંગે નવી માહિતી આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરાત કરી છે કે આગામી ૫ વર્ષમાં ૧૦,૦૦૦ નવી ફેલોશિપ આપવામાં આવશે.

PMRF સ્કીમ પસંદગીના વિદ્યાર્થીઓને IIT, IISc અને IISER માં પીએચડી પ્રોગ્રામ્સમાં સીધો પ્રવેશ પૂરો પાડે છે. જે દર મહિને ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ સુધીની છે.

પ્રથમ વર્ષ - દર મહિને ૭૦,૦૦૦

બીજા વર્ષ - દર મહિને ૭૦,૦૦૦

ત્રીજું વર્ષ - દર મહિને ૭૫,૦૦૦

ચોથું વર્ષ - દર મહિને ૮૦,૦૦૦

પાંચમું વર્ષ - દર મહિને ૮૦,૦૦૦

દરેક વિદ્યાર્થીને પ્રતિ વર્ષ ૨ લાખ (પાંચ વર્ષ માટે ૧૦ લાખ સુધી)ની રિસર્ચ ગ્રાન્ટ પણ મળે છે.

તાજેતરમાં, આ યોજના દેશની તમામ માન્ય સંસ્થાઓ/યુનિવર્સિટીઓના પાત્ર વિદ્યાર્થીઓ માટે ખોલવામાં આવી છે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) અને સેન્ટ્રલી ફંડેડ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ્સ (CFTIs) સાથે સંલગ્ન સંસ્થાઓમાં M.Tech કરી રહેલા તમામ વિદ્યાર્થીઓને ૧૨,૪૦૦ની માસિક ફેલોશિપ આપવામાં આવે છે.

જાણો શું શું આપ્યું રાજ્યને?

બિહાર ઉપર સૌથી વધુ મહેરબાન મોદી સરકાર

નવી દિલ્હી, તા. ૧

બિહારને બજેટથી બચાવવામાં વ્યસ્ત મોદી સરકારે ૭ મોટી જાહેરાતો કરી છે. આ જાહેરાતો દ્વારા બિહારના વિવિધ વિસ્તારો પ્રભાવિત થયા છે. જ્યાં પટના એરપોર્ટ અને આઈઆઈટીના વિસ્તરણની વાત કરીને બિહારના મગધને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મિથિલાંચલનું સંચાલન માખાના બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. વેસ્ટને કોસી કેનાલ અને શાહબાદ દ્વારા બિહતા દ્વારા સીમાંચલના લોકોને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. મોદી સરકારની આ જાહેરાતોને આ વર્ષના અંતમાં યોજાનારી ચૂંટણી સાથે જોડવામાં આવી રહી છે. બિહારમાં ચૂંટણીના વર્ષમાં વિશેષ દરજ્જાની માંગ ચર્ચામાં છે. ચૂંટણીનું વર્ષ હોવાથી પક્ષો પણ આ મુદ્દો ઘણો ઉઠાવી રહ્યા છે. એક સમયે નીતિશ પોતે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગ કરી રહ્યા હતા. કેન્દ્રએ બિહારને વિશેષ દરજ્જો નથી આપ્યો, પરંતુ ૭ મોટી જાહેરાતો કરીને નીતિશનો રસ્તો ચોક્કસથી સરળ કરવાનો પ્રયાસ કર્યો છે. નીતીશ કેન્દ્ર સરકારમાં મુખ્ય હિસ્સેદાર છે. આ સાથે જ બિહારમાં કેન્દ્રની સત્તારૂઢ ભાજપે નીતિશના ચહેરા પર બિહારની ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

મિથિલાંચલથી સીમાંચલ સુધી ૭ મોટી જાહેરાતો

● બજેટ રજૂ કરતી વખતે નિર્મલા સીતારમણે કહ્યું છે કે મખાના બોર્ડની રચના કરવામાં આવશે. બોર્ડ મારફત માખાના વ્યવસાયને સુલભ બનાવવામાં આવશે. તેમજ આ માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

● IIT પટનાનું વિસ્તરણ થશે.વિસ્તરણના ભાગરૂપે નવી સુવિધાઓ ઉમેરવામાં આવશે. આ ઉપરાંત IITની સીટો પણ વધારવામાં આવશે. IIT પટનાની સ્થાપના વર્ષ ૨૦૦૮-૦૮માં કરવામાં આવી હતી.

● બિહારમાં નેશનલ ફૂડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ ખોલવામાં આવશે. તે ક્યાં ખુલશે તેની અંતિમ જાહેરાત હજુ કરવામાં આવી નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે તેને જમુઈ અથવા હાજીપુરમાં ખોલવામાં આવી શકે છે. ફૂડ પ્રોસેસિંગ મંત્રાલય હાલમાં હાજીપુરના સાંસદ ચિરાગ પાસવાન પાસે છે.

● સરકારે પશ્ચિમ કોસી કેનાલના કામ માટે અલગ બજેટની પણ જાહેરાત કરી છે. તેના પૂર્ણ થવાથી બિહારના દરભંગા અને મધુબની વિસ્તારમાં સિંચાઈનું કામ સરળ બનશે. આની માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી છે.

● બિહતા એરપોર્ટના વિસ્તરણની પણ વાત થઈ છે. આ એરપોર્ટ હજુ નિર્માણાધીન છે. અહી આધુનિક સુવિધાઓ પુરી પાડવાનું કહેવામાં આવ્યું છે.

● પટના એરપોર્ટના વિસ્તરણની વાત થઈ છે. પટના બિહારની રાજધાની છે અને ત્યાં આધુનિક સુવિધાઓ સાથેનું એરપોર્ટ બનાવવાની માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી છે.

● બિહારમાં ૩ નવા ગ્રીન ફિલ્ડ એરપોર્ટ બનાવવાની વાત થઈ છે. ભાગલપુર, રાજગીર ઉપરાંત આ એરપોર્ટ સોનપુરમાં પ્રસ્તાવિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નિર્મલાએ કેન્દ્રીય બજેટમાં આની જાહેરાત કરી છે.

● બિહારમાં આ વર્ષના અંતમાં ૨૪૩ વિધાનસભા બેઠકો પર ચૂંટણી યોજાવાની છે. બીજેપી અને નીતીશ કુમારની એનડીએ ઈન્ડિયા એલાયન્સ સાથે સીધી સ્પર્ધામાં છે, ૨૦૨૦ માં, એનડીએ ખૂબ જ નજીકની હરીફાઈમાં જીતી હતી. આ વખતે પ્રશાંત કિશોરની પાર્ટી પણ બિહાર ચૂંટણીને ત્રિકોણીય બનાવવામાં વ્યસ્ત છે

હવાઈ મુસાફરો માટે મોટી જાહેરાત, ૧૨૦ શહેરોમાં શરુ થશે ઉડાન યોજના

નવી દિલ્હી, તા.૧

નાણાંમંત્રી નિર્મલા સીતારમણ સતત આઠમું બજેટ રજૂ કરી રહ્યા છે. આ દરમિયાન તેઓએ ઉડાન યોજના પર એક મોટી જાહેરાત કરી છે. નાણાંમંત્રીએ જણાવ્યું કે, ઉડાન યોજનાથી ૧૨૦ નવા શહેરને જોડવામાં આવશે.

આ યોજના હેઠળ દસ વર્ષમાં ૧૨૦ નવાં એરપોર્ટ બનશે. જેનાથી ૪ કરોડ વધારાના મુસાફરોની ક્ષમતા વિકસિત થશે.

નાણાંમંત્રીએ જણાવ્યું કે, ઉડાનની સફળતાથી પ્રેરિત થઈને એક સંશોધિત યોજના શરુ કરવામાં આવશે. આ યોજના પહાડી, મહત્ત્વાકાંક્ષી અને ઉત્તર-પૂર્વીય પ્રાદેશિક જિલ્લાઓમાં હેલિપેડ અને નાના એરપોર્ટની કાયા પણ બદલી નાખશે. સરકારના આ નિર્ણયનો ફાયદો ૧૨૦ કરોડ લોકોને થશે. આ સાથે જ બિહારમાં એક ગ્રીનફીલ્ડ એરપોર્ટનું પણ નિર્માણ કરવામાં આવશે.

૨૧ ઑક્ટોબર, ૨૦૧૬ના દિવસે RCS (Regional Connectivity Scheme)- ઉડાન અથવા ઉડે દેશ કા આમ નાગરિકની શરુઆત કરવામાં આવી હતી. આ યોજનાનો હેતુ, ભારતમાં જે સ્થળોએ હવાઈ સેવાઓ નથી તેમને હવાઈ સંપર્ક સાથે જોડવાનો હતો. ઉડાનનો કોન્સેપ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન સાથે જોડાયેલો છે. વડાપ્રધાન મોદીએ જાહેરમાં કહ્યું હતું કે, તે ચંપલ પહેરેલા લોકોને વિમાનમાં ચઢતા જોવા ઈચ્છે છે.

આ યોજનાના વિસ્તારથી તમામ આકારોના નવા વિમાનોની માંગ વધી છે. આ યોજના હેઠળ રૂટ્સ પર વિમાનોની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. તેમાં એરબસ ૩૨૦/૩૨૧, બોઈંગ ૭૩૭, એટીઆર ૪૨ અને ૭૨, ડીએચસી ક્યુ ૪૦૦, ટ્વિન ઓટર, એમ્બ્રેયર ૧૪૫ અને ૧૭૫, ટેકનમ પી ૨૦૦૬ટી, સેસના ૨૦૮બી ગ્રાન્ડ કારવાં ઈએક્સ, ડોર્નિયર ૨૨૮, એરબસ એચ ૧૩૦ અને બેલ ૪૦૭ જેવા વિમાન સામેલ છે.

ચામડા ઉદ્યોગ યોજના હેઠળ ૨૨ લાખ નવી નોકરીઓ પેદા કરવાનો લક્ષ્યાંક

નવી દિલ્હી, તા. ૧

કેન્દ્રીય બજેટ ૨૦૨૫ દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સામાન્ય બજેટ રજૂ કર્યું છે. આ બજેટમાં ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. બજેટ રજૂ કરતા પહેલા તેઓ સવારે ૮:૪૫ વાગ્યે તેમના નિવાસસ્થાનેથી નાણા મંત્રાલય પહોંચ્યા. અડધો કલાક સેવામાં રહ્યા પછી, તે રાષ્ટ્રપતિ ભવન ગયા. ત્યાં બજેટની નકલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને સોંપવામાં આવી. અહીં રાષ્ટ્રપતિએ તેમને દહીં અને ખાંડ ખવડાવી. આ પછી તે સંસદ ભવન પહોંચી. અહીં કેબિનેટની બેઠક યોજાઈ હતી. આમાં બજેટ મંજૂર કરવામાં આવ્યું. નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ચામડા ઉદ્યોગ યોજના હેઠળ ૨૨ લાખ નવી નોકરીઓ પેદા કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. સરકાર આ માટે મદદ કરશે. તેમણે એમ પણ કહ્યું કે ભારતીય ભાષા પુસ્તક યોજના શરૂ કરવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમ દ્વારા તેમની પોતાની ભાષામાં પુસ્તકો સમજવામાં મદદ કરવાનો છે.

આ યોજના ચામડા ઉદ્યોગને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોજગાર, અને પર્યાવરણીય ચિંતાઓ દૂર કરવામાં મદદ કરશે. ચામડા ઉદ્યોગ યોજનાનો ઉદ્દેશ ૨૨ લાખ નવી નોકરીઓનું સર્જન કરવાનો છે.

સરકાર આ માટે મદદ કરશે. નાણામંત્રીએ કહ્યું કે ભારતીય ભાષા પુસ્તક યોજના શરૂ કરવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમ દ્વારા તેમની પોતાની ભાષામાં પુસ્તકો સમજવામાં મદદ કરવાનો છે.

બજેટ ૨૦૨૫-૨૬: SC/ST મહિલાઓ માટે નવી સ્કીમ શરુ થઈ

નવી દિલ્હી, તા. ૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૫માં અનુસૂચિત જાતિ અને જનજાતિ વર્ગની ૫ લાખ મહિલાઓ માટે એક નવી સ્કીમની જાહેરાત કરી છે. આ સ્કીમ અંતર્ગત પહેલી વાર ઉદ્યમી બની રહેલી સમાજની મહિલાઓને ૫ વર્ષના ગાળામાં ૨ કરોડ રુપિયાનો ટર્મ લોન આપવામાં આવશે. આ સ્કીમમાં સ્ટેંડઅપ ઈંડિયા સ્કીમથી મળેલી શીખામણને પણ સામેલ કરવામાં આવશે. બિઝનેસને ઓનલાઈન કેવી રીતે આગળ વધારવો અને મેનેઝિરિયલ સ્કીલ્સને ડેવલપમેન્ટ કરવા માટે વર્કશોપનુ આયોજન કરવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું કે, વધારે શ્રમવાળા ક્ષેત્રોમાં રોજગારના અવસર અને ઉદ્યમિતા વધારવા માટે સરકાર ખાસ પોલિસી બનાવશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે ૧૦ લાખ કરોડનું રોકાણ કરાશે

નવી દિલ્હી, તા. ૧

નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભામાં દેશનું સામાન્ય બજેટ રજૂ કરી રહ્યા છે. મોદી ૩.૦નું આ પહેલું સામાન્ય બજેટ છે. નાણામંત્રીએ તેમના બજેટ ભાષણ દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે મોટી જાહેરાત કરી છે. જેમાં તેમના દ્વારા રૂ.૧૦ લાખ કરોડનું રોકાણ કરવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું છે. જેના કારણે આ ક્ષેત્રમાં આગામી દિવસોમાં મોટાપાયે રોજગારી વધાવની સંભાવનાઓ જોવા મળશે. આ ઉપરાંત નાણામંત્રીએ તેમના બજેટ ભાષણ દરમિયાન નવા આવકવેરા બિલની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આ બિલ આવતા અઠવાડિયે રજૂ કરવામાં આવશે. આ બિલ લાગુ થયા બાદ આવકવેરો ભરવાનું પણ સરળ બનશે. KYCની પ્રક્રિયાને પણ સરળ બનાવવામાં આવશે.

આપને જણાવી દઈએ કે સરકાર નવા ટેક્સ પ્રણાલીને શક્ય તેટલો પ્રમોટ કરવા માંગે છે, હાલમાં આવકના માળખામાં સંભવિત ફેરફારોની અટકળો ચાલી રહી હતી. બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી આવકવેરાના સ્લેબમાં કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી શકે છે. તેમની આ જાહેરાતો મધ્યમ વર્ગ અને કામ કરતા લોકો માટે સારા સમાચાર સાબિત થઈ શકે છે. નવા સ્લેબ હેઠળ ટેક્સના દરોમાં પણ કેટલાક સુધારા કરવામાં આવે તેવી અપેક્ષા છે. જો આમ થશે તો કરદાતાઓ પર ટેક્સનો બોજ ઓછો થશે અને લોકો પાસે વધુ પૈસા બચશે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ જાહેર કરી રહ્યા છે. તેમણે શરૂઆતમાં જ ખેડૂતો માટે મોટી જાહેરાત કરી છે. જેમાં કપાસ માટે ૫ વર્ષનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બિહાર માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. જેમાં બિહારમાં મખાના બોર્ડની રચના કરવાની જાહેરાત કરાઈ છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આજે વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ બજેટ સ્પીચ ચાલુ કરતાની સાથે સંસદમાં વિપક્ષો દ્વારા હંગામો શરૂ કરવામાં આવ્યો છે. વિપક્ષી સાંસદોએ સદનમાંથી વોક આઉટ કર્યું છે.

Rajkot Municipal Corporation

:: e-Tender Notice ::

5th Attempt

Rajkot Municipal Corporation, Water Works Department, Dr. Ambedkar Bhavan, Central Zone, Room No.-6, 2nd Floor, Dhebarbhai Road, Rajkot-360001, from the experienced contractors registered Class / Equivalent Class in GWSSB / State Government / Central Government for following works, under Rajkot Water Works Project

Sr.No.	Name of Work
1	ADDITIONAL, ALTERATION AND MISCELLANEOUS REPARING WORK AT RAIYADHAR WTP, WEST ZONE, RAJKOT (5th Attempt). (a)Estimate cost in Rs. 97,06,000/- (b)Amount of EMD. Rs. 97,100/- (c)Tender Fee Rs. 3000/-
2	ADDITIONAL, ALTERATION AND MISCELLANEOUS REPARING WORK AT Ghanteshwar WTP, FCI ESR, SRP Headworks and Nyara Sump, WEST ZONE, RAJKOT (5th Attempt). (a)Estimate cost in Rs. 1,04,10,120/- (b)Amount of EMD. Rs. 1,04,200/- (c)Tender Fee Rs. 4,500/-

A Pre-Bid Meeting will be held on **10-02-2025** at **11:30** Hours for the work at ACE-WW office-Central Zone RMC. The dates for downloading and online submission eTender at www.rmc.nprocure.com is **04-02-2025 to Dt. 18-02-2025** up to 17.00 and 18.00 Hours respectively.

Sd/-

ADDI. CITY ENGINEER

WW PROJECTS – RMC

સીઆરપીએફ ઓફિસર પૂનમ ગુપ્તા રાષ્ટ્રપતિ ભવનમાં લગ્ન કરશે, તૈયારીઓ શરુ થઈ

નવીદિલ્હી,તા.૧

દેશના સૌથી પ્રતિષ્ઠિત સ્થળ રાષ્ટ્રપતિ ભવનમાં પહેલી વાર સીઆરપીએફની એક મહિલા અધિકારી લગ્ન કરવા જઈ રહી છે. ભવનમાં પીએસઓ તરીકે તૈનાત સીઆરપીએફની મહિલા સહાયક કમાન્ડેંટ ૧૨ ફેબ્રુઆરીના રોજ જમ્મુ કાશ્મીરમાં તૈનાત એક સહાયક કમાન્ડેંટ સાથે લગ્ન કરશે.

રાષ

રિલાયન્સ મહાકુંભમાં લાખો યાત્રાળુઓની સેવામાં સમર્પિત

પ્રયાગરાજ તા.૧:

ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર જળના પ્રયાગરાજના સંગમ તટે લાખો લોકો મહાકુંભ ૨૦૨૫ની આધ્યાત્મિક યાત્રાએ આવી રહ્યા છે. સ્વ-ની શોધ અને દૈવી કૃપા માટે જીવનમાં એકવાર આવેલી આ યાત્રારૂપી તક ઘણા લોકો માટે પડકારરૂપ બની શકે છે. આ સ્થિતિને ધ્યાને રાખીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે 'તીર્થ યાત્રી સેવા' શરૂ કરી છે, જે યાત્રાળુઓની યાત્રાને સરળ બનાવવા તેમજ તેમની સુખાકારી સુનિશ્ચિત કરવા માટેની એક વ્યાપક પહેલ છે.

પોતાની વી કેર ફિલસૂફી દ્વારા માર્ગદર્શન પામીને રિલાયન્સ યાત્રાળુઓને પૌષ્ટિક ભોજન અને આવશ્યક આરોગ્ય સંભાળથી લઈને સુરક્ષિત પરિવહન અને સીમલેસ કનેક્ટિવિટી સુધીની અનેક સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

''એવું કહેવાય છે કે જ્યારે આપણે તીર્થયાત્રીઓની સેવા કરીએ છીએ ત્યારે આપણને પણ આશીર્વાદ મળે છે. આધ્યાત્મિક યાત્રા પર ગયેલા યાત્રીઓ માટે અમારી સેવાઓ, સહસ્ત્રાબ્દીમાં એક વખત આવતા આ પ્રસંગમાં અહીં આવનારા લોકોમાંથી સૌથી વધુ જરૂરિયાતમંદ લોકોની જરૂરિયાતો પૂરી કરવાનો હેતુ ધરાવે છે, '' તેમ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યું હતું. ''અમે અમારી 'વી કેર' ફિલસૂફીમાં માનીએ છીએ. વિશ્વના સૌથી મોટા ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગ એવા મહાકુંભમાં લાખો યાત્રાળુઓના સ્વાસ્થ્ય, કલ્યાણ અને સલામતીને સક્ષમ બનાવવા અને તેમની મુસાફરીને વધુ સુરક્ષિત, અનુકૂળ અને સરળ બનાવવાની અમને મળેલી આ તક છે.''

૧. આત્માની તૃપ્તિ (અન્ન સેવા) વ્યક્તિની દૈનિક જરૂરિયાતના ભાગરૂપે રિલાયન્સ તેના અન્ના સેવા કાર્યક્રમ દ્વારા દરરોજ હજારો યાત્રાળુઓને ગરમ અને પૌષ્ટિક ભોજન પૂરું પાડે છે. રિલાયન્સના સ્વયંસેવકો વિવિધ અખાડાઓમાં મફત ભોજન અને પાણીની વ્યવસ્થા પૂરી પાડી રહ્યું છે. વી કેર ભાવનાને જાળવી રાખીને, તેઓ શક્ય બને એ રીતે દરેક તીર્થયાત્રીઓને સક્રિયપણે મદદ કરી રહ્યા છે.

૨. સ્વાસ્થ્ય સંભાળની સર્વગ્રાહી સુવિધા: યાત્રાળુઓના સ્વાસ્થ્ય અને સલામતીની ખાતરી કરવી સર્વોપરી છે. રિલાયન્સ ફાઉન્ડેશન ૨૪૭ તબીબી સંભાળ પૂરી પાડે છે જેમાં પુરૂષો અને મહિલાઓના વોર્ડ, ઓપીડી અને ડેન્ટલ સેવાઓ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. મહિલા યાત્રાળુઓની અનન્ય જરૂરિયાતોનું ધ્યાન રાખીને રિલાયન્સ મફત સેનિટરી નેપકિનનું પણ વિતરણ કરી રહ્યું છે.

૩. યાત્રાને સુવિધાજનક બનાવવી: વૃદ્ધો અને મર્યાદિત ગતિશીલતા ધરાવતા લોકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને ધ્યાને રાખીને રિલાયન્સે કુંભ મેળાના મેદાનમાં અનુકૂળ પરિવહન માટે ઇલેક્ટ્રિક વાહનો અને ગોલ્ફ કાર્ટ પૂરા પાડ્યા છે.

આ ઉપરાંત, પ્રયાગરાજથી સંગમ સુધી સમર્પિત વાહનવ્યવહારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જે તમામ તીર્થયાત્રીઓને આવન જાવનની આસાન સુવિધા પૂરી પાડે છે.

૪. પવિત્ર જળમાં પણ સુરક્ષાનો બંદોબસ્ત: પવિત્ર જળમાં ડૂબકી લગાવવા જતા યાત્રાળુઓની તેમજ બોટમેન અને જલ પોલીસની સલામતી સુનિશ્ચિત કરવા માટે રિલાયન્સ જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી પવિત્ર નદીમાં ચાલતી હોડીઓમાં લાઇફ જેકેટ્સ પૂરા પાડે છે અને સલામતીનાં પગલાંને મજબૂત બનાવે છે.

૫. આરામદાયક રેસ્ટ ઝોન: રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે (આરસીપીએલ) કેમ્પા આશ્રમોની સ્થાપના કરી છે - યાત્રાળુઓને તેમની મુસાફરી દરમિયાન સુવિધાજનક અને આરામદાયક જગ્યા પૂરી પાડવા માટે આરામ કક્ષ તૈયાર કરાયા છે

૬. સ્પષ્ટ દિશાસૂચન: તીર્થયાત્રીઓને કુંભના સ્થળના વિશાળ વિસ્તારમાં વિહરવામાં સરળતા રહે તે માટે સમગ્ર કુંભ મેળાના મેદાનમાં સ્પષ્ટ અને સરળતાથી વાંચી શકાય તેવા સંકેતો સાથે દિશાસૂચક બોર્ડ લગાવવામાં આવ્યા છે.

૭. વધુ બહેતર કનેક્ટિવિટી: જિયોએ પ્રયાગરાજમાં નવા ૪ અને ૫ બીટીએસ ઇન્સ્ટોલ કરીને હાલના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરીને અને મહત્વપૂર્ણ સ્થાનો પર ટ્રાન્સપોર્ટેબલ ટાવર અને નાના સેલ સોલ્યુશન્સ ગોઠવીને નોંધપાત્ર રીતે કનેક્ટિવિટીમાં વધારો કર્યો છે. બધા માટે સીમલેસ કમ્યુનિકેશન સુનિશ્ચિત કરવા માટે મુખ્ય વિસ્તારોમાં નવા ઓપ્ટિકલ ફાઈબર નાખવામાં આવ્યા છે.

૮. સુરક્ષાકર્મીઓ માટે સહાય: પોલીસની અમૂલ્ય સેવાને ધ્યાને રાખીને રિલાયન્સ પોલીસ બૂથ્સમાં પર પાણી પૂરું પાડે છે અને તમામ મુલાકાતીઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બેરિકેડ્સ અને વૉચ ટાવર સાથેના તેમના પ્રયાસોમાં પણ મદદ પૂરી પાડે છે.

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ તેમજ આર.ટી.ઓના સંયુક્ત ઉપક્રમે 'માર્ગ સલામતી માસ'ની ઉજવણી

માર્ગ સલામતી માસ અંતર્ગત ૨૧ હજારથી વધુ લોકોને સેફ ડ્રાઈવિંગ અંગે જાગૃત કરાયા

રાજકોટ તા. ૦૧:

સમગ્ર દેશ અને રાજ્યમાં વાહન અકસ્માતનું પ્રમાણ ઘટે અને લોકો માર્ગ સલામતી બાબતે જાગૃત બને તે માટે 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ'ની ઉજવણીનો પ્રારંભ ગત ૧લી જાન્યુઆરીથી કરવામાં આવ્યો હતો. જેના ઉપક્રમે રાજ્ય સરકારની ગાઈડલાઈન્સ મુજબ રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ તેમજ આર.ટી.ઓ.ના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો, મોટર વ્હીકલ એક્ટ ભંગ સંબંધી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

રાજકોટ આર.ટી.ઓ.શ્રી કેતન ખપેડ, રોડ સેફ્ટી કાઉન્સિલના શ્રી જે.વી.શાહ અને તેમની ટીમ દ્વારા ગત જાન્યુઆરી માસ દરમ્યાન રોડ સેફ્ટી મહિનાની ઉજવણી રાજકોટ પોલીસ સાથે રહીને કરવામાં આવી હતી. જેમાં સ્કૂલ, કોલેજ, અને જાહેર જનતાને રોડ સેફ્ટી બાબતે કાર્યક્રમો કરી માહિતગાર કરવામાં આવ્યા હતાં. સાથોસાથ વાહન અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ લોકોને હોસ્પિટલ પહોંચાડવા પ્રેરણા પુરી પાડતાં ગૂડ સમરિટર્ન, હિટ અને રન યોજના સમજાવવામાં આવી હતી.

આર.ટી.ઓ. અને ટ્રાફિક પોલીસ દ્વારા જુદી જુદી શાળા કોલેજ મળીને કુલ ૨૧,૭૯૦ લોકોને રોડસેફ્ટી બાબતે જનજાગૃતિ અર્થે માહિતગાર કરાયા હતાં. લોકોને માહિતીપ્રદ ૭,૧૬૦ રોડ સેફ્ટી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ટ્રાફિક અવેરનેસ સંબંધી ડ્રોઈંગ, વક્તૃત્વ, પ્રોજેક્ટ સ્પર્ધા યોજવામાં આવી હતી. રાત્રે વાહન અકસ્માત ઘટે તે માટે વાહનો પાછળ રેડિયમ રીફલેકટર જરૂરી હોઈ વિભાગ દ્વારા કુલ ૬૦૬ વાહનો પાછળ સ્ટાફની મદદથી રીફલેકટર મૂકવાની કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત ટુવ્હિલર, ફોરવ્હીલર, થ્રીવ્હીલર અને ટ્રાન્સપોર્ટ જેવા કુલ ૬૦૦થી વધુ વાહનોની યાંત્રિક તપાસણી હાથ ધરાઈ હતી. વિભાગ દ્વારા આયોજિત હેલ્મેટ રેલીમાં ૩૦૦ જેટલા ટુ વ્હીલર ચાલકો જોડાઈ રોડ સેફ્ટીનો સંદેશો ફેલાવ્યો હતો.

આ ઉપરાંત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા ભયજનક રીતે વાહન ચલાવવું, હેલ્મેટ, સીટબેલ્ટ, ઓવર લોડ, વાઇટ લાઈટ એલ.ઇ.ડી., ઓવરસ્પીડ, પી.યુ.સી, ફિટનેસ, ડ્રાઇવિંગ લાયસન્સ સહિતની ચેકીંગ કામગીરી હાથ ધરી નિયમભંગ બદલ ૯૧૪ કેસ કરવામાં આવ્યા હતા, જેની રૂ. ૩૧,૦૯,૬૮૪ ની દંડનીય કામગીરી હાથ ધરાઈ હોવાનું શ્રી ખપેડે જણાવ્યું છે.

જનજાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમો પૈકી રીક્ષા ચાલકોને માર્ગ સલામતી બાબતે સેમિનાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રાઉન્ડમા એસ.ટી.ના ડ્રાઈવર અને કન્ડકટર સાથે રોડ સેફ્ટી સેમિનાર, આંગણવાડી તેડાગર ખાતે રોડ સેફ્ટી સેમિનાર, ગૌરીદડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ, રાજકોટ જિલ્લાના વાહન વિક્રેતાઓ સાથે રોડ સેફ્ટી સેમિનાર, પડધરી ટોલ પ્લાઝા ખાતે વાહનોને રેડિયમ લગાડી રોડ સેફ્ટી સેમિનાર, ગ્રીન લેન્ડ ચોકડી, નવાગામ તેમજ માલિયાસણ રાજકોટ મકરસંક્રાતિને ધ્યાને રાખી ટુ-વ્હીલરના આગળના ભાગે સેફ્ટીગાર્ડ, પોસ્ટર, બેનર તેમજ પેમ્ફલેટ પ્રદર્શિત કરી લોકોને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન, આજીડેમ ચોકડી ખાતે પસાર થતાં વાહનને રેડીયમ રિફલેકટર લગાવવા, ગોંડલ હાઈવે ખાતે રોડ સેફ્ટી સેમિનાર, નવાગામ, રાજકોટ ખાતે ભારે વાહનચાલકોને માર્ગ સલામતી અંગેની સમજ, હેવી વાહનોની યાંત્રિક તપાસણી, સરકારી કચેરી બહુમાળી ભવન, રાજકોટ ખાતે હેલ્મેટ ડ્રાઇવ, માધાપર ચોકડી રાજકોટ શહેર તથા ઓટોરીક્ષા વગેરે વાહનોની યાંત્રિક તપાસણી અંગેનો રોડ સેફ્ટી કાર્યક્રમ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે હેલ્મેટ ડ્રાઇવ, રાજકોટ શહેર ખાતે લાઇટ્સ અને સિગ્નલ, હેડલાઇટ, ટેઇલ લાઇટ, ટર્ન સિગ્નલ અને બ્રેક લાઇટની કાર્યક્ષમતા અંગેનો રોડ સેફ્ટી કાર્યક્રમ, સરકારી ઓફિસ ગવર્મેન્ટ, પોલિટેકનિક, આજી ડેમ ચોકડી પાસે હેલ્મેટ અંગે ડ્રાઇવ, રાજકોટ આર.ટી.ઓ કચેરી અને નહેરુ યુવા કેન્દ્ર દ્વારા રોડ સેફ્ટી બાબતે અવેરનેસ કાર્યક્રમ, ગોંડલ રોડ પાસે આવેલ શક્તિમાન કંપનીમા રોડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ, રાજકોટમાં જિલ્લા કક્ષાના ૭૬માં પ્રજાસતાક દિનની ઉજવણી કોટડા સાંગાણી રોડ સેફ્ટી કાર્યક્રમ, આજીડેમ ચોકડી, રાજકોટ ખાતે વાહનોમાં રિફલેકટર પટ્ટી તથા રેડીયમ સ્ટ્રીપ લગાવવા તેમજ સોખડા ચોકડી ખાતે રોડ સેફ્ટી અંગે મોક ડ્રીલ સહિતના વિવિધ કાર્યક્રમો યોજી વધુનેવધુ લોકોને માર્ગ સલામતી માસની યથાર્થ ઉજવણી આર.ટી.ઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી હતી.

યા દેવી સર્વ ભુતેષુ વિદ્યા રૂપેણ સંસ્થિતા આજે વસંત પંચમી : માં સરસ્વતી વંદના

રાજકોટ, તા.૧:દર વર્ષે માઘ મહિનામાં વસંત પંચમીનો તહેવાર ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુ, કૃષ્ણ, રાધા અને માતા સરસ્વતીને પીળા રંગના વસ્ત્રો અને ફૂલોથી શણગારીને ગુલાલ, ધૂપ-દીપ અને જળ અર્પણ કરીને તેમની પૂજા કરવામાં આવે છે. વસંત પંચમીનો તહેવાર સરસ્વતી પૂજા, પંચમી, જ્ઞાન પંચમી તરીકે પણ ઓળખાય છે.

હિંદુ સંસ્કૃતિમાં વસંત પંચમીનો દિવસ તે વસંત ઋતુનો પ્રથમ દિવસ ગણવામાં આવે છે. એટલે કે આ દિવસથી વસંત ઋતુની શરૂઆત થાય છે. આ દિવસને લઈને આવી માન્યતા છે કે આ દિવસે માતા સરસ્વતીની પૂજા કરવાથી બધી મનોકામના પૂરી થાય છે. શિક્ષણ ક્ષેત્રે સાથે જોડાયેલા લોકો માટે આ દિવસ વિશેષ મહત્વનો છે. વસંત પંચમીનો તહેવાર માઘ મહિનાના શુકલ પક્ષની પાંચમના દિવસે ઉજવવામાં આવે છે. તમામ છ ઋતુઓમાં વસંતઋતુરાજ તરીકે ઓળખાય છે. એવુ માનવામાં આવે છે કે માતા સરસ્વતીનો જન્મ વસંત પંચમીના દિવસે થયો હતો, તેથી આ દિવસે તેમની પૂજા કરવામાં આવે છે. આ દિવસને શિક્ષણ કે નવી કલાની શરૂઆત કરવા માટે શુભ માનવામાં આવે છે. વસંત પંચમીને દિવસે વસંત રાગ ગાવાનું ખૂબ મહત્વ છે. વસંત રાગ ગાવાથી જીવનમાં પ્રસન્નતા થાય છે. ગીતાજીના દસમાં અધ્યાયમાં કૃષ્ણ ભગવાન એમ કહે છે કે, ઋતુનામ કુસુમાકર અર્થાત ઋતુઓમાં વસંતઋતુ હું છું. આમ, વસંત ઋતુ એ ભગવાનનું સ્વરૂપ છે. વિદ્યાર્થીઓ આ દિવસે માતા સરસ્વતીની પૂજા-આરાધના કરે છે અને તેમના આશિર્વાદ મેળવે છે. યા દેવી સર્વભૂતેષુ વિદ્યારૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યે નમસ્તસ્યે નમસ્તસ્યે નમો નમ: સરસ્વતી નવમસ્તુંભ્યમ વરદે કામરૂપીણી જેવા મંત્રો સાથે આવતીકાલે માં સરસ્વતીનું પૂજન-અર્ચન થશે.

ISO 9001:2015 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૩૮૦૮ પોઈન્ટ ઉપર તેજી યથાવત રહેશે..!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!! તા.૦૧.૦૨.૨૦૨૫ ના રોજ...

બીએસઇ સેન્સેક્સ - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૭૭૫૦૦ સામે ૭૭૬૩૭ પોઈન્ટના મથાળેથી ખુલીને ૭૭૦૦૬ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૮૯૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૭૫૦૫ પોઈન્ટ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

નિફ્ટી ફ્યુચર - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૩૬૨૦ સામે ૨૩૫૮૪ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૩૪૨૨ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...સરેરાશ ૨૯૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૬૪ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૫૫૫ પોઈન્ટ બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...

નાણામંત્રીએ રજૂ કરેલું કેન્દ્રીય બજેટમાં ઈન્કમટેક્સ સ્લેબમાં મોટા ફેરફારોની જાહેરાતના પગલે ભારતીય શેરબજારમાં ભારે બે તરફી અફડાતફડીના અંતે ફ્લેટ બંધ રહ્યા હતા. એફએમસીજી, રિયાલ્ટી, ઓટોમાં આકર્ષક ખરીદી જોવા મળી હતી, જ્યારે પાવર, મેટલ, કેપિટલ ગુડ્સ, એનર્જી, પીએસયુ શેરોમાં કડાકો નોંધાયો હતો. માર્કેટમાં એકંદરે ઘટાડાના માહોલ વચ્ચે રોકાણકારોની મૂડી અંદાજીત ૨૬ હજાર કરોડ ઘટી હતી. બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૪૯% ઘટીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૮% વધીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર રિયલ્ટી, એફએમસીજી, કન્ઝ્યુમર ડિસ્ક્રીશનરી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો, સર્વિસસ, ટેલિકોમ્યુનિકેશન અને હેલ્થકેર શેરોમાં લેવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૦૩૭ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૮૨૯ અને વધનારની સંખ્યા ૨૦૮૧ રહી હતી, ૧૨૭ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૬ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૯ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં ઝોમેટો લિ. ૭.૧૭%, મારુતિ સુઝુકી ૪.૯૮%, આઈટીસી હોટેલ્સ ૪.૭૧%, આઈટીસી લી. ૩.૩૩%, મહિન્દ્રા મહિન્દ્રા ૨.૯૬%, એશિયન પેઈન્ટ ૨.૧૬%, ટાઈટન કંપની ૧.૮૧%, ઇન્ડસઇન્ડ બેન્ક ૧.૭૬%, બજાજ ફાઈનાન્સ ૧.૪૭%, હિન્દુસ્તાન યૂનિલિવર ૧.૪૫%, એકસિસ બેન્ક ૧.૨૪% અને બજાજ ફિનસર્વ ૦.૯૮% વધ્યા હતા, જ્યારે પાવર ગ્રીડ કોર્પોરેશન ૩.૭૧%, લાર્સન એન્ડ ટુબ્રો ૩.૩૬%, એનટીપીસી લી. ૨.૦૪%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૦૩%, એચસીએલ ટેકનોલોજી ૧.૮૭%, ટેક મહિન્દ્ર ૧.૭૧%, ઇન્ફોસિસ લી. ૧.૫૦%, અદાણી પોર્ટ ૧.૪૭%, ટાટા સ્ટીલ ૧.૨૬%, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા ૦.૯૧%, ટીસીએસ લી. ૦.૮૬%, એચડીએફસી બેન્ક ૦.૫૫% અને ૦.૨૬% ઘટ્યા હતા.

બજારની ભાવિ દિશા.... મિત્રો, દેશના નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમણ દ્વારા સતત આઠમી વખત બજેટ રજૂ કરીને ઈતિહાસ રચી દીધો હતો. આ બજેટ ગરીબો માટે, યુવાનોની રોજગારીની તકો ઊભી કરવા, કૃષિ ક્ષેત્રે અને નારી સશક્તિકરણ પર કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ઈન્સ્યોરન્સ, ફાર્મા, હેલ્થકેર, એજ્યુકેશન, ઈન્ફ્રાસ્ટ્રકચર, ટુરિઝમ, પોર્ટ કનેક્ટીવીટી, ઉડાન, ઈન્વેસ્ટમેન્ટ અને નિકાસ પર પણ મહત્તમ સુધારા જાહેર કરવામાં આવ્યા હતા.

બજેટમાં બિહાર પર અનેક યોજનાઓ જાહેર કરવામાં આવી. જેમાં બિહારમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટની સુવિધા આપવાની જાહેરાત કરાઈ છે. પટણા એરપોર્ટને પણ વિકસિત કરાશે. આ સાથે મિથિલાંચલમાં સિંચાઈ યોજના ઊભી કરવામાં આવશે. આ પહેલા અહીં મખાના ઉદ્યોગ માટે બોર્ડની રચના કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. વીમા ક્ષેત્રમાં ૧૦૦% એફડીઆઈની જાહેરાત કરવામાં આવી હતી. જેના પગલે વીમા ક્ષેત્રમાં સ્પર્ધા વધશે, ગ્રાહકોને વધુ વિકલ્પો મળશે, વિદેશી કંપનીઓ દ્વારા રોકાણ વધશે, પ્રીમિયમ સસ્તું થઇ શકે છે તેમજ વધુ સારું કવરેજ મળી રહેશે.

આ ઉપરાંત પર્સનલ ટેક્સમાં મિડલ ક્લાસને ધ્યાનમાં રાખીને ખૂબ સારો બેનિફિટ જાહેર કરવામાં આવ્યો. જેમાં ખાસ કરીને ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્ત કરવાની જાહેરાત કરીને નાણામંત્રીશ્રીએ સૌને ચોંકાવી દીધા હતા. આ નિર્ણયનો ખાસ લાભ દેશના મધ્યમવર્ગ અને નોકરિયાત વર્ગને થશે. આ સાથે ખેડૂતો, શિક્ષણ, મત્સ્ય ઉદ્યોગ, ઈલેક્ટ્રોનિક ક્ષેત્ર માટે પણ ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી હતી. જેમાં દેશના ગ્રોથનું મહત્ત્વનું એન્જિન એમએસએમઈ માટે ખાસ જાહેરાતો કરવામાં આવી છે ત્યારે હવે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું કેન્દ્રીય બજેટ હાલના પડકારોને પૂરતા પ્રતિસાદ આપનારું બની રહેશે કે કેમ તે જોવાનું રહ્યું.

તા.૦૧.૦૨.૨૦૨૫ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

● તા.૦૧.૦૨.૨૦૨૫ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ૨૩૫૫૫ પોઈન્ટ - આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૩૩૭૩ પોઈન્ટના પ્રથમ અને ૨૩૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૩૬૦૬ પોઈન્ટ થી ૨૩૭૩૭ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૨૩૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

● તા.૦૧.૦૨.૨૦૨૫ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ૪૯૭૬૮ પોઈન્ટ - આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૪૯૪૭૪ પોઈન્ટ પ્રથમ અને ૪૯૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૪૯૯૦૯ પોઈન્ટ થી ૫૦૦૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. બેન્ક નિફ્ટી ફ્યુચરમાં ૫૦૧૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

● ઈન્ફોસિસ લિ. (૧૮૭૩) - ઈન્ફોસિસ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૨૮ ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૮૮ થી રૂ.૧૯૯૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૯૦૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!

● ઓબેરોય રિયલ્ટી (૧૮૨૪) - ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૮૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૭૭૩ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૮૪૪ થી રૂ.૧૮૫૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

● ભારતી એરટેલ (૧૬૨૮) - રૂ.૧૫૯૦ નો પ્રથમ તેમજ રૂ.૧૫૭૩ બીજા સપોર્ટથી ટેલિકોમ - સેલ્યુલર એન્ડ ફિક્સ્ડ લાઇન સર્વિસ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૬૪૩ થી રૂ.૧૬૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!

● એસબીઆઈ લાઈફ (૧૪૫૨) - લાઈફ ઈન્સ્યુરન્સ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૪૬૪ થી રૂ.૧૪૭૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૧૪૦૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

● રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૨૬૭) - રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૨૧૭ સ્ટોપલોસ આસપાસ રિફાઇનરી એન્ડ માર્કેટિંગ સેક્ટરનો આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૨૮૪ થી રૂ.૧૨૯૦ આસપાસ ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!!!

● કોટક મહિન્દ્ર બેન્ક (૧૯૧૫) - ટેકનીકલ ચાર્ટ મુજબ પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૯૩૮ આસપાસ વેચવાલી થકી રૂ.૧૮૯૮ થી રૂ.૧૮૮૦ ના નીચા મથાળે ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૯૫૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો..!!

● એચસીએલ ટેકનોલોજીસ (૧૬૯૮) - રૂ.૧૭૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૭૪૪ ના સ્ટોપલોસે તબક્કાવાર રૂ.૧૬૮૦ થી રૂ.૧૬૬૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૭૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

● ટેક મહિન્દ્ર (૧૬૪૭) - કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૭૦૦ ના સ્ટોપલોસથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૬૨૬ થી રૂ.૧૬૦૮ ના ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

● બાટા ઈન્ડિયા (૧૩૮૨) - ટેકનીકલ ચાર્ટ મુજબ ફૂટવેર સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૪૦૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૭૦ થી રૂ.૧૩૫૫ ના ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૪૩૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

એક્સિસ બેન્ક (૧૦૦૦) - રૂ.૧૦૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૪૦ ના સ્ટોપલોસે આ સ્ટોક રૂ.૯૭૪ થી રૂ.૯૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૦૫૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રીસર્ચ એનાલીસ્ટ અને ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ ના પ્રોપરાઇટર છે

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!

સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં રૂ.૨,૦૯૭ અને ચાંદીમાં રૂ.૨,૨૯૭નો ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૬૫ લપસ્યો

બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ: કોટન-ખાંડી વાયદો રૂ.૭૧૦ ઘટ્યો: નેચરલ ગેસ ઢીલુ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૨૬,

કેન્દ્રીય બજેટ અંગે મોરબી સિરામિક, પેપરમિલ, પોલીપેક અને ઘડિયાળ ઉદ્યોગે આપી પ્રતિક્રિયા

(રવિ નિમાવત દ્વારા) મોરબી તા.૧:

આજે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા કેન્દ્રીય બજેટ રજુ કરવામાં આવ્યું હતું જેમાં મધ્યમ વર્ગને રાહત આપતા ૧૨ લાખ સુધીની આવક મર્યાદામાં છૂટ આપવામાં આવતા ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે ઓદ્યોગિક નગરી મોરબીને બજેટમાં શું મળ્યું ? શું ઉદ્યોગોનો માંગ સંતોષાઈ છે ખરી તેમજ ઉદ્યોગને વેગ મળે તેવી કોઈ જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે કે કેમ તે અંગે સિરામિક, પેપરમિલ, પોલી પેક અને ઘડિયાળ ઉદ્યોગના એસો અગ્રણીઓ સાથે ખાસ વાતચીત કરી તેમની પ્રતિક્રિયા લીધી હતી જેમાં એકંદરે બજેટને ઉદ્યોગકારો સારું ગણાવી રહ્યા છે છતાં મોરબીના ઉદ્યોગને સીધો ફાયદો ના હોવાનું પણ તેઓ જણાવી રહ્યા છે

સિરામિક ઉદ્યોગને ડાયરેક્ટ નહિ છતાં ઇન ડાયરેક્ટ ફાયદો થશે : સિરામિક એસો પ્રમુખ

સિરામિક એસો પ્રમુખ મુકેશભાઈ કુંડારિયાએ જણાવ્યું હતું કે સિરામિક ઉદ્યોગની ગેસને જીએસટીમાં સમાવવા તેમજ એમ બે મુખ્ય માંગણીઓ કરવામાં આવી હતી તે પૂર્ણ કરવામાં આવી નથી જોકે સરકારે ૧૨ લાખ સુધી આવક મર્યાદામાં છૂટ આપી છે જેનાથી મધ્યમ વર્ગની ખરીદ શક્તિમાં વધારો થતા સિરામિક ઉદ્યોગને ઇનડાયરેક્ટ ફાયદો થશે તેમજ સિરામિક એસોના પ્રમુખ હરેશભાઈ બોપલીયાએ જણાવ્યું હતું કે બજેટમાં ૧૨ લાખ સુધીની આવક મર્યાદામાં છૂટ મળતા ફાયદો થશે ઉદ્યોગ સાથે સંકળાયેલા ડાયરેક્ટર અને અન્ય કામદારોની વાર્ષિક આવક ૧૨ લાખ અંદર થતી હોવાથી ફાયદો થશે તેમજ પીએમ આવાસ યોજનામાં સારું બજેટ ફાળવતા ટાઈલ્સ સહિતની પ્રોડક્ટની ડીમાંડ વધશે જેથી ઉદ્યોગને ઇન ડાયરેક્ટ ફાયદો થશે

ઘડિયાળ ઉદ્યોગ માટે હમેશની જેમનો પ્રોફિટ નો લોસ: પૂર્વ પ્રમુખ

મોરબી કલોક એસો પૂર્વ પ્રમુખ શશાંકભાઈ દંગીએ બજેટમાં ઉદ્યોગને ક્યાય કોઈ રાહત કે પ્રોત્સાહન આપવામાં આવ્યું ના હોવાનું જણાવ્યું હતું હમેશની જેમ આ બજેટ પણ નો પ્રોફિટ નો લોસ સમાન રહ્યું છે જોકે આઈટી રીટર્ન ફાઈલમાં આવક મર્યાદામાં ૧૨ લાખ સુધીની કરતા ખરીદ શક્તિમાં વધારો થતા મધ્યમવર્ગીય પરિવારો વધુ ખર્ચ કરશે જેથી ઘડિયાળ અને ગીફ્ટ ઉદ્યોગને ભવિષ્યમાં ફાયદો મળે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો

કેન્દ્ર સરકારનું બજેટ એકંદરે સારું :મોરબી પેપરમિલ એસો પ્રમુખ

બજેટ અંગે મોરબી પેપરમિલ એસો પ્રમુખ શૈલેષભાઈ દેત્રોજાએ જણાવ્યું હતું કે પેપરમિલ માટે ખાસ કાઈ ફાયદાકારક જાહેરાત કરવામાં આવી નથી વેસ્ટ પેપર પર ઈમ્પોર્ટ ડ્યુટી તેમજ કેટલીક પ્રોડક્ટ જેની ઈમ્પોર્ટ ડ્યુટી લગાવવા કરેલી માંગણીઓ સંતોષવામાં આવી નથી જેથી પેપરમિલ માટે નહિ નફો નહિ નુકશાન સમાન બજેટ રહ્યું છે અને એકંદરે બજેટને સારું ગણાવ્યું હતું

પોલીપેક ઉદ્યોગ માટે થોડા દિવસોમાં ચિત્ર સ્પષ્ટ થશે : પ્રમુખ

સૌરાષ્ટ્ર પોલીપેક એસો પ્રમુખ અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે આજે બજેટ રજુ કરાયું છે સારું છે ઇન્કમ ટેક્ષ મર્યાદા વધારી તે ખુબ સારી પહેલ છે પોલીપેક ઉદ્યોગ માટે એક્સપોર્ટ બેનીફીટ અંગે રજૂઆત કરેલ છે જે અંગે આગામી થોડા દિવસોમાં ચિત્ર સ્પષ્ટ થશે હાલ ડોલરનો રેટ ખુબ વધી જતા ઉદ્યોગને થોડું સહન કરવું પડે છે ડોલર રેટ કાબુમાં રહે તો ઉદ્યોગને ફાયદો થશે ઓવરઓલ બજેટને સારું ગણાવ્યું હતું

ગોંડલઃ બીમારીથી કંટાળી વૃદ્ધે ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી

રાજકોટ

ગોંડલના માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલી શ્રીનાથજી સોસાયટીમાં રહેતા વૃદ્ધે પેરેલિસિની બીમારીથી કંટાળી પોતાના ઘરે ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી લીધા નો બનાવ ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયો છે.

બનાવવાની પ્રાસ વિગત મુજબ ગોંડલમાં માર્કેટિંગ યાર્ડ પાછળ શ્રીનાથજી સોસાયટીમાં રહેતા અમૃતલાલ જયંતીભાઈ ટીલવત નામના ૬૭ વર્ષીય વૃદ્ધે પોતાની ઘરે ઘઉં માં નાખવાના ટીકડા પી લેતા તેઓને સારવાર અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડ્યા હતા , જ્યાં ફરજ પરના ડોક્ટરે વૃદ્ધને તપાસી મરણ જાહેર કર્યા હતા, અમૃતલાલ મોતથી પરિવારમાં શોક નું મોજુ ફરી વળ્યું હતું,. પોલીસ તપાસમાં જણાવ્યા મુજબ વૃદ્ધે પેરેલીસીસ ની બીમારીથી કંટાળી જિંદગી ટૂકાવ્યાનો બહાર આવ્યું છે.

વાંકાનેર પાલિકાની ૨૮ બેઠકો માટે ૫૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૧:

સ્થાનિક સ્વરાજની ચુંટણીના પડઘમ વાગી ચુક્યા છે અને મોરબી જીલ્લામાં વાંકાનેર અને હળવદ નગરપાલિકાની ચુંટણી માટે આજે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ફોર્મ ભરવા ઘસારો જોવા મળ્યો હતો જેમાં વાંકાનેર નગરપાલિકાની કુલ ૨૮ બેઠકો માટે ૫૩ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો રજુ કર્યા હતા જોકે હજુ ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચાયા બાદ ચુંટણી ચિત્ર સ્પષ્ટ થશે

સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ હતો ત્યારે વાંકાનેર નગરપાલિકા ચુંટણી માટે ભાજપ અને કોંગ્રેસ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા વાંકાનેર નગરપાલિકામાં કુલ મળીને સાત વોર્ડ આવે છે જેમાં કુલ મળીને ૫૩ આગેવાનોએ ઉમેદવારી પત્રો ભર્યા છે જેમાં વોર્ડ નંબર ૧માં ૪, વોર્ડ નંબર ૨ માં ૧૦, વોર્ડ નંબર ૩માં ૮, વોર્ડ નંબર ૪માં ૧૦, વોર્ડ નંબર ૫ માં ૫ વોર્ડ નંબર ૬ માં ૮ અને વોર્ડ નંબર ૭ માં ૮ ઉમેદવારી પત્રો ભરાયા છે જે ૨૮ પૈકી સાત બેઠકો પર ભાજપના ઉમેદવારો બિન હરીફ વિજેતા થાય તેવી શક્યતાઓ જોવા મળી રહી છે જોકે ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચાયા બાદ ફાઈનલ ચુંટણી ચિત્ર સ્પષ્ટ થશે

રાજકોટઃ ગાંજાના ગુનામાં હનીફ પિજારાને ૧૦ વર્ષની સજા, રૂા.૧ લાખનો દંડ

જંગ્લેશ્વરમાં વર્ષ ૨૦૧૨માં બાથરૂમમાથી ૧૩.૫૦ કિલો ગાંજાનો જથ્થો ડી.સી.બી.એ કબજે કર્યો તો

રાજકોટ

શહેરની જંગ્લેશ્વરની પટેલ સોસાયટીમા વર્ષ ૨૦૧૨માં મકાનમાંથી ઝડપાયેલો ૧૩.૫૦.કિલો ગાજાના ગુનાનો કેસમા ચાલી જતાં અદાલતે હનીફ ઉર્ફે ગની જુસબ પીંજારા ને ૧૦- વર્ષની સજા અને રૂા.૧ લાખનો દડ ફટકારતો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા મેઇન રોડ નજીક જંગલેશ્વરના પટેલ સોસાયટીમાં રહેતો હનીફ ઉર્ફે ગની જુસબ પીંજારા નામનો શખ્સ ગાંજાનું વેચાણ કરતો હોવાની ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને મળેલી બાતમીના આધારે પી.આઈ. ડી.બી.ઝાલા સહિત ના સ્ટાફે તારીખ ૨૬/૧૦/૧૨ ના રોજ દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન મકાનમાંથી રૂપિયા ૧૩.૫ કિલો ગાંજા નો જથ્થો બાથરૂમમાંથી મળી આવતા પોલીસે હનીફ પીંજારાની ધરપકડ કરી હતી. બાદ તપાસ પૂર્ણ થતા હનીફ પીજારાને કર્યો હતો . તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવી હતી.આ કેસ ચાલવા પર આવતા આરોપી તરફે બચાવ લેવામા આવેલો હતો કે, વજનનુ પ્રમાણપત્ર તમામ પ્રકારે શકાસ્પદ છે. પરીક્ષણ અધિકારીએ ગાજા અગેનુ જે પ્રમાણપત્ર આપેલ છે તે આખરી અભિપ્રાય નથી. આ સજોગોમા મુદામાલ ગાજો હોવાનુ સાબિત થતુ નથી સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે, જે માદક પદાર્થ આરોપી હનીફના ઘરેથી પકડાયેલ છે. તે પદાર્થ કોર્ટમા મુદામાલ તરીકે રજુ થયેલ છે. આમ કરવાના બદલે આરોપી તરફે ફક્ત પરીક્ષણની વિધીને શકાસ્પદ જણાવવામા આવે તો તેનાથી મુદામાલ વાળો પદાર્થ ગાજો હોવાનુ નાસાબિત થતુ નથી. આ રીતે મુદામાલવાળો પદાર્થ ગાજો હોવાનુ નાસાબિત કરવાના બદલે પોલીસે તેમને ખોટી રીતે ફસાવી દીધેલ હોવાનુ આરોપી રટણ કરેલ છે. આ સજોગોમા પ્રોસીક્યુશનનો કેસ સાબિત થયેલ હોવાનુ માની મુખ્ય ન્યાયાધીશ વી.બી. ગોહિલ આરોપી હનીફ જુસબ પીજારા (ઉ.વર્ષ.૫૨) ને તકસીરવાન ઠરાવી ૧૦-વર્ષની સખ્ત કેદની સજા અને રૂા. ૧ લાખનો દડ ફરમાવેલો છે.આ કેસમા સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સજયભાઈ કે. વોરા રોકાયેલ હતા.

ચેક રિટર્ન કેસમાં અલખધણી મેટલ્સ પેઢીના વેપારીને એક વર્ષની જેલ

ચેકની રકમ ૧૩.૩૩ લાખના સવાગણું વળતર ચૂકવવા અદાલતનો હુકમ

રાજકોટ તા.૧:

ફેરસ નોન ફેરસ મેટલ ધંધાર્થી પાસેથી બકીમાં કરેલી ખરીદી પેટે આપેલો રૂપિયા ૧૩.૩૩ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં વેપારીને એક વર્ષની સજા અને ચેકની રકમથી સવાગણી રકમ વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ, અડશઠ મેટલ્સ નામથી ફેરસ અને નોનફેરસ મેટલધંધાર્થી પેઢીના ભાગીદાર બીપીનચંદ્ર ધનજીભાઈ ભાલાળા પાસેથી અલખધણી મેટલ્સ પેઢીના માલિક હિતેશ રમેશભાઈ ભુવાએ કરેલી ઉધાર માલની ખરીદી પેટે રૂા. ૧૩,૩૩,૫૭૬/- નો ચેક ઈશ્યુ કરી આપ્યો હતો. જે ચેક ''પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર''ના શેરા સાથે પરત ફરતા હિતેશ ભુવાને લીગલ ડિમાન્ડ નોટીસ પાઠવવા છતાં ડિસઓનર થયેલ ચેકની રકમ નહીં ચુકવતા રાજકોટ કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

આ કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદીએ ફરીયાદ મુજબ દસ્તાવેજી પુરાવાઓ રજૂઆતો અને દલીલો કરીને હકીકતો પુરવાર કરી હતી. જે ધ્યાને લઈ

કોર્ટે નાણાંકીય વ્યવહારમાં દાખલો બેસે અને નાણાંકીય વ્યવહારમાં ચેકની વિશ્વસનિયતા જળવાઈ રહે તેને ધ્યાને રાખી આરોપીને તકસીરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની સવા ગણી રકમ રૂા. ૧૬.૬૭ લાખ વળતર તરીકે દિવસ ૬૦માં ફરીયાદીને ચુકવવામાં કસુર કર્યેથી વિશેષ ત્રણ મહીનાની સજાનો હુકમ ફરમાવેલ છે.આ કામમાં ફરિયાદી વતી એડવોકેટ વિકાસ કે, શેઠ, અલ્પા શેઠ, પ્રકાશ બેડવા, ફાતેમા ભારમલ રોકાયા હતા.

રાજકોટ અકસ્માત સર્જનારને બે વર્ષની સજા અને દંડનો ચુકાદો

ગઢકા ગામના પાટીયા પાસે પીકઅપવાનની અડફેટે માસૂમ બાળકીનુ મોત નીપજ્યું હતું

રાજકોટ તા.૧:

શહેરના ભાવનગર રોડ પર આવેલા આર કે યુનિવર્સિટી સામે ગઢકા ગામના પાટીયા પાસે વાહનની રાહ જોઈ રહેલા પરિવારને પીકઅપ વાને હડફેટે લેતા જેમાં ગંભીર રીતે ઘવાયેલા માસુમ પુત્રીનું મોત નીપજવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલત વાહન ચાલકને બે વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ પ્રવીણભાઈ છગનભાઈ બથવાર સહિતનો પરિવાર ભાવનગર રોડ ઉપર આવેલા આરકે યુનિવર્સિટી પાસે વાહનની રાહ જોઈ રહ્યા હતા ત્યારે એમપી ૧૪ જીસી ૯૬૫ નંબરની પીકઅપ વાને રંજનબેન પ્રવીણભાઈ બથવાર અને તેની પુત્રી કોમલ સહિત બંનેને હડફેટે લેતા સારવાર હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં કીર્તિ ઉર્ફે કોમલ નામની ૧૩ વર્ષથી માસુમનું મોત થયું હતું. આ બનાવમાં પોલીસે પ્રવીણભાઈ છગનભાઈ બથવારની ફરિયાદ પરથી વાહનના ચાલક મધ્યપ્રદેશના બળવંતસિંહ રામસિંહ સિસોદિયા સામે ફેટલ સહિતની અકસ્માતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજુ કરવામાં આવતા કેસની સુનાવણી ચાલવા પર આવી હતી જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે સરકારી વકીલ દ્વારા ફરિયાદી , સાહેદ ,પંચ ,નજરે જોનાર અને તપાસનીસ ને તપાસવામાં આવ્યા હતા. દસ્તાવેજી પુરાવાઓમાં પીએમ રિપોર્ટ, એફએસએલ તેમજ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટકેલા ચુકાદાઓ અને દલીલ ધ્યાને લઇ ન્યાયધીશ આર કે ત્રિવેદી એ બળવંતસિંહ સિસોદિયાને તકસીરવાન ઠેરવી અલગ અલગ કલમ હેઠળ સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. સરકાર પક્ષે સરકારી વકીલ ડી.જે.વસવેલીયા રોકાયા હતા.

મહેસાણાઃહોમિયોપેથી કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીના આપઘાત મામલે મોટા ખુલાસા

પોલીસ તપાસ મુજબ પ્રોફેસર અને પ્રિન્સિપાલ માનસિક ત્રાસ આપતા હોવાનો ઉલ્લેખ કરાયો છે

મહેસાણા, તા.૧

મહેસાણાના હોમિયોપોથી કોલેજમાં અભ્યાસ કરતી BHMSના પહેલા વર્ષની વિદ્યાર્થિની ઉર્વશી શ્રીમાળીએ હોસ્ટેલમાં આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. આ મામલે DYSP તપાસમાં ૩ પેજની સ્યુસાઈડ નોટ મળી આવતા મોટા ખુલાસા થયા છે.મહેસાણા જીલ્લાના વિસનગરમાં આવેલી હોમિયોપોથી કોલેજમાં અભ્યાસ કરતી આશાસ્પદ વિદ્યાર્થિનીએ હોસ્ટેલના રૂમમાં આપઘાત કરી લેતા ખળભળાટ મચી ગયો હતો. આ મામલે પોલીસ તપાસ કરી દેવામાં આવી હતી, જેમાં ડીવાયએસપીની તપાસમાં ૩ સ્યુસાઈડ નોટ મળી આવી છે. ૩ અલગ અલગ કાગળોમાં સ્યુસાઈડ નોટ લખી હતી. જેમાં વિદ્યાર્થિનીએ કોલેજમાં માનસિક ત્રાસ અપાતો હોવાની સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો છે.પોલીસ તપાસ મુજબ પ્રોફેસર અને પ્રિન્સિપાલ માનસિક ત્રાસ આપતા હોવાનો ઉલ્લેખ કરાયો છે. સ્યુસાઈડ નોટમાં કોઈ પણ વ્યક્તિનું નામનો ઉલ્લેખ કરાયો નથી. સમગ્ર કેસમાં ૫ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. ઘટનાને પગલે બાર એસોસિએશને આરોપીઓનો કેસ નહીં લડવા અપીલ કરી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકના પિતા બહુચરાજીમાં વકીલાતનો વ્યવસાય કરે છે. સમગ્ર ઘટના બાદ કોલેજમાં પણ ૩ મહિલા પ્રોફેસર જ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. હાલ, હોમિયોપેથી કોલેજ બંધ રહેતા વિદ્યાર્થિઓના અભ્યાસને અસર થઈ રહી છે.

રાજ્યના ૬૮ સનદિ અધિકારીઓની બદલી, ૪ને બઢતી આપવામાં આવી

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં વધુ એક બદલીના આદેશ અપાયા છે. રાજ્ય સરકાર દ્વારા કુલ ૬૮ IAS અધિકારીઓની બદલીઓના આદેશ આપવામાં આવ્યા છે. જેમાં વાત કરીએ તો અમદાવાદમાં નવા મ્યુનિસપલ કોર્પોરેશનના કમિશ્નર બિંછાનિધી પાની બન્યા છે.

ગુજરાતના ૬૮ IASની બદલી, રાજ્યના ૪ IAS અધિકારીઓને પ્રમોશન અપાયા છે. બીજી બાજુ અમદાવાદ મનપાના કમિશ્નર બનાવાયા છે. જી હા.. અમદાવાદના નના મનપા કમિશ્નર બંછાનીધી પાનીને બનાવવામાં આવ્યા છે, જ્યારે અવંતિકા સિંઘને GACના એમડીનો વધારાનો ચાર્જ સોંપાયો છે. એટલું જ નહીં, બીજા અનેક ધરખમ ફેરફાર કરાયા છે. રાજ્યના ૪ IAS અધિકારીઓને પણ પ્રમોશન અપાયું છે. પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે પ્રમોશન અપાયું છે. જેમાં વિનોદ રાવ, એમ થેંનારસન, અનુપમ આનંદ અને મિલિંદ તોરવણેને પ્રમોશન અપાયું છે. આઈએએસ અધિકારીઓની બદલી અને બઢતીમાં મુખ્ય સચિવની નિવૃત્તિ પછી ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. પી સ્વરૂપ કમિશ્નર લેન્ડ રીફોર્મસમાંથી કમિશનર ઈન્ડસ્ટ્રીઝ તરીકે બદલી, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘને ગુજરાત આલ્કલાઈનની એમડી તરીકે વધારાનો ચાર્જ સોંપાયો છે. સરસ્વતી સાધનામાં સાયકલ ભંગાર થવાના મામલે કોટેજ ઈન્ડસ્ટ્રિઝના કમિશ્નર પ્રવિણ સોલંકી સાઈડલાઈન કરાયા છે. પ્રવિણ સોલંકીને મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યુટના ડિજી તરીકે મુકાયા છે.

શ્રીજી મહારાજે પ્રબોધેલી શિક્ષાપત્રીની ૧૯૯મી જયંતી

શિક્ષાપત્રી સર્વ શાસ્ત્રોના નિચોડરૂપ, સારરૂપ છે

આજે વસંત પંચમીએ ૧૯૯મી શિક્ષાપત્રી જયંતી છે. સ્વામિનારાયણ ભગવાને વડતાલમાં સંવત ૧૮૮૨ના વસંતપંચમીના દિવસે સંપ્રદાયના તમામ આશ્રિત ગૃહસ્થ સત્સંગી, સુવાસિની અને વિધવા બાઈઓ, સાધુ વગેરે પ્રત્યે શિક્ષાપત્રી લખી છે. શિક્ષાપત્રી સર્વ શાસ્ત્રોના નિચોડરૂપ, સારરૂપ છે. શિક્ષાપત્રીમાં ૨૧૨ શ્લોકોને વિસ્તારથી સમજાવતાં અર્થદીપિકા ટીકામાં ૩૪૬ શાસ્ત્રોમાંથી ૩૮૧૪ પ્રમાણો આપ્યાં છે.

સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા, દેશના લોકો જો શિક્ષાપત્રીની આજ્ઞાનું પાલન કરે તો દેશમાં ફોજદારી કાયદો,પોલીસ અને અદાલતોની ઓછી જરૂર પડે.' વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ પણ કહેતા કે, જે ગામમાં સ્વામિનારાયણનું મંદિર હોય ત્યાં પોલીસ કે સુધરાઈની જરૂર ન પડે, કારણ કે શિક્ષાપત્રીના આદેશો મુજબ જ બધા વર્તતા હોય.

કવિ ન્હાનાલાલ કહે છે, શિક્ષાપત્રી એટલે વ્યવહાર અને સંસારને પરિશુદ્ધતી વિદ્વાન ભાષામાં રચાયેલી નિત્ય નિયમાવલી. આચાર, વિચાર, આહાર, વિહાર વગેરેની વાતો શિક્ષાપત્રીમાં છે. ગાળ્યા વગરનું જળ તથા દૂધ ન પીવું, જે જળને વિષે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી, લોક અને શાસ્ત્ર નિષિદ્ધ કરેલાં સ્થળોમાં મળમૂત્ર ન કરવાં કે થૂંકવું પણ નહિ. શ્રી કિશોરલાલ મશરૂવાળાને ભારતના રોગો ટાળવાનો ઉપાય દેખાય છે. તેઓ કહે છે કે, શ્રીજીમહારાજે તેમના શિષ્યો જે ઘણા ખરા નીચલા વર્ગ ના હતા તેમના પ્રત્યે અપાર કરુણા, દયા કરીને સમૃદ્ધ અને આચારશુદ્ધ કર્યા.

શિક્ષાપત્રી અંગે ગુજરાતના સાક્ષર ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ કહે છે, ગાગરમાં સાગર રુપ શિક્ષાપત્રી સર્વ શાસ્ત્રોના દોહનરૂપ કલ્યાણની સીડી છે. તેનો ઉપલો છેડો આધ્યાત્મિક શ્રેયની સર્વોચ્ચ ભૂમિકાને લાગેલો છે. ત્યારે નીચલો છેડો છેક સામાન્ય લોકજીવનની ભૂમિકા પર ઠેરવેલો છે. અંગ્રેજરાજ વખતે મુંબઈના ગવર્નર સર જૉન માલ્કમને સ્વામિનારાયણ ભગવાને તા. ૨૬-૨-૧૮૩૦ના રોજ રાજકોટમાં(હાલ રેલ્વેના કોઠી કમ્પાઉન્ડમાં) શિક્ષાપત્રી ભેટ આપી. જે આજે ઓક્સફર્ડની બોડલિયન લાઇબ્રેરીના એક વિભાગ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ લાઇબ્રેરીમાં આદરપૂર્વક સાચવવામાં આવી છે. આ શિક્ષાપત્રીનો વિશ્વની ૩૮થી વધુ ભાષાઓમાં અનુવાદ થયો છે.

સંવત ૧૯૧૩માં જૂનાગઢમાં માધવચરણદાસે ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો, સ્વામી...! અમે દેશમાં ફરવા જઈએ છીએ ત્યારે હરિભક્તો વરસાદનું પૂછે છે તો અમારે શું કહેવું? ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, આપણે તો શિક્ષાપત્રીમાં મહારાજે કહ્યું છે તે પ્રમાણે સૌને વર્તવાનું કહેવું. તે પ્રમાણે જે વર્તશે તે વરસાદ નહિ વરસે તો પણ સુખી થશે અને જો શિક્ષાપત્રી લોપશે તો વરસાદ વરસશે તો પણ દુઃખી થશે. માટે શિક્ષાપત્રી પાળવાનું સૌને કહેવું. સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારાં આશ્રિત સર્વેએ નિત્યે કરવો. જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે આશ્રિતો પ્રત્યેની ચિંતા અને કરુણા કરીને આશીર્વાદ આપ્યાં છેકે, આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ,અર્થ,કામ અને મોક્ષએ પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે.

સિનિયર સિટીઝને કહ્યું મને ઈન્વેસ્ટમેન્ટમાં ઈન્ટરેસ્ટ છે, ૧.૨૮ કરોડ ગુમાવી દીધા

વડોદરામાં છેતરપિંડી થયાનો વધુ એક કિસ્સો બનતા સાયબર સેલે તપાસ હાથ ધરી છે

વડોદરા, તા.૧

ઈન્વેસ્ટમેન્ટ કરી ઊંચું વળતર આપવાના નામે વારંવાર ઠગાઈના

કિસ્સા બની રહ્યા હોવા છતાં ઠગો આસાનીથી ફાવી રહ્યા છે.

અલકાપુરી વિસ્તારમાં સ્ટેશન પાછળ રહેતા બાલાકૃષ્ણન નામના સિનિયર સિટીઝને આવી જ રીતે થાક ટોળકીના સકંજામાં ફસાયા હતા.

ઈન્વેસ્ટરે પોલીસને કહ્યું છે કે, તા ૩- ૯ -૨૦૨૪ ના રોજ મને ઈન્વેસ્ટમેન્ટ કરી વધુ વળતર માટેનો મેસેજ આવતા મેં રસ દાખવ્યો હતો. મને સીટાડેલ બેઝ નામના એક વોટ્સએપ ગ્રુપમાં ગ્રુપમાં જોડવામાં આવ્યો હતો અને તેમાં લિંક ઓપન કરતા રાશિ ગુપ્તાનો વોટ્સએપ નંબર ખુલ્યો હતો. તા.૧૬ મીએ મને રાશિ ગુપ્તા નો ફોન આવ્યો હતો અને એક લિંક મોકલી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાં મેં મારા બેંક એકાઉન્ટ ન વિગતો પણ આપી હતી. ત્યારબાદ તેણે પાસવર્ડ અને આઈડી જનરેટ કર્યા હતા અને આજે એક જ દિવસમાં તમે ટ્રેડિંગ અને આઇપીઓમાં ઈન્વેસ્ટ કરી શકો છો, પછી નહીં થઈ શકે તેમ કહેતા મેં રૂ.૪૪ લાખ જમા કરાવ્યા હતા.

સિનિયર સિટીઝને કહ્યું કે છે કે, મારા એકાઉન્ટમાં સામેવાળાએ રૂ. ૧૦૦૦ જમા કર્યા હતા. મારા એકાઉન્ટમાં રૂ ૨ કરોડ દેખાતા હોવાથી મેં હવે આગળ કામ નથી કરવું તેમ કહ્યું હતું. જેથી મને મેનેજમેન્ટ ટેક્સ અને ૧૦% ગેન ટેક્સ લાગશે તેમ કહી બીજા રૂ ૫૧ લાખ ભરાવ્યા હતા. ત્યાર પછી પણ રૂપિયા નહીં ઉપાડતા મેં રાશી ગુપ્તાને વાત કરી હતી.

રાશિ મને કહ્યું હતું કે તમારા ત્રણ બેંક એકાઉન્ટ લિંક થયા હોવાથી પ્રોસેસિંગ ચાર્જના ૩૨ લાખ ભરવા પડશે. જેથી મેં કુલ રૂ ૧.૨૮ કરોડ જમા કરાવ્યા હતા પરંતુ તેની સામે મને રકમ પરત મળી ન હતી અને વારંવાર રકમની માંગણી કરવામાં આવતી હોવાથી શંકા ગઈ હતી. આખરે આ બાબતે સાયબર સેલને ફરિયાદ કરી હતી.

આટકોટ સહિત અનેક સ્થળે આજે વિરબાઈમાંની જયંતિ ઉજવાશે

રાજકોટ, તા.૧

સંત અને સુરાઓની ભૂમિ સૌરાષ્ટ્રના અનેક સાચા સંતો થઈ ગયા કોઈ કે દુઃખીયાઓની નિસ્વાર્થ ભાવે સેવા કરી તો કોઈક સમાજ સુધારણા-જાગૃતિ માટે તો કોઈએ આરોગ્ય અને શિક્ષણ અર્થે અનન્ય કાર્યો મુંગા મોઢે અભિયાન કર્યા વગર જ કરેલ છે. વિરપુરના સંત જલારામ બાપાએ ટૂકડો ત્યાં હરિ ઢુકડોના મંત્ર સાથે અન્નક્ષેત્ર શરૂ કરેલ જે આજે પણ ધમધમે છે. જલારામબાપાના ધર્મ અને સમાજ સેવામાં કાર્યમાં તેમના પત્નિ વિરબાઈમાં પતિ કરતા એક પગલુ આગળ વધે તેવા હતા. વિરબાઈમાંનો જન્મ રાજકોટ નજીક આવેલ આટકોટ ખાતે ૨૧૯ વર્ષ પહેલા થયો હતો. આવતીકાલે રાજયમાં અનેક સ્થળોએ વિરબાઈમાંની ૨૧૯ મી જન્મજયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવનાર છે.

આટકોટ ખાતે માતૃશ્રી વિરબાઈમાંની જયંતિની ઉજવણીનો અનેરો ધમધમાટ જોવા મળી રહયો છે. આટકોટ ઉપરાંત નજીક આવેલ જસદણ ખાતે પણ વિરબાઈમાંની જયંતિ ઉજવવામાં આવનાર છે. જેમાં હરિરામબાપા દ્વારા નિર્મિત મંદિર ખાતે સવારે મહાઆરતી, અન્નકોટ શોભાયાત્રા તેમજ મહાપ્રસાદના કાર્યક્રમો યોજાનાર છે. ૬૪ કિલો બાજરાના લોટમાંથી બનાવયેલ રોટલાની શોભાયાત્રા જયંતિના કાર્યક્રમોનુ સૌથી મોટું આકર્ષણ બની રહેશે.

વિરબાઈમાંની જયંતિ પ્રસંગે દુઃખીયાઓના દર્દ દૂર કરવાની પ્રેરણારૂપ રકતદાન કેમ્પ યોજવામાં આવનાર છે. કાલે અસંખ્ય ભાવિકો પગપાળા ચાલીને પહોંચશે. આટકોટમાં વિરબાઈમાં મંદિરને અનેરો શણગાર કરવામાં આવેલ છે.

વડોદરામાં ક્રાઈમ બ્રાન્ચે ૧.૭૮ કરોડનો દારૂનો જથ્થો જપ્ત કર્યો

વડોદરા, તા.૧

વડોદરામાં કન્ટેનર ભરેલો રૂપિયા ૧.૭૮ કરોડનો દારૂનો જથ

ધોરણ-૧૦માં ગણિત સ્ટાન્ડર્ડ, બેઝિકના અલગ પુસ્તકો તૈયાર કરવા વિચારણા

અમદાવાદ, તા.૧

ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેઝિક ગણિત અને સ્ટાન્ડર્ડ ગણિતનું અલગ પુસ્તક મળે તે પ્રકારની વિચારણા ચાલી રહી છે. તાજેતરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે શિક્ષણમંત્રીની અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં ધોરણ-૧૦માં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત ઘટાડા સહિતના પ્રશ્નો ચર્ચાયા હતા. જેના નિરાકરણ રૂપે સંઘો દ્વારા ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકનું પુસ્તક અલગ કરવામાં આવે તો વિદ્યાર્થી સંખ્યા વધારવામાં મદદ મળી શકે તેવું તારણ રજૂ કર્યું હતું. જેના પગલે શિક્ષણમંત્રી દ્વારા બે પુસ્તકો અલગ કરવા અંગે વિવિધ સૂચનો મેળવ્યા બાદ તે અંગે આગળ કાર્યવાહી કરવાનું નક્કી કરાયું હોવાનું જાણવા મળે છે. બેઠકમાં બે પુસ્તકો અલગ કરવાને લઈ હકારાત્મક વલણ હોવાનું પણ સામે આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-૧૦માં અત્યાર સુધી ગણિત વિષયનું એક જ પેપર તમામ વિદ્યાર્થીઓ માટે લેવામાં આવતું હતું. પરંતુ ત્રણેક વર્ષ પહેલા ગણિત વિષયમાં બે ભાગ કરાયા હતા. જેમાં જે વિદ્યાર્થીઓ ગણિત વિષય સાથે આગળનો અભ્યાસ કરવા માગતા હોય તેમના માટે ગણિત સ્ટાન્ડર્ડનું પેપર અને જે વિદ્યાર્થીઓ ગણિત વિષય વગર આગળનો અભ્યાસ કરવા માગતા હોય તેમના માટે ગણિત બેઝિક વિષયની પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો હતો. જોકે, આ સમગ્ર પ્રક્રિયામાં માત્ર પરીક્ષામાં પેપર જ અલગ લેવામાં આવતું હતું. પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન અભ્યાસક્રમ માટે એક જ પુસ્તક અમલમાં હતી. આ પુસ્તકમાંથી સરળ પેપર નીકળે તે ગણિત બેઝિક અને અઘરું પેપર નીકળે તે ગણિત સ્ટાન્ડર્ડ તરીકે ગણાતું હતું. જોકે, આ નિર્ણય લેવામાં આવ્યા બાદ દર વર્ષે ગણિત સ્ટાન્ડર્ડ વિષય લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો હતો. જેના પગલે ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થતો હોવાનું જાણવા મળે છે. શિક્ષણ બોર્ડની આગામી ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી પરીક્ષા માટે પણ ગણિત વિષયમાં કુલ ૮૪૫૩૯૨ વિદ્યાર્થી નોંધાયા છે. જેમાંથી ગણિત બેઝિક પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૭૮૪૦૭૮ છે અને ગણિત સ્ટાન્ડર્ડ પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧૩૧૪ જેટલી છે. આમ, ગણિત સ્ટાન્ડર્ડ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૭.૨૫ ટકા જેટલી જ છે. દર વર્ષે આ સંખ્યામાં ઘટાડો થતો હોવાની વિગતો પણ સામે આવી છે. દરમિયાન, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે તાજેતરમાં શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને એક બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં ધોરણ-૧૦માં ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં થઈ રહેલા ઘટાડા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેથી બેઠકમાં હાજર શિક્ષણ બોર્ડના સભ્ય દ્વારા વિવિધ સંગઠનો તરફથી મળેલા સૂચનો રજૂ કર્યા હતા. જેમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકનું પુસ્તક અલગ કરી વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે તો ફાયદો થાય તેમ હોવાનું જણાવ્યું હતું. જેથી શિક્ષણમંત્રી દ્વારા આ મુદ્દે વધુ રિસર્ચ કરી આગળ નિર્ણય લેવામાં આવશે તેવી બાંહેધરી આપી હતી. આમ, ગણિત વિષયમાં બે પુસ્તકો તૈયાર કરવાને લઈને સઘન ચર્ચા કરવામાં આવ્યા બાદ આ મુદ્દે શિક્ષણ વિભાગ આગળ વધી રહ્યું હોવાનું સામે આવ્યું છે.

ગુજરાત રમખાણોમાં માર્યા ગયેલા નેતાના પત્ની ઝકીયા જાફરીનું ૮૬ વર્ષની વયે નિધન

અમદાવાદ,તા.૨

ગુજરાત ૨૦૦૨ રમખાણોની પીડિતા ઝકિયા જાફરીનું નિધન થઈ ગયું છે. ઝકિયા પૂર્વ કોંગ્રસ સાંસદ એહસાન જાફરીના પત્ની હતાં. એહેસાન જાફરી ૨૦૦૨ના ગુજરાત રમખાણ દરમિયાન ગુલબર્ગ હાઉસિંગ સોસાયટીમાં ૬૮ અન્ય લોકો સાથે માર્યા ગયા હતાં. ઝકિયા જાફરીએ રમખાણો પાછળ મોટા ષડયંત્રનો આરોપ લગાવતા ઉચ્ચ અધિકારીઓ સામે તપાસની માંગ કરતાં કાયદાકીય લડાઈ લડી હતી.

મળતી માહિતી મુજબ, ઉંમર સંબંધિત સમસ્યાઓના કારણે ઝકિયા જાફરીનું ૮૬ વર્ષની વયે નિધન થયું છે. તેઓએ અમદાવાદમાં છેલ્લાં શ્વાસ લીધા હતાં. ૨૦૦૬થી ગુજરાત સરકાર સામે લાંબી કાયદાકીય લડાઈ લડવાના કારણે તે પીડિયો માટે ન્યાયની લડાઈનો ચહેરો બન્યા હતાં.

ઝકિયા જાફરીના દીકરા તનવીર જાફરીએ જણાવ્યું કે, 'મારી મા અમદાવાદમાં મારી બહેનના ઘરે ગઈ હતી. તેએ પોતાની સવારની દિનચર્યા પૂરી કરી અને પોતાના પરિવાર સભ્યોની સાથે સામાન્ય રીતે વાતચીત કરી રહી હતી. આ દરમિયાન તેને ગભરામણ થવા લાગી, ત્યારે ડૉક્ટરને બોલાવવામાં આવ્યા હતાં. સારવાર દરમિયાન આશરે ૧૧:૩૦ વાગ્યે તબીબોએ તેને મૃત જાહેર કરી.'

નવી બહુમાળી ઈમારતોમાં ૫ માળ પછી એક માળ 'રેફ્યુઝ એરિયા' રખાશેઃ સરકાર

ફાયર વિભાગમાં અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી અંગેનો પ્લાન રજૂ કરવા હાઈકોર્ટનો આદેશ

નવી દિલ્હી, તા.૧

રાજકોટ TRP ગેમ ઝોન અને ફાયર સેફ્ટીના મુદ્દે ચાલી રહેલા કેસની સુનાવણીમાં હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ઓથોરિટીને નિર્દેશ આપ્યા છે કે આગામી સુનાવણીમાં રાજ્યના મનપા સહિતના વિસ્તારોમાં ફાયર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ભરતીનો પ્લાન રજૂ કરવામાં આવે. ભરતી અંગેનો પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવે. દરમિયાન કેસની સુનાવણીમાં સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે નવી હાઈરાઈઝ (બહુમાળી) ઈમારતોને હાલ ફાયર NOC આપવામાં આવી નથી. 100 મીટર કરતાં વધુ ઊંચાઈ વાળી ઈમારતોને હજુ ફાયર NOC અપાઈ નથી.

જોકે સામાન્ય રીતે આવી ઈમારતોમાં દર પાંચ માળ પછી એક માળ 'રેફ્યુઝ એરિયા' તરીકે ખાલી રાખવામાં આવે છે. જેથી કોઈ પણ પ્રકારની દુર્ઘટનાના સમયે લોકોને સરળતાથી બચાવી શકાય. ફાયર વિભાગ પાસે આટલી ઊંચી ઈમારતો સુધી પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન માટેની સીડી હોતી નથી. પરંતુ હાઈડ્રોલિક પ્લેટફોર્મ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવે છે.

રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં સિનિયર ફાયર ઓફિસરોની ખાલી જગ્યા અંગે પણ હાઈકોર્ટ ચિંતા વ્યક્ત કરી હતી. આ મુદ્દે વધુ સુનાવણી 21મી માર્ચના રોજ યોજાશે. અગાઉની સુનાવણીમાં ફાયર વિભાગમાં ખાલી જગ્યાઓ અંગે સરકારી વકીલે જણાવ્યું હતું કે ફાયર વિભાગમાં ભરતીઓ કરાઈ રહી છે. નવા ફાયર સ્ટેશન બનાવવાની ટાઈમ લાઈન અપાઈ છે. જો કે ટાઈમ લાઈન મુજબ રાજકોટ ફાયર સ્ટેશન વર્ષ 2026, ભાવનગર ફાયર સ્ટેશન વર્ષ 2028 અને વડોદરા ફાયર સ્ટેશન વર્ષ 2028માં બનશે. અમદાવાદ મનપાના ફાયર વિભાગમાં 208 તો ગાંધીનગર મનપા ફાયર વિભાગમાં 81 જગ્યાઓ ખાલી છે.

વધુમાં રાજ્યમાં ખાલી જગ્યાઓ પૈકી ચીફ અને એડિશનલ ફાયર ચીફ ઓફિસરની જગાઓ ખાલી છે. કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે અમદાવાદ, સુરત, બરોડા અને રાજકોટ જેવા મોટા શહેરોમાં 130 મીટર ઊંચી બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે. અમદાવાદમાં તો 150 મીટર ઊંચી બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે. તો કોઈ દુર્ઘટના બને તો ત્યાં ફાયર વિભાગ કેવી રીતે પહોંચશે? જેથી કોર્ટને જણાવાયું હતું કે ગાંધીનગર ગિફ્ટ સિટીમાં પણ 42 માળની બિલ્ડિંગ છે. તે મુજબના ફાયર સેફ્ટી ઉપકરણો વસાવવામાં આવશે.

કડક નિયમોને કારણે પણ પરમિટધારકોમાં ઘટાડો

ગુજરાતમાં એક વર્ષમાં લીકર પરમિટના અરજદારો ૫૦% ઘટ્યા

અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં લિકર પરમિટના અરજદારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૩માં ૬ મોટા શહેરમાંથી ૭૪૪૦ જ્યારે ૨૦૨૪માં માત્ર ૩૪૯૯ને નવી પરમિટ આપવામાં આવી છે. જેમાં દારૂ પીવા માટે ૬ પ્રકારની પરમિટ મળે છે.

હેલ્થ પરમિટમાં સ્વાસ્થ્યને આધારે 'દવા' તરીકે જરૂરી હોય તેવી વ્યક્તિને પરમિટ અપાય છે. હંગામીમાં કામચલાઉ-ટુરિસ્ટમાં એક મહિના, રાજ્ય બહારની વ્યક્તિને ૭ દિવસ જ્યારે ગ્રુપ પરમિટમાં વિદેશી નાગરિકને કોન્ફરન્સ માટે પરમિટ આપવામાં આવતી હોય છે. મેડિકલમાં જરૂર હોય તેવી વ્યક્તિને તત્કાલ પરમિટ આપવા પણ જોગવાઈ છે.

ગુજરાતમાંથી અનેક લોકો તણાવ, અનિદ્રા જેવી બીમારીનું કારણ બતાવીને હેલ્થ પરમિટ લેતા હોય છે. ગુજરાતમાં હાલ અંદાજે ૪૩ હજારથી વધુ લોકો પાસે દારૂની પરમિટ છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે.

વર્ષ ૨૦૨૪માં જે શહેરમાંથી દારૂની પરમિટ માટે સૌથી વધુ નવીપરમિટ અપાઈ છે તેમાં સુરત ૭૦૩ સાથે મોખરે છે. સુરતમાં ૨૦૨૩માં ૧૧૪૩ને દારૂની પરમિટ આપવામાં આવી હતી. સુરતમાં અંદાજે ૧૨,૫૦૦થી વધુ લોકો પાસે દારૂની પરમિટ છે.

વર્ષ ૨૦૨૪માં દારૂની સૌથી વધુ પરમિટ અપાઈ હોય તેમાં અમદાવાદ ૩૩૨ સાથે બીજા સ્થાને છે. અમદાવાદમાં વર્ષ ૨૦૨૩માં દારૂની પરમિટ મેળવનારા ૧૦૩૩ હતા. દારૂની પરમિટમાં થયેલા ઘટાડા અંગે જાણકારોનું માનવું છે કે, પરમિટ શોપમાં દારૂ પર ૬૫ ટકાનો ટેક્સ લેવામાં આવે છે. જેના કારણે દારૂની કિંમત ઘણી વધી જાય છે. આ ઉપરાંત કડક નિયમોને કારણે પણ પરમિટધારકોમાં ઘટાડો નોંધાયો છે.

બાયોફ્યુઅલ સર્કલે ગુજરાતમાં ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તાર્યું

અમદાવાદ તા.૧

બાયોએનર્જી સપ્લાય ચેઈન માટે ભારતનું અગ્રણી ડિજિટલ મંચ બાયોફ્યુલ સર્કલ બાયોમાસ એકત્રીકરણ માટે સક્ષમ ઈકોસિસ્ટમ નિર્માણ કરવા ગ્રામીણ ભારતમાં તેની હાજરી વધારી રહી છે. તેની નવીમતન પહેલના ભાગરૂપે કંપનીએ બાયો માસ એકત્રીકરણના પ્રયાસોને વધારવા માટે ગુજરાતના જામનગર, બોટાદ અને વડોદરામાં ૬ વેર હાઉસ સ્થાપિત કર્યા છે. આ વેર હાઉસ બાયોમાસ એકત્રીકરણ અને પ્રક્રિયાને પ્રવાહ રેખામાં લાવવા માટે શ્રેડર્સ જેવી એગ્રેગેશન મશીનરી સાથે સુસજ્જ છે. આ પહેલનું લક્ષ્ય આ મોસમમાંક પાસની દાંડીઓમાંથી ૫૦,૦૦૦ મેટ્રિક ટન (એમટી) એકત્રિત કરવાનું છે, જેથી સ્થાનિક ખેડૂતો માટે નવી આવકનો તકો નિર્માણ થશે.

સ્થાનિક ખેડૂતો સાથે સહભાગ મજબૂત બનાવવા માટે બાયોફ્યુઅલ સર્કલ દ્વારા તાજેતરમાં બોટાદમાં એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં સ્થાનિક પ્રશાસકીય પ્રતિનિધિઓએ હાજર રહીને બોટાદની બાયોમાસ બેન્કનું ઉદઘાટન કર્યું હતું. આ કાર્યક્રમ સક્ષમ બાયોમાસ એકત્રીકરણ પદ્ધતિઓનું મહત્ત્વ અધોરેખિત કરવા સાથે બાયોમાસ બેન્કો પર્યાવરણીય સંતુલન અને સ્થાનિક ઉદ્યોગ નિર્મિતી જાળવવા સાથે અસરકારક રીતે એકત્રીકરણ અને પ્રક્રિયાને કઈ રીતે માર્ગ આપી શકે તે આલેખિત કરે છે.

જૂનાગઢના શેરનાથ મહારાજે મહાકુંભમાં અદાણીના સેવાકાર્યો બિરદાવ્યા

જૂનાગઢ તા.૧:

ગુજરાતના જૂનાગઢ સ્થિત ગિરનારના ગોરક્ષનાથ આશ્રમના અનંત શ્રી વિભૂષિત મહંત પીર શેરનાથ મહારાજે મહાકુંભમાં ચાલી રહેલા અદાણી જૂથના પ્રયાસોને બિરદાવ્યા છે. સંગમનગરી પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં થઈ રહેલા વિવિધ સેવા કાર્યોની પ્રશંસા કરતા તેમણે ખાસ કરીને અદાણી ગ્રુપ દ્વારા કરવામાં આવતા સેવાકીય કાર્યોની ભારોભાર પ્રશંસા કરી તેમને અભિનંદન આપ્યા હતા.

ગુરુ શ્રી ગોરખનાથ આશ્રમના મહંત યોગી પીર શેરનાથ મહારાજે જણાવ્યું હતું કે મહાકુંભ ફક્ત ધાર્મિક હેતુઓ માટે જ આયોજિત નથી થતો પરંતુ તે સમાજના તમામ વર્ગોના કલ્યાણ અને જન કલ્યાણ માટે હોય છે. આ ખાસ પ્રસંગે તેમણે અદાણી ગ્રુપ દ્વારા ભક્તો માટે ચલાવવામાં આવી રહેલી મહાપ્રસાદ વિતરણ સેવાના વખાણ કરતા કહ્યું હતું કે '' આ એક પ્રશંસનીય પહેલ છે અને એ તેમના સ્વભાવને દર્શાવે છે. લાખો ભક્તો આ સેવાથી સંતુષ્ટ થઈ રહ્યા છે અને તેનું સામાજિક મહત્વ ખૂબ જ છે. મેળા સમિતિ વતી, હું આ કાર્ય માટે અદાણી જૂથ અને તેમની ટીમનો આભાર માનું છું''.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''અદાણી ગ્રુપ અને ઇસ્કોનના સહયોગથી ચલાવવામાં આવી રહેલા મહાપ્રસાદ વિતરણ કાર્યક્રમમાં દરરોજ લાખો ભક્તો ભાગ લઈ રહ્યા છે. આ સેવા સમાજના દરેક વર્ગ સુધી પહોંચી રહી છે અને ભક્તોને સ્વચ્છ, સસ્તું અને સ્વાદિષ્ટ ભોજન પૂરું પાડવામાં આવી રહ્યું છે. આવા કાર્યો સમાજમાં સહકાર અને સમર્પણની ભાવના વધારે છે''. તેમણે આ પ્રશંસનીય કાર્ય માટે અદાણી ગ્રુપને શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં નંબરવન આવ્યુ રાજકોટ એસ.ટી.ડિવિઝન

એક વર્ષમાં ૧૯.૮૨૦ લાખની જંગી આવક

રાજકોટ, તા.૧

ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના રાજકોટ એસ.ટી.ડિવિઝન વધુ એક વખત સમગ્ર સૌરાષ્ટ્રમાં નંબર વન આવ્યું છે.

રાજકોટ એસ.ટી.ડિવિઝનના વિભાગીય નિયામક જે.બી.કલોતરાએ જણાવ્યું હતું કે કેલેન્ડર વર્ષ-૨૦૨૪ માં રાજકોટ ડિવિઝનમાંથી ૩૧૯ લાખ મુસાફરોએ એસ.ટી.બસોમાં મુસાફરી કરી હતી અને તેથી ડિવિઝનને ૧૯,૮૨૦ લાખની આવક થઈ હતી. ૨૦૨૪ માં કુલ ૧૨૦ નવી બસ મળી હતી અને આગામી વર્ષ ૨૦૨૫ માં વધુ નવી ૧૦૦ બસ મળશે. તેમણે ઉમેર્યું હતુ કે રાજકોટ એસ.ટી.ડિવિઝનમાં રાજકોટથી અમદાવાદ, વડોદરા, સુરત, જુનાગઢ, સોમનાથ, ઉના, જામનગર, દ્વારકા અને ભુજ રૂટ ઉપર સૌથી વધુ મુસાફરો નોંધાયા છે. વર્ષ-૨૦૨૫ માં રાજકોટ એસ.ટી.ડિવિઝન લોધીકા કંટ્રોલ પોઈન્ટ, ગોંડલ ચોકડી પીક અપ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું છે. આગામી દિવસોમાં મુસાફરોની અપેક્ષા મુજબના નવા રૂટ શરૂ કરવામાં આવશે.

અંદાજપત્રમાં ગુજરાતને ઘણી યોજનાઓ અને નીતિગત નિર્ણયોનો સીધો લાભ મળશે

નવીદિલ્હી,તા.૧

કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સિતારમણે આજે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેનું અંદાજપત્ર સંસદમાં રજૂ કર્યુ. આ અંદાજપત્રમાં દેશના આર્થિક વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યો માટે નાણાંની ફાળવણી કરવામાં આવી છે. આ અંદાજપત્રમાં ગુજરાત રાજ્યને ઘણી યોજનાઓ અને નીતિગત નિર્ણયોનો સીધો લાભ મળશે. ખાસ કરીને આમાં માળખાગત સુવિધાઓ, લોજિસ્ટિક્સ, ઔદ્યોગિક વિકાસ અને વેપાર પ્રોત્સાહન સંબંધિત પહેલોનો સમાવેશ થાય છે.

નિર્મલા સિતારમણે રજૂ કરેલા અંદાજપત્રમાં ગુજરાતના ગાંધીનગરમાં સ્થિત ગિફ્ટ સિટી માટે નવા પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યા છે.આઈએફએસસી (આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર) માં નવા રોકાણોને આકર્ષવા માટે કર મુક્તિ અને અન્ય સુવિધાઓ આપવાની જાહેરાત કરાઈ છે. ગિફ્ટ સિટીમાં નવી બેંકિંગ, વીમા અને ટ્રેઝરી મેનેજમેન્ટ કંપનીઓ સ્થાપવા માટે કર લાભો વધારવામાં આવ્યા છે. ગુજરાત સહીત દેશભરના બંદરો અને લોજિસ્ટિક્સ હબને મજબૂત બનાવવા માટે "મેરીટાઈમ ડેવલપમેન્ટ ફંડ" ની જાહેરાત કરવામાં આવી છે. ૨૫,૦૦૦ કરોડનું આ ભંડોળ, લોજિસ્ટિક્સ અને બંદર માળખાગત સુવિધાને વેગ આપશે. ૧૬૦૦ કિલોમીટર લાંબા ગુજરાતના દરિયાકાંઠે આવેલા બંદરોને આંતરરાષ્ટ્રીય વેપાર અને જહાજ નિર્માણમાં વધુ સ્પર્ધાત્મક બનાવવામાં આવશે. ગુજરાત, જે ભારતનું મુખ્ય કપાસ ઉત્પાદક રાજ્ય છે, તેને "કપાસ ઉત્પાદકતા માટે મિશન" યોજનાનો મોટો લાભ મળશે. અંદાજપત્રમાં આગામી ૫ વર્ષનું મિશન ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા બીજ, નવીનતમ કૃષિ ટેકનોલોજી અને વધુ ઉપજ માટે સહાય પૂરી પાડવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના કાપડ ઉદ્યોગને વધુ કાચો માલ ઉપલબ્ધ થશે, જેનાથી નિકાસ અને રોજગારમાં ભારે વધારો થશે. ગુજરાતને સૌર ઉર્જા અને ગ્રીન ઉર્જા ક્ષેત્રમાં અગ્રેસર રાખવા માટે અનેક પહેલ કરવામાં આવી છે. નવા "નવીનીકરણીય ઉર્જા ઝોન" બનાવવામાં આવશે, જેથી ગુજરાતમાં મોટા સૌર અને પવન ઉર્જાપ્લાન્ટ સ્થાપી શકાય. ભારતના "ગ્રીન હાઈડ્રોજન મિશન"નો મોટો ભાગ ગુજરાતમાં લાગુ કરવામાં આવશે, જેનાથી રાજ્યની ઉર્જા ક્ષમતા અને રોકાણમાં વધારો થશે. ગુજરાતમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ હાઈવે, રેલવે અને મેટ્રો પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવશે.

બજેટના ચાર સ્તંભો કૃષિ, એમએસએમઈ, રોકાણ અને નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છેઃભુપેન્દ્ર પટેલ

ગાંધીનગર,તા.૧

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કર્યું, ''માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલું બજેટ 'વિકસિત ભારત ૨૦૪૭' ના સંકલ્પને પૂર્ણ કરવા માટે નવી ચેતના આપતું બજેટ છે.જીવાયએએન - ગરીબો, યુવાનો, ખેડૂતો અને મહિલા સશક્તિકરણ પર આધારિત વિકાસને વધુ વેગ આપવા માટે, આ બજેટ ચાર સ્તંભો કૃષિ,એમએસએમઈ, રોકાણ અને નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાના સંકલ્પ સાથે આત્મનિર્ભર ભારતના મંત્રને સાકાર કરનારા આ બજેટ માટે હું માનનીય પ્રધાનમંત્રી અને માનનીય નાણામંત્રીને અભિનંદન આપું છું.''

અન્ય ટ્વીટમાં ભુપેન્દ્ર પટેલે લખ્યું - ''કેન્દ્ર સરકારે દેશના કરોડો નોકરી કરતા અને મધ્યમ વર્ગના લોકોને મોટી રાહત આપતાં, વાર્ષિક ૧૨ લાખ સુધીની આવક પર કોઈ કર નહીં લાગવાની જાહેરાત કરી છે, આ માટે હું પ્રધાનમંત્રી અને કેન્દ્રીય નાણામંત્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. ૧૨ લાખ સુધીની વાર્ષિક આવક પર કોઈ કર ન લાદીને, કેન્દ્ર સરકારે તેની ૧ લાખ કરોડ રૂપિયાની આવક પગારદાર અને મધ્યમ વર્ગના લોકો માટે સમર્પિત કરી છે. પ્રધાનમંત્રીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારનો આ નિર્ણય સામાન્ય નાગરિકો માટે એક મોટી ભેટ છે.''

દરમિયાન ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે આ બજેટ વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા માટે નવી ચેતના પ્રદાન કરશે. તેમણે ગરીબો, યુવાનો અને મહિલાઓની શક્તિ પર આધારિત વિકાસને વધુ વેગ આપવાની વાત કરી. બજેટમાં કૃષિ,એમએસએમઈ (માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ), રોકાણ અને નિકાસને મહત્વ આપવામાં આવ્યું છે, જે દેશના આર્થિક વિકાસ માટે ખૂબ જરૂરી છે.

આ બજેટ ગરીબ, મધ્યમ વર્ગ અને મહિલાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે, જેથી સમાજના આ વર્ગોને લાભ મળી શકે. બજેટમાં ૭૫૦૦૦ જેટલી નવી મેડિકલ સીટો ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી આરોગ્ય ક્ષેત્રે સુધારા થશે. મધ્યમ વર્ગની વર્ષોથી ચાલી આવતી માંગને ધ્યાનમાં રાખીને, ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ઈંકમ ટેક્સ નહીં લાગે તેવી જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પણ સરકારે મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે, જે લોકો માટે ફાયદાકારક સાબિત થશે.

ઋષિકેશભાઈ પટેલે અંતમાં જણાવ્યું કે બજેટને ''વિશ્વસનીય અને લોકો માટે રાહત લાવનારું'' તરીકે જણાવ્યું, આ બજેટ દેશ અને ગુજરાતના વિકાસ માટે ખૂબ મહત્વનું છે અને તેનાથી લોકોને રાહત મળશે. આમ કેન્દ્રીય બજેટ ૨૦૨૪ વિવિધ ક્ષેત્રોમાં વિકાસ અને રાહત લાવશે તેવું લાગી રહ્યું છે.

ભટ્ટ પરિવાર દ્વારા ચક્ષુદાન

રાજકોટ, તા.૧

રાજકોટ બ્રહ્મ સમાજના નિવૃત્ત દુષ્યંતભાઈ ભટ્ટનું અવસાન થતા ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન સમિતિના સક્રિય કાર્યકર્તા ગોપાલ વ્યાસની પ્રેરણાથી સદગતના બંન્ને ભાઈઓ અતુલ અને સતીષ તેમજ પરિવારની સહમતીથી પ્રેરણાથી દ્રષ્ટિ હિન બાંધવાને દ્રષ્ટિ મળે તે ઉમદાભાવથી દુષ્યંત ભટ્ટનું ચક્ષુદાન કરી બે દ્રષ્ટિહીન બાંધવાને દ્રષ્ટિદાન આપ્યું દુષ્યંત ભટ્ટનુ ચક્ષુદાન અભિયાનના અનુપમ દોશી અને જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટી ચેરમેન ઉપેન મોદી તથા વિવેકાનંદ યુથ કલબના માર્ગદર્શન મુકેશ દોશી દ્વારા કરવામાં આવ્યું હતુ અને ડો.ધર્મેશ શાહએ સ્વીકાર કરેલ. બન્ને સંસ્થાઓનુ આ ૧૪૭ મુ ચક્ષુદાન છે. ભટ્ટ પરિવાર દ્વારા આ માનવતા કાર્ય કરવા બદલ બન્ને સંસ્થા તરફથી અભિનંદન આપવામાં આવ્યા હતા.

રૂડાના સ્થાપના દિને નવી ૭૭ નગર રચના યોજના બનાવવા કરાઈ જાહેરાત

રાજકોટ, તા.૧

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની સ્થાપના થયા બાદ આજદિન સુધી રૂડા દ્વારા ૨૯ નગર રચના યોજના બનાવેલ છે. જે પૈકી ૨૫ નગર રચના યોજનાનો વિસ્તાર રાજકોટ મનપામાં સમાવિષ્ટ થયેલ છે. સત્તામંડળના પૂર્ણ કરેલ માળખાકીય સુવિધાના કાર્યોમાં રોડની સુવિધામાં સત્તામંડળ દ્વારા શહેરને ફરતે લોકોની સુખ સુવિધા તેમજ ટ્રાફીકની સમસ્યા હલ કરવા હેતુથી રીંગ રોડ-૨, જામનગર રોડ, ઘંટેશ્વર ગામથી અમદાવાદ નેશનલ હાઈવે, માલીયાસણ ગામ સુધી કુલ ચાર તબક્કામાં ૪૩ કિ.મી. રોડનુ બ્રિજ સાથે નિર્માણ કરવામાં આવેલ છે. પાણી અને ગટર વ્યવસ્થામાં શહેરી વિકાસ યોજના હેઠળ ઘંટેશ્વર, હરીપર (પાળ), આણંદપર (નવાગામ), બેડી તથા ૨૨ ગામોની પાણી પુરવઠા યોજના અંતર્ગત આશરે ૧૮૦ કિ.મી. પાઈપલાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ.

સ્ટ્રીટ લાઈટ અને ઘન કચરાની વ્યવસ્થામાં સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૪૮ ગામોમાં એલઈડી સ્ટ્રીટલાઈટ યોજના અંતર્ગત આશરે ૪૨૮૦ સ્ટ્રીટલાઈટની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. રાજીવ આવાસ યોજના હેઠળ ઈડબ્લ્યુએસ પ્રકારના કુલ ૧૩૬ આવાસોનુ નિર્માણકાર્ય રૂા.૬૭૧.૭૧ લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે. રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ રૂડા વિસ્તારના ૫૨ (૫૨) ગામોમાં બી.એલ.સી. ઘટક અંતર્ગત રૂા.૯૦૪૭.૫૦ લાખના ખર્ચે કુલ ૨૫૮૫ જેટલા આવાસ મંજુર કરેલ છે. આગામી વર્ષોમાં સત્તામંડળ દ્વારા તૃતીય પુનરાવર્તીત વિકાસ યોજના-૨૦૪૧ આધારિત બેઝ મેપ તૈયાર કરવો, નવી ૭૭ નગર (૧૧૮.૨ ચો.કી.મી.) બનાવવાના આયોજનમાં ૩૦ નવી નગર રચના યોજના રીંગ રોડ-૨ ની ફરતે, ૩૫ નવી નગર રચના યોજના રીંગ રોડ-૨ તથા મનપાની હદ સુધી અને ૧૨ નવી નગર રચના યોજના અન્ય વિસ્તાર જે પૈકી ચાલુ વર્ષ ૨૦૨૫ દરમ્યાન ૧૦ નગર રચના યોજના, આગામી વર્ષ ૨૦૨૬ દરમ્યાન ૭ નગર રચના યોજના, આગામી વર્ષ ૨૦૨૭ દરમ્યાન ૯ નગર રચના યોજના, આગામી વર્ષ ૨૦૨૮ દરમ્યાન ૧૦ નગર રચના યોજના બનાવવાનુ આયોજન કરેલ છે.

પરમાત્માનંદ સરસ્વતિજીનું આજે દેવર્ષિ એવોર્ડથી કરાશે સન્માન

ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝાના શ્રીહરિમંદિરમાં આજથી પાટોત્સવ

રાજકોટ, તા.૧:પોરબંદર ભાગવત કથાકાર રમેશભા

રમતગમત બજેટમાં ગયા વખતની સરખામણીમાં ૩૫૨ કરોડ રૂપિયાનો વધારો

નવીદિલ્હી,તા.૧

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે ૨૦૨૫-૨૬ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. આ સમયગાળા દરમિયાન, રમતગમતનું બજેટ પણ આવ્યું. ગયા વખતની સરખામણીમાં, રમતગમતના બજેટમાં લગભગ ૩૯૨ કરોડ રૂપિયાનો વધારો થયો છે. તે જ સમયે, સરકારના મુખ્ય પ્રોજેક્ટ ખેલો ઈન્ડિયાને ફરી એકવાર ફાયદો થયો અને પાયાના સ્તરે રમતગમતને પ્રોત્સાહન આપતા આ કાર્યક્રમ માટે કેન્દ્રીય બજેટમાં સૌથી વધુ રકમ ફાળવવામાં આવી છે.

આવતા વર્ષે કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ યોજાવાની છે. આવી સ્થિતિમાં, રમતગમત મંત્રાલયના બજેટમાં ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૩૫૨ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વખતે રમતગમતનું બજેટ ૩૭૯૪.૩૦ કરોડ રૂપિયા છે, જે ગયા વખતે ૩,૪૪૨.૩૨ કરોડ રૂપિયા હતું. ગયા નાણાકીય વર્ષ માટે રમતગમત મંત્રાલયનું બજેટ ૩,૩૯૬.૯૬ કરોડ રૂપિયા હતું.

રમત મંત્રાલયના આ બજેટમાંથી, ખેલો ઈન્ડિયા માટે ૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. પાછલા બજેટ (૨૦૨૪-૨૫) માં, ખેલો ઈન્ડિયા માટે ૯૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. આ રકમ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સુધારેલા ૮૮૦ કરોડ રૂપિયાના ફાળવણી કરતાં ૨૦ કરોડ રૂપિયા વધુ હતી. ૨૦૨૪-૨૫ ની સરખામણીમાં, હવે એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે, ખેલો ઈન્ડિયાને ફાળવવામાં આવેલી રકમમાં ૧૦૦ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારે ખેલો ઈન્ડિયામાં ભારે રોકાણ કર્યું છે કારણ કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય દેશના તમામ ભાગોમાંથી પ્રતિભાઓને શોધવાનો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં ખેલો ઈન્ડિયા માટે વાસ્તવિક ફાળવણી રૂ. ૫૯૬.૩૯ કરોડ હતી. આગામી વર્ષના બજેટ (૨૦૨૩-૨૪) માં, તેમાં ૪૦૦ કરોડ રૂપિયાથી વધુનો વધારો કરીને ૧,૦૦૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યા હતા. જોકે, પાછળથી તેને સુધારીને ૮૮૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યા.

ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ ૨૦૧૮ની શરૂઆત થઈ ત્યારથી, સરકારે તેમાં વધુ રમતગમતની ઘટનાઓ ઉમેરવાનું ચાલુ રાખ્યું છે. મંત્રાલયે ૨૦૨૦ માં ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ શરૂ કરી, તે જ વર્ષે ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ અને ૨૦૨૩ માં ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ શરૂ કરી. પ્રતિભાશાળી ઉભરતા ખેલાડીઓને સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્યથી દેશભરમાં સેંકડો ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (ઞ્ઝ્રેજીઝઈ) ની સ્થાપના કરવામાં આવી છે. ઘણા ખેલો ઈન્ડિયા એથ્લેટ્સ પણ ઓલિમ્પિક ટીમમાં જોડાય છે. ધિનિધિ દેશિંગુ આનું સૌથી મોટું ઉદાહરણ છે.

રાષ્ટ્રીય રમતગમત મહાસંઘોને સહાય માટે રાખવામાં આવેલી રકમ પણ ૩૪૦ કરોડ રૂપિયાથી વધારીને ૪૦૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે. ભારત હાલમાં ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સનુંઆયોજન કરવા માટે મહત્વાકાંક્ષી દાવેદારીની તૈયારી કરી રહ્યું છે. ભારતે આ માટે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિને એક ઉદ્દેશ પત્ર સુપરત કર્યો છે.

સુત્રાપાડાના ઘંટીયા પ્રાચી ગામે બે દિવસીય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

(હાર્દિક કાનાબાર દ્વારા)

પ્રાચી તા.૧:

સુત્રાપાડા તાલુકાના ઘંટીયા પ્રાચી ગામે આગામી તા.૬ અને ૭ ના બે દિવસીય શ્રી ચામુંડા માતાજી ની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ચામુંડા માતાજી ના મંદિર ના લાભાર્થે તા ૬/૨/૨૦૨૫ ના રોજ રાત્રે ભવ્ય લોક ડાયરા નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં નામાંકીત કલાકારો દ્વારા સુરવાણી નું રસપાન કરાવશે તેમજ તા ૭/૨/૨૦૨૫ ના રોજ ચામુંડા માતાજી ના મંદિર ના પટાંગણ મા યજ્ઞ, હોમ, હવન, તેમજ માતાજી ની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે તેમજ ઘંટીયા પ્રાચી ગામ સમસ્ત મહા પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે તો આ પાવન પ્રસંગે ચામુંડા માતાજી ની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ મા ધર્મ પ્રેમી જનતા ને આ અવસર તેમજ મહા પ્રસાદ નો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવેલ છે.

વિરાટ કોહલીનો ધબડકો

દિલ્હીએ રેલ્વેની ટીમને એક ઈનિંગ અને ૧૯ રનથી હરાવી

નવી દિલ્હી, તા.૧

ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર બેટર વિરાટ કોહલી લગભગ ૧૩ વર્ષ બાદ રણજી ટ્રોફી રમવા મેદાનમાં ઉતર્યો હતો. કોહલી આ ટુર્નામેન્ટમાં દિલ્હી તરફથી રમી રહ્યો હતો. અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે યોજયેલી મેચમાં દિલ્હીએ રેલ્વેની ટીમને એક ઈનિંગ અને ૧૯ રનથી હરાવી દીધી હતી.

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઊતરેલી રેલ્વેની ટીમે પહેલી ઈનિંગમાં ૨૪૧ રન બનાવ્યા હતા. વિકેટકીપર અને બેટર ઉપેન્દ્ર યાદવે સૌથી વધુ ૯૫ રન અને કર્ણ શર્માએ ૫૦ રનની ઈનિંગ રમી હતી. દિલ્હી તરફથી નવદીપ સૈની અને સુમિત માથુરે ત્રણ-ત્રણ વિકેટો ઝડપી હતી. જયારે સિદ્ધાંત શર્માએ અને મની ગ્રેવાલે બે-બે વિકેટો લીધી હતી.

ત્યારબાદ જવાબમાં દિલ્હીએ પહેલી ઈનિંગમાં ૩૭૪ રનનો સ્કોર કર્યો હતો. કેપ્ટન આયુષ બદોનીએ સૌથી વધુ ૯૯ રન બનાવ્યા હતા. જયારે સુમિત માથુરે ૮૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

રેલ્વે તરફથી હિમાશું સાંગવાને ચાર અને કૃણાલ યાદવે ત્રણ વિકેટ ઝડપી હતી. પહેલી ઈનિંગની આધારે દિલ્હીને ૧૩૩ રનની લીડ મળી હતી. ત્યારબાદ બીજી ઈનિંગમાં રેલ્વેના બેટરોએ નિરાશાજનક પ્રદર્શન કર્યું હતું. રેલ્વેની પૂરી ટીમ બીજી ઈનિંગમાં ૧૧૪ના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. અયાન ચૌધરી (૩૦ રન) અને મોહમ્મદ સૈફ (૩૧ રન) કરી શક્યા હતા. દિલ્હી તરફથી ડાબોડી સ્પીનર શિવમ શર્માએ પાંચ બેટરોને પવેલિયનભેગા કરી દીધા હતા. જ્યારે મની ગ્રેવાલ, નવદીપ સિંહ, સિદ્ધાંત શર્મા અને આયુષ બદોનીએ એક-એક વિકેટ ઝડપી હતી.

દિલ્હીની ટીમની જીત થવાને કારણે વિરાટ કોહલીને બીજી વખત બેટિંગ કરવાની તક મળી ન હતી. અહીં તમને જણાવી દઈએ કે, કોહલી દિલ્હીની પહેલી ઈનિંગમાં ૬ રન જ બનાવી શક્યો હતો. રેલ્વેના હિમાશું સાંગવાને તેને ક્લીન બોલ્ડ કરી દીધો હતો. તેણે આ ઈનિંગમાં માત્ર એક ચોગ્ગો ફટકારયો હતો.

દીવ વેપારીઓના પ્રશ્નોનું નિરાકરણ લાવતા ડે.કલેકટર

(શકીલ કાશમાણી દ્વારા)

દીવ, તા.૧

દીવ એસબીઆઈની બાજુમાં દીવની વર્ષો જૂની મુખ્ય માર્કેટ છે આ માર્કેટમાં નવો રોડ બનાવવાનો હોય જેનુ ખોદકામ ચાલુ છે. આ રોડ કેટલો પહોળો બનશે જે વેપારી ભાઈઓને જાણ ન હોતી જેથી વેપારી ભાઈઓએ વાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રાજુભાઈ દવેને કરી પ્રમુખે દીવ પ્રશસાનમાં ડે.કલેકટર શીવમ મીશ્રાનો સંપર્ક કરી તમામ વાત જણાવી જેથી ડે.કલેકટર અને મામલતદાર ધર્મેશ દમણીયા અને કર્મચારીઓ મેઈન માર્કેટમાં આવી નિરીક્ષણ કર્યુ અને રોડ સાડા પાંચ મીટર પહોળો અને ત્રણ ફૂટ ફૂટપાથ બનાવવાની હોય જેથી વેપારીઓનુ કંઈ પણ નુકશાન નહી થવાની ખાતરી આપી જેથી ચેમ્બરના પ્રમુખ અને વેપારીઓએ પ્રશાસનનો આભાર માન્યો હતો.

કલેકટર ડી.ડી.જાડેજાએ સોમનાથ જિલ્લાનો ચાર્જ સંભાળ્યાને આજે એક વર્ષ પૂર્ણ

(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૧

ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ ગીર સોમનાથ જીલ્લાનો ચાર્જ સંભાળ્યાને ૨ ફેબ્રુ.એ એક વર્ષ પૂર્ણ થશે. તા.૨-૨-૨૪ ના રોજ ચાર્જ સંભાળ્યાની તેઓના કાર્યકાળ દરમ્યાન ગીર-સોમનાથ જીલ્લાને રાજયના મુખ્યમંત્રી ડેસ્ક બોર્ડમાં તેઓની કામગીરી અનુલક્ષી જીલ્લાને પ્રથમ નંબર રાજ્યમાં મળ્યો. એક વર્ષમાં અંદાજે ૬૯ લાખ ૧૨ હજાર ૯૯ ચોરસ મીટર ગેરકાયદેસર અનઅધિકૃત જમીન દબાણો દૂર કરાયા હતા. ગીરના ખેડૂતોની સનદનો વર્ષો જૂનો પ્રશ્ન ઉકેલ ન્યાય પૂર્ણ કાર્યવાહી કરી નગરપાલિકાના પ્રશ્નો લોકોના ઉકેલાય તે માટે વોર્ડ સભા પ્રથા શરૂ કરી અને જેમાં પોતે પણ ભાગ લીધો પ્રશ્ન જાણ્યા અને નિરાકરણ કરાવાયુ રાહતદરનુ અનાજ, ખનીજચોરી સામે પગલા એહમદપુર માંડવી બીચને વિકાસાવવાના પ્રોજેકટમાં સફળતા પૂર્વક કામગીરી વેરાવળ ખાતે ચોપાટી ફેસ-૨ ના નિર્માણ અને જીલ્લાના પ્રવાસધામોના વિકાસમાં મહત્વનુ યોગદાન છે. સ્ફુર્તિ-કર્તવ્યતાથી રાજ્યની ચિંતન શિબિર સોમનાથ ખાતે વ્યવસ્થાઓથી સુપેરે પાર પાડી ચુંટણી દરમ્યાન પોલીસ જવાનો સાથે લાંબા ફૂટનુ ફૂટ પેટ્રોલીંગ સ્વયં જાતે પગપાળા જોડાવુ સહિતના અનેકો કાર્યો વર્ષભર રહ્યા હતા.

રાજકોટમાં પાંચ દિવસીય શૈક્ષણિક મહાકુંભનો પ્રારંભ

૩૦૦થી વધુ સ્ટોલ, ૮૦૦ શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારી, હેકેથોન અને રોબોટિક્સ કોમ્પિટિશન યોજાશે

રાજકોટ તા.૧:

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ દ્વારા ભારતમાં પ્રથમ વખત રાજકોટમાં એજ્યુકેશન એક્સપો ૨૦૨૫નું આયોજન રેસકોર્ષ મેદાન ખાતે કરવામાં આવ્યું છે, જે આગામી ૫ દિવસ સુધી ચાલશે. આજરોજ તા. ૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલ એજ્યુકેશન એક્સ્પો આગામી ૫ ફેબ્રુઆરી સુધી કાર્યરત રહેશે, જેમાં ૩૦૦થી વધારે સ્ટોલ, ૮૦૦થી વધારે શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારી તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

બાળકોમાં એકલાપણુ દૂર કરવા માટે ખાસ આયોજન કરી તેમની સાથે તેમના મિત્રો, શિક્ષકો અને વાલીઓ પણ છે એવો ભાસ કરાવી ફિલ્મ મેકિંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૩ તારીખ સુધી અલગ-અલગ ૫ થીમ પર ફિલ્મ તૈયાર કરી વિદ્યાર્થીઓ રજૂ કરશે, જેમાંથી ૩૦ ફિલ્મનું સિલેક્શન કરી એક લાખ રૂપિયા જેટલી કિંમતનું પ્રોત્સાહન પણ આપવામાં આવશે.

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખે જણાવ્યું હતું કે, આ એક્સ્પોના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે એક ઉત્કૃષ્ટ સામાજિક સદેશનો પ્રચાર અને પ્રસાર થનાર છે. વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓમાં ચિંતા, ભય, એકલતા, ચીડિયાપણું જેવી અનેક પ્રકારની માનસિક સમસ્યા જોવા મળે છે અને તેના કારણે અનેક વિદ્યાર્થીઓ આત્મઘાતી પગલું પણ ભરી લેતા હોય છે. શિક્ષણ જગતના આ મહાકુંભના માધ્યમથી તેમનમાં આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા અને આત્મબળ પુરુ પાડવાના ઉદ્દેશ્યથી યુ આર નોટ અલોન એટલે કે આપ એકલા નથી, સમગ્ર શિક્ષણ જગત, વાલીગણ, શિક્ષકો, શાળા સંચાલકો, મિત્રો અને સમાજ તમારી સાથે છે આ સદેશો ફેલાવવામાં આવશે.

મનપા દ્વારા બાકીદારોની ૯ મિલ્કતો સીલ રૂા.૪૨.૬૦ લાખની રીકવરી

રાજકોટ, તા.૧

રાજકોટ મનપાના કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત ૯-મિલ્કતોને સીલ મારેલ તથા ૧૨-મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા તથા ૯-યુનિટની નોટીસ સામે રૂા.૪૨.૬૦ લાખની રીકવરી થયેલ.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી, આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર, તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સ્પેકટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

બજેટ શ્રમજીવી અને ખેડૂતો વિરોધી, ટ્રેડ યુનિયન

ગુજરાત સીટુના અગ્રણીઓ અરૂણ મહેતા તથા સતિષ પરમારની પ્રતિક્રિયા

ગુજરાતમાં તા.૫ થી ૧૦ દરમ્યાન અનેક સ્થળે સીટુના ઉપક્રમે બજેટની હોળી કાર્યક્રમ યોજાશે

રાજકોટ, તા.૧

આજે કેન્દ્રના નાણામંત્રી દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલ નવા નાણાંકીય વર્ષમાં બજેટને દેશભરના જુદાજુદા રાજકીયપક્ષોના નેતાઓ, જુદાજુદા સંગઠનો, જુદાજુદા ક્ષેત્રોના નિષ્ણાંતો વિગેરે દ્વારા મિશ્ર પ્રતિભાવો રજૂ કરવામાં આવી રહયા છે. કેન્દ્રના બજેટને સત્તાધારી પક્ષ અને સમર્થક પક્ષોના નેતાઓ દ્વારા ભરપેટ વખાણ કરવામાં આવી રહયા છે ત્યારે વિપક્ષોના નેતાઓ બજેટમાં છૂપાયેલ ત્રુટીઓ શોધી આકરી પ્રતિક્રિયા વ્યકત કરી રહયા છે. રાજ્યના શ્રમજીવી સંગઠન(સીટુ)ના ત્થા સી.પી.આઈ.ના અગ્રણી અરૂણ મહેતા ત્થા સતીષ પરમારે બજેટને ઘોર નિરાશાવાદી, ખેડૂતો, શ્રમજીવી અને બેરોજગારોને કંઈ જ વિશેષ ન મળ્યાનુ જણાવેલ છે.

સરકાર દ્વારા વાયદા અને વાતોની જાહેરાતો કરવામાં આવે છે પરંતુ છેલ્લા ૨-૩ વર્ષથી અનેકક્ષેત્રો માટે ફાળવવામાં આવતી રકમમાં વધારો થતો જ નથી પરિણામે જાહેરાત થાય પરંતુ પુરતા અમલીકરણનો અભાવ સર્જાતો હોવાના કારણે જાહેરાત માત્ર જાહેરાત જ બની રહે છે અને સાચા લાભાર્થી ખરા અર્થમાં લાભથી વંચિત રહી જતા આર્થિક સ્થિતીમાં કોઈ ખાસ મોટો સુધારો થતો નજરે પડતો નથી!

રજૂ કરાયેલ અંદાજપત્રમાં કેન્દ્ર અને રાજ્ય દ્વારા ચલાવવામાં આવતી અનેક કલ્યાણકારી યોજનાઓના ભંડોળમાં છેલ્લા ઘણો વર્ષોથી વધારો કરાયેલ નથી. જેમાં કરોડો શ્રમજીવીઓના પેન્શનમાં વધારાની આશા ઠગારી નિવડેલ છે. આંગણવાડી કાર્યકરો તેમજ મધ્યાહન ભોજન મનરેગા સહિતના કામદારોના વેતન વધારો કરાયો નથી તેમજ વધુ રકમની ફાળવણી થયેલ નથી જેથી આગામી તા.૫ તા.૧૦ સુધી સીટુ દ્વારા રાજ્યમાં અનેક સ્થળોએ બજેટની હોળીનો કાર્યક્રમ યોજવામાં આવશે.

દેશના કરોડો સંગઠીત ત્થા અસંગઠીત ક્ષેત્રોમાં કામ કરતા શ્રમિકો, ખેડૂતો, તેમજ કોન્ટ્રાકટ પરના કર્મચારીઓને નાણામંત્રી દરખાસ્તમાં કંઈ જ મળ્યું ન હોવાથી ગુજરાત સીટુ એકમ દ્વારા બજેટને એકંદરે સામાન્ય માનવી શ્રમજીવી, ખેડૂતો અને બેરોજગારો માટે નિરાશાજનક ગણાવેલ છે.

આંગણવાડી કાર્યકરોના ૧૩મીએ દિલ્હીમાં ધરણા

કેન્દ્રના નાણામંત્રી દ્વારા સંસદમાં રજૂ કરેલ અંદાજપત્રમાં અંદાજે દોઢ કરોડ જેટલા આંગણવાડી કાર્યકરો, આશાવર્કર તેમજ મધ્યાહન ભોજન કર્મચારીઓમાં ભારે નિરાશા પ્રાપ્ત થયેલ છે. જે બાબતે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના હોદ્દેદારો-આગેવાનો તેમજ સભ્યો દ્વારા આગામી તા.૧૩ ના રોજ દિલ્હીના તાલ કટોરા સ્ટેડિયમ ખાતે સમગ્ર દેશમાંથી ૧૦,૦૦૦ થી વધુ આંગણવાડી-આગેવાનોનું સંમેલન યોજવામાં આવનાર છે. જેમાં આંગણવાડી-આશાવર્કરો તેમજ મધ્યાહન ભોજન કર્મચારીઓની માંગણીઓ રજૂ કરી ધરણા-પ્રદર્શન યોજવામાં આવનાર છે.

રાજકોટ ચેમ્બર દ્વારા કેન્દ્રીય બજેટને આવકાર

રાજકોટ, તા.૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ નુ આઠમું સંપૂર્ણ બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સર્વાંગી વિકાસ માની આવકારે છે. ભારતની અર્થવ્યવસ્થા મજબુત બની છે તેમજ વિકસીત ભારત ૨૦૪૭ નો રોડમેપ તૈયાર કરાયેલ છે.

પ્રમુખ વી.પી.વૈષ્ણવ, ઉપપ્રમુખ પાર્થ ગણાત્રા, માનદમંત્રી નૌતમ બારસીયા, સહમંત્રી ઉત્સવ દોશી, ટ્રેઝરર વિનોદ કાછડીયા, તમામ કારોબારી સભ્યોએ આ બજેટને આવકારતા જણાવેલ કે, આ બજેટમાં તમામ વર્ગોનો સમાવેશ કરાયેલ છે. તેમજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામનને ૧૪ જેટલા વિવિધ મુદ્દાઓની રજુઆત કરવામાં આવેલ હતી. જેમાં ખાસ કરીને રાજકોટ ચેમ્બર દ્વારા ઈન્કમટેક્ષના સ્લેબમાં ફેરફાર કરીને ૧૦ લાખ સુધીની આવકમાં કોઈપણ ટેક્ષ લાગુ ન કરવો તે માંગણી સ્વીકારવામાં આવી છે. આમ સરકાર દ્વારા ૧૨ લાખ સુધીની આવકમાં કોઈપણ જાતનો ટેક્ષ વસુલવામાં આવશે નહી. વધુમાં રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાંથી રાજકોટમાં એમએસએમઈની સંખ્યા આશરે ૨ લાખથી વધુ હોય ત્યારે આ બજેટમાં સ્ટાર્ટ અપને ૨૦ કરોડ અને એમએએમઈ માટે ૧૦ કરોડની મર્યાદા વધારવાથી એમએસએમઈને વધુમાં વધુ ફાયદો થશે અને રોજગારીનુ પણ નિર્માણ થશે. ખાસ કરીને બજેટમાં શહેરી વિકાસ, ગ્રામીણ, અર્થવ્યવસ્થા, ઉદ્યોગો, આવાસ, ગરીબ, મહિલા, કિશાન, આરોગ્ય વિગેરે પણ વધુ ફોકસ કરવામાં આવેલ છે.

જાહેર માર્ગો પર દબાણ રૂપ ૧૨૬૫ બોર્ડ-બેનરો જપ્ત કરતુ મનપા

રૂા.૯૭ હજારનો વહીવટી ચાર્જ વસુલાયો

રાજકટ, તા.૧

રાજકોટ મનપાની દબાણ હટાવ શાખા રાજકોટ શહેરમાં જુદીજુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણરૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતુ લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ જેમાં રેકડી-કેબીન ૫૭, પરચુરણ માલ-સામાન ૧૧૯, શાકભાજી-ફળ (કિ.ગ્રા.) ૬૧૭ તથા બોર્ડ-બેનર ૧૨૬૫ જપ્ત કરવામાં આવ્યા હતા.

તમામ ક્ષેત્રોને આવરી લેતુ સમતોલ અને વિકાસ લક્ષી બજેટ : સાંસદ વિનોદ ચાવડા

રાજકોટ, તા.૧

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫ ના બજેટને નાણામંત્રી નિર્મલા સીતારમણે આઠમી વખત સંસદ સમક્ષ રજુ કરતા એક શસક્ત ભારતના નિર્માણની તરફ આગળ વધતા ભારતના વિકાસમાં સહયોગી બને તેવુ બજેટ રજૂ કર્યું હતુ.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ બજેટને આવકારતા જણાવ્યું હતું કે, આશા વિકાસ અને તમામ ક્ષેત્રોને આવરી લેતુ સમતોલ અને વિકાસલક્ષી આ બજેટ છે. જેમાં મહિલા સશક્તિકરણ, યુવા રોજગાર સાથે વિકાસ અને ફુગાવા પર નિયંત્રણ માટે પરિયોજનાઓ માટે પ્રાવધાન છે. ધરતી પુત્રોને કૃષિ ઉત્પાદન માટે સમર્થન, રોજગાર અને કૌશલ્ય, ઉત્પાદન સેવાઓ, શહેરી વિકાસ, ઉર્જા સુરક્ષા ઈન્ફ્રાસ્ટ્રકચર, આગલી પેઢીને માર્ગદર્શન મળે વિકસીત ભારત માટે સતત પ્રયાસોની જાહેરાત કરી છે. યુવાનો, મહિલાઓ, કૃષિ ગ્રીન ગ્રોથ પર સરકારનું ફોકસ સાથે ટુરિઝમને મહત્વ, કૌશલ વિકાસ યોજનાઓ માટે બજેટમાં પ્રાવધાન કરવામાં આવેલ છે. તેમ સાંસદએ જણાવ્યું હતુ બજેટને આવકારતા કેન્દ્ર સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારતનું સ્વપ્ન સાકાર થશે

કેન્દ્રીય બજેટને આવકારતા મનપાના પદાધિકારીઓ

રાજકોટ, તા.૧

કેન્દ્ર સરકારના નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સતત આઠમી વખત કેન્દ્ર સરકારનું નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનુ બજેટ રજૂ કરવામાં આવ્યું. કેન્દ્રીય બજેટને હર્ષભેર આવકારતા રાજકોટ મનપાના મેયર નયના પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કિમટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષ રાડીયા એક યાદીમાં જણાવે છે કે, આ બજેટથી દેશના મધ્યમ અને ગરીબ પરિવારના લોકો ખેડૂતો, ઉદ્યોગ સાહસિકો, બેરોજગારી, વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો, નોકરીયાત વર્ગ, ડેરી અને પશુપાલન ક્ષેત્ર, પર્યટન ક્ષેત્ર વગેરે વર્ગોને મોટો ફાયદો થશે અને દેશનો સર્વાંગી અને સમતોલ વિકાસ થશે.

આ બજેટમાં વિવિધ ક્ષેત્રોમાં તેમજ યોજનાઓમાં કરવામાં આવેલ વિશેષ જોગવાઈને લીધે દેશનો આર્થિક, માળખાકીય, ટેકનોલોજીના ક્ષેત્રે ખરા અર્થમાં અને સર્વાંગી વિકાસ થશે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું સ્વપ્ન ચોક્કપણે સાકાર થશે.

બજેટમાં ગુજરાતનો એકવાર પણ ઉલ્લેખ નથી કરાયો

અમિત ચાવડાએ બજેટને ગુજરાતીઓ માટે ભ્રમિત કરનારું અને નિરાશાજનક ગણાવ્યું

અમદાવાદ, તા.૧

ભારત સરકારના ૨૦૨૫-૨૬ના બજેટ પર પોતાને લાગતી નારાજગી વ્યક્ત કરતાં, કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ કહ્યું કે આ બજેટમાં ગુજરાતનો એકવાર પણ ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. તેમણે આ બજેટને ગુજરાતીઓ માટે ભ્રમિત કરનારું અને નિરાશાજનક ગણાવ્યું.અમિત ચાવડાએ જણાવ્યું કે આ બજેટ ૧૧મા વર્ષમાં પણ ગુજરાતના લોકોની આશાઓને ઠગવાની નીતિ પર કામ કરે છે. તેઓએ કહ્યું, "આજે રાજયના જનતા આ બજેટથી નિરાશ છે. રાજ્ય માટે નક્કર વિકાસની યોજના અને રાહતના કોઈ સ્પષ્ટ ઉદ્દેશ્ય નથી."તેમણે આ બજેટમાં દેવા માફી વિશે કોઈ સ્પષ્ટ વાત નહીં થવા અને દેશની આર્થિક સ્થિતિના નબળા બની રહેલા સ્તરે હોવાનો પણ ઉલ્લેખ કર્યો.

"ડોલર સામે રૂપિયાનું અવમૂલ્યન થઈ રહ્યું છે અને શિક્ષણમાં સુધારાની કોઈ સ્પષ્ટ દરકાર નથી," એમ તેમણે કહ્યું.

તેમણે આ બજેટમાં ઈકમટેકસમાં રાહત આપવાનો સકારાત્મક ઉલ્લેખ કર્યો, પરંતુ કહ્યું કે આ રાહતનો ફાયદો માત્ર ૪ ટકા લોકોને જ થશે, જ્યારે સામાન્ય નાગરિકોને આ બજેટમાંથી કોઈ ખાસ ફાયદો મળતો નથી. તેને

ભારત સરકારના આર્થિક આયોજન પર નકારાત્મક ટિપ્પણી કરી અને ગુજરાતના લોકો માટે વધુ સ્પષ્ટ અને લાભદાયક નીતિ અપેક્ષી છે.

ડાકોરમાં જુગાર રમતા ૧૩ શખ્સની ધરપકડ

ડાકોર, તા.૧:રણછોડરાય ભગવાનના ધામ ડાકોરમાં જુગાર રમતા ૧૩ શખ્સોની સ્ટેટ મોનીટરિંગ સેલ પોલીસે ધરપકડ કરી હતી. તેમની પાસેથી પોલીસે રોકડ રકમ અને વાહનો મળીને રૂ.૧,૮૪,૫૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. SMC ની ટીમને માહિતી મલી હતી કે ખેડાના ડાકોરમાં ગાંધીબાગ ગેટ પાસે ગોમતી ઘાટ ખાતે કેટલાક શક્સો જુગાર રમતા હોવાની માહિતી મળી હતી. જેને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો.

જેમાં જુગાર રમતા ૧૩ શખ્સો ઝડપાયા હતા. તેમની પાસેતી પોલીસે રૂ.૪૦,૦૩૦ રોકડા અને ચાર વાહનો તથા ૧૦ મોબાઈલ મળીને કુલ રૂ. ૧,૮૪,૫૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓને બાદમાં ડાકોર પોલીસને સોંપવામાં આવ્યા હતા. વધુ તપાસ ડાકોર પોલીસ કરી રહી છે.

અવસાન નોંધ

મોરબી:મોરબી કાંતિલાલ મોહનભાઈ હાડા (ઉ.વ.૭૩) (નિવૃત રેલ્વે કર્મચારી) તે રવિ અને રાહુલ () ના પિતાશ્રીનું તા. ૩૧-૦૧-૨૦૨૫ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયું છે સદગતનું બેસણું તા. ૦૩-૦૨-૨૦૨૫ ને સોમવારે સાંજે ૪ થી ૫ ૩૦ કલાકે શ્રી રામ મહેલ મંદિર, દરબારગઢ મોરબી ખાતે રાખેલ છે.

રાજકોટ : પ્રવિણભાઈ (મુનાભાઈ) કનકભાઈ ચૌહાણ ઉ.વ.

મોરબીઃ ટ્રાફિક પોલીસને જાનથી મારી નાખવાના ઈરાદે આઈસર ચાલકે બાઈકને ટક્કર મારી

બે ટ્રાફિક જવાનોને ઈજા પહોંચી, આઈસર ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૧:

મોરબી નજીક રોંગ સાઈડમાં આઈસર ટ્રક આવતો હોવાથી ટ્રાફિક પોલીસે ઉભું રાખવા ઈશારો કર્યો હતો પરંતુ ટ્રક ચાલકે ઉભો ના રાખી ટ્રાફિક પોલીસ નજીકથી કાવો મારી આઈસર ભગાડતા પોલીસે પીછો કર્યો હતો ત્યારે જાનથી મારી નાખવાના ઈરાદે પોલીસના બાઈકને ટક્કર મારી પછાડી દઈને બે ટ્રાફિક પોલીસકર્મીને ઈજા પહોંચાડી આઈસર ટ્રક મૂકી ચાલક નાસી ગયો હતો

મોરબી ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા કીસોરભાઈ મનજીભાઈ સોલગામાએ આઈસર ટ્રક જીજે ૦૧ સીઝેડ ૯૩૨૪ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદી કિશોરભાઈ, ભાવેશભાઈ લાખાભાઈ નાટડા અને ટી આર બી જવાન મેહુલ ભોજાભાઈ સીતાપરા મોરબી -૦૨ સીટી વિસ્તારમાં ટ્રાફિક નિયમન કામગીરી માટે પેટ્રોલિંગમાં હોય દરમિયાન સાડા અગિયાર પોણા બારેક વાગ્યે બાઈક પર મોરબી સામાકાંઠાથી રવિરાજ ચોકડી તરફ જતા હોવે પર સનુરા સિરામિક સામે ચામુંડા હોટેલ પાસે ટ્રાફિક કામગીરી કરતા હતા ત્યારે મહેન્દ્રનગર ચોકડી તરફથી એક આઈસર ટ્રક રોંગ સાઈડમાં આવતા તેને ઉભું રાખવા ઈશારો કર્યો હતો અને ટ્રક ચાલક થોડું ધીમું પાડયો હતો અને જ્યાં ઉભા હતા ત્યાં એકદમ કાવો મારી પોતાનો ટ્રક લઈને ભગાડતા ટ્રાફિક જવાનો માંડ માંડ બચી ગયા હતા

જેથી ફરિયાદી કિશોરભાઈ અને મેહુલભાઈ આઈસર ટ્રકનો બાઈકથી પીછો કર્યો હતો ટ્રક ચાલકે આગળ જઈને યુ ટર્ન મારી સામે ફૂલ સ્પીડમાં આવી મારી નાખવાના ઈરાદે આઈસરથી બાઈકને ટક્કર મારી હતી જેથી બાઈક સવાર બંને ટ્રાફિક પોલીસ જવાનો પડી જતા ઈજા પહોંચી હતી બાઈકને ટક્કર મારી આઈસર ટ્રક મૂકી ચાલક નાસી ગયો હતો મોરબી સીટી બી ડીવીઝન પોલીસે આરોપી આઈસર ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

દેશી જામગરી બંદુક સાથે એક ઝડપાયો

મોરબી તાલુકાના ગાળા ગામની સીમમાંથી દેશી બનાવટની જામગરી બંદુક સાથે પોલીસે એક ઈસમને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન ગાળા ગામની સીમમાં ગાળા-પાવડીયારી રોડ પર ગાળા ગામના પુલ પાસે એક ઇસમ દેશી હથિયાર સાથે હોવાની બાતમી મળતા ટીમે સ્થળ પર રેડ કરી હતી અને ગાળા ગામના પુલ પાસેથી આરોપી સિકંદર ઉર્ફે સિકલો કાસમ સંધવાણી (ઉ.વ.૪૨) રહે માળિયા (મી.) વાળાને દેશી બનાવટની જામગરી બંદુક નંગ ૦૧ કીમત રૂ ૨૦૦૦ સાથે ઝડપી લઈને આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ ચલાવી છે

જુગાર રમતો ઇસમ ઝડપાયો

માળિયા નગરમાં જાહેરમાં વરલી ફીચર આંકડા લખી જુગાર રમતા ઈસમને ઝડપી લઈને પોલીસે રોકડ રકમ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. માળિયા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન ખોડવાસ શેરીના નાકા પાસે બાતમીને આધારે રેડ કરી હતી જ્યાં આરોપી અયુબ ઉમરભાઈ સામતાણી (ઉ.વ.૩૨) રહે માળિયા કોળીવાસ વિસ્તાર વાળાને જાહેરમાં વરલી જુગાર રમતા ઝડપી લઈને આરોપી પાસેથી જુગાર સાહિત્ય અને રોકડ રૂ ૫૨૦ જપ્ત કરી છે

દેશના કુલ વેટલેન્ડ વિસ્તારમાં ગુજરાતનો હિસ્સો ૨૧.૯ ટકા

ગાંધીનગર,તા.૧

ગુજરાત વિવિધ વેટલેન્ડ્સ સ્વરૂપે અમૂલ્ય કુદરતી વારસો ધરાવે છે,ઈજે રાજ્યના પર્યાવરણીય સ્વાસ્થ્ય, જૈવવિવિધતા અને અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે. વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં કુદરતી સંસાધનોના સંવર્ધનના પરિણામે ગુજરાત સમગ્ર દેશના કુલ વેટલેન્ડ વિસ્તારમાં ૨૧.૯ ટકા હિસ્સો ધરાવે છે જે ભારતના તમામ રાજ્યો કરતાં મહત્તમ છે.

ગુજરાતના વેટલેન્ડ્સ ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે, જે ગુજરાતના ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકાનો સમાવેશ કરે છે. આ એક અનોખી વિશિષ્ટતા છે કારણ કે દેશના ૧ ટકાથી વધુ વેટલેન્ડ વિસ્તાર ધરાવતું ગુજરાત ભારતનું એકમાત્ર રાજ્ય છે. સ્પેસ એપ્લિકેશન સેન્ટર ઈસરો ૨૦૨૧ દ્વારા ભારતીય વેટલેન્ડ્સના અવકાશ આધારિત અવલોકન મુજબ, ગુજરાતમાં કુલ ૧૭,૬૧૩ વેટલેન્ડ્સ છે, જે કુલ ૩,૪૯૯,૪૨૯ હેક્ટર વિસ્તારને આવરી લે છે. તેમાં મુખ્યત્વે અંતરિયાળ-કુદરતી વેટલેન્ડ્સ, અંતરિયાળ-માનવ નિર્મિત વેટલેન્ડ્સ, દરિયાકાંઠાના માનવ નિર્મિત વેટલેન્ડ્સ ઉપરાંત દરિયાકાંઠાના કુદરતી વેટલેન્ડ્સનો સમાવેશ થાય છે. ગુજરાતમાં મહત્તમ ૬૭ ટકા વિસ્તાર ખાડીઓનો, ત્યારબાદ ૪૬.૮ ટકા વિસ્તાર કળણો, ૯૧.૬ ટકા સોલ્ટ માર્શ અને ૭૫.૫ ટકા વિસ્તાર મીઠાના અગરો ધરાવે છે.

ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં તા. ૨જી ફેબ્રુઆરીએ 'વર્લ્ડ વેટલેન્ડ ડે' ઉજવાઈ રહ્યો છે. આ વર્ષે 'વિશ્વ જળ પ્લાવિત દિવસ'ની વિષયવસ્તુ "પ્રોટેકટીંગ વેટલેન્ડ ફોર અવર કોમન ફ્યુચર" એટલે કે "આપણા સહિયારા ભવિષ્ય માટે જળ પ્લાવિત વિસ્તારોનું રક્ષણ''નક્કી કરવામાં આવ્યું છે.

માળિયાઃ ટેન્કરમાંથી ડીઝલ ચોરીનો પર્દાફાશ, રૂા.૪૩.૭૪ લાખના મુદામાલ સાથે બે ઝડપાયા

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૧:

માળિયા તાલુંઅકના ચાચાવદરડા ગામની સીમમાં ટેન્કરમાંથી ડીઝલ ચોરી કરવાનું કોભાંડ ઝડપી લઈને માળિયા પોલીસે બે ઇસમોને ઝડપી લીધા હતા સ્થળ પરથી પોલીસે ડીઝલ ટેન્કર સહીત કુલ રૂ ૪૩.૭૪ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે

માળિયા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન મોટી બરાર ગામનો દશરથ જશાભાઈ હુંબલ દેવભૂમિ દ્વારકાથી કચ્છ તરફ જતા ટેન્કરમાંથી ઓઈલ/ડીઝલ અને પેટ્રોલ ચોરી કરતો હોવાની બાતમી મળતા પોલીસે ચાચાવદરડા ગામની સીમમાં બંધ ફાર્મ હાઉસ પાસે ખરાબામાં રેડ કરી હતી જ્યાં સ્થળ પરથી ટેન્કર ૧૪ ૩૭૯૦ વાળું પડ્યું હતું અને ટેન્કરમાંથી ડીઝલ ઓઈલની ચોરીનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો માળિયા પોલીસે સ્થળ પરથી આરોપી નવદીપ પુરણભાઈ દુકીયા (ઉ.વ.૨૪) અને તારાચંદ હરલાલસિંગ દુકિયા (ઉ.વ.૨૭) રહે બંને ખાવડી જામનગર મૂળ રહે રાજસ્થાન વાળાને ઝડપી લીધા હતા

સ્થળ પરથી એલ.ડી.ઓ ભરેલ ટેન્કર કીમત રૂ ૪૩,૦૯,૦૦૦ એલ.ડી.ઓ ભરેલ બેરલ નંગ ૦૪ અને કેરબા નંગ ૦૬ કીમત રૂ ૫૨,૨૫૦ અને ૨ મોબાઈલ કીમત રૂ ૧૦,૦૦૦ સહીત કુલ રૂ ૪૩,૭૪,૬૫૦ ની કિમતનો મુદામાલ જપ્ત કર્યો છે રેડ દરમિયાન આરોપી દશરથ જશભાઈ હુંબલ રહે મોટી બરાર તા. માળિયા વાળો નાસી જતા માળિયા પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે

જામનગરઃ નાઘેડીમાં તેમજ મેઘપરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

(નયના દવે દ્વારા)
જામનગર તા.૧:

જામનગર જિલ્લાના મેઘપર અને જામનગર તાલુકાના નાઘેડી ગામ માંથી રોકડા અને મોબાઈલ ફોન ચોરી ના અલગ અલગ બે ગુના બન્યા હતા. આ બંને ગુના નો ભેદ ઉકેલવામાં એલસીબી પોલીસને સફળતા સાંપડી છે .અને ચોરાઉ રોકડ અને ત્રણ મોબાઇલ સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

ગત તા.૧૭/૯/૨૩ ના રોજ મોટી ખાવડી માં રહેતો અશોકકુમાર જયબહાદુર થાપા મેઘપર ગામ ની સામે ભરાતી ગુજરી બજારમાં માલ સામાનની ખરીદી કરવા ગયેલ ત્યારે કોઇ અજાણ્યા ચોર શખ્સ એ તેના પેન્ટ ના ખિસ્સા માંથી રૂ. ૮૦૦૦ ની કીમત નો મોબાઇલ ફોન ચોરી કરી લીધો હતો. આ અંગે પોલીસ મા ફરિયાદ નોંધાવાઈ હતી.તેમજ પંદર દિવસ પહલાં નાઘેડીમાં રહેતા ભુપતભાઇ ગોકળભાઇ ધોડાસરાના રહેણાંક મકાનમાં ઉપરના માળે ચાર્જીંગમા રાખેલ વીવો કંપની નો તથા ટેકનો કંપની ના મોબાઇલ ફોન તથા રોકડ રૂપીયા ૧૦,૦૦૦ ની કોઇ ચોરી કરી લઇ ગયા હતા.

એલ.સી.બી.ના પોલીસ ઇન્સ. વી.એમ.લગારીયા ના માર્ગદર્શન, મુજબ એલ.સી.બી. સ્ટાફ તપાસ મા હતો, દરમ્યાન એલ.સી.બી. સ્ટાફ ને મળેલ બાતમી ના આધારે આરીફભાઇ રફીકભાઇ મકરાણી (રહે, શંકરટેકરી, સુભાષપરા શેરી નંબર-૨ જામનગર) તથા દિનેશ દામજીભાઇ રાંદલપરા (રહે, શંકરટેકરી) ને લાલપુર બાય પાસે થી , ચોરી કરેલ રોકડ રૂ. ૧૦,૦૦૦ તથા ત્રણ અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન કિ.રૂ. ૨૩,૦૦૦ મળી કુલ રૂ. ૩૨૦૦૦ -ના મુદામાલ સાથે પકડી પાડવામાં માં આવ્યા છે. આરોપીઓની પુછપરછ કરતા નાઘેડી માં રહેણાંક મકાનમાં ચોરી કરવામા પોતાની સાથે અજયભાઇ ઉર્ફે કારો જેન્તીભાઈ રાઠોડ (રહે. શંકરટેકરી સુભાષપરા) પણ સાથે હોવાનું જણાવ્યું હતું. જેને ફરારી જાહે કરી તેને પકડવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

હાલાર પંથકમાં પાંચ દિવસમાં રૂા.૩.૧૧ કરોડની વિજચોરી પકડાઈ

(નયના દવે દ્વારા)
જામનગર તા.૧:

જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગત સોમવારથી વિજ તંત્ર દ્વારા પુનઃવિજ ચેકિંગની કામગીરી શરૂ કરાયા બાદ ગઈકાલે શુક્રવાર સુધીના પાંચ દિવસના વીજ ચેકિંગ દરમિયાન કુલ ૩ કરોડ ૧૧ લાખની વિજ ચોરી પકડી લેવામાં આવી છે. ગઈકાલે શુક્રવારે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત લાલપુર ગ્રામ્ય વિસ્તાર તથા ખંભાળિયા ના ગ્રામ્ય વિસ્તારમાં વિજ ચેકિંગ કરવામાં આવ્યું હતું.ગઈકાલે કુલ ૪૭ જેટલી વિજચેકિંગ ટુકડી ને મેદાનમાં ઉતારવામાં આવી હતી, જેની મદદ માટે એસઆરપીના ૧૨ જવાનો, ૧૯ પોલીસ કર્મચારી તથા ત્રણ વિડિયોગ્રાફર ને જોડવામાં આવ્યા હતા. ગઈકાલે કુલ ૫૪૬ વીજ જોડાણ તપાસવામાં આવ્યા હતા.જેમાં થી ૯૩ વીજ જોડાણ માં ગેરરીતિ જોવા મળતાં આવા આસામીઓ ને કુલ રુ.૪૮.૨૦ લાખ નાં વીજ ચોરી ના પુરવણી બિલ આપવામાં આવ્યા હતા.

વાંકાનેરમાં સગીરા સાથે દુષ્કર્મ આચરનાર નરાધમને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને દંડ

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૧:

વાંકાનેર પંથકમાં ૧૬ વર્ષની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું જે કેસ પોક્સો કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને કસુરવાન ઠેરવી ૨૦ વર્ષની આજીવન સખ્ત કેદની સજા અને રૂપિયા ૨૫ હજાર દંડ ફટકાર્યો છે

જે કેસની પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ ૨૦૧૮ માં વાંકાનેર તાલુકાના ગ્રામ્ય પંથકમાં ૧૬ વર્ષની સગીરાનું અપહરણ કરી લઇ ગયો હતો અને સગીરા સાથે શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું જે બનાવ મામલે ભોગ બનનારના પિતાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધી તપાસ ચલાવી હતી જે ગુનામાં સંડોવાયેલ આરોપી પરેશ માનસિંગ મેર (ઉ.વ.૨૧) વાળાને ઝડપી લીધો હતો

જે કેસ સ્પે. પોક્સો કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને કસુરવાન ઠેરવ્યો હતો ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ મુજબ ૫ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ ૫૦૦૦ દંડ, કલમ ૩૬૬ મુજબ ૭ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ ૧૦,૦૦૦ દંડ તેમજ કલમ ૩૭૬ (૨) (એચ)(આઈ)(એન) ની સાથે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ ની કલમ ૩ (એ), ૪ મુજબના ગુનામાં ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ ૧૦,૦૦૦ દંડ ફટકાર્યો છે જે તમામ સજા એકસાથે ભોગવવા હુકમ કરવામાં આવ્યો છે અને ભોગ બનનારને વળતર માટેની યોજના અન્વયે રૂ ૪ લાખ અને આરોપી દંડની રકમ ભરે તે રૂ ૨૫,૦૦૦ સહીત કુલ રૂ ૪,૨૫,૦૦૦ ચુકવવા આદેશ કરવામાં આવ્યો છે

જામનગરઃ દરેડમાં યુવાનનો પત્નીના વિયોગમાં આપઘાત

(નયના દવે દ્વારા)
જામનગર તા.૧:

જામનગર નજીક દરેડ વિસ્તારમાં રહેતા મારવાડી યુવાને પોતાની પત્ની રીસાણી ચાલી ગઈ હોવાથી તેણીના વિયોગમાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક દરેડ વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા દેવાભાઈ મોતીભાઈ નામના ૩૦ વર્ષના મારવાડી યુવાને ગઈકાલે પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો, ત્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતક ના નાના ભાઈ વસંતભાઈ મોતીભાઈ મારવાડીએ પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝનના પોલીસ સ્ટાફે બનાવના સ્થળે તેમજ જીજી હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબ્જો સંભાળ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક યુવાનની પત્ની રિસામણે ચાલી ગઈ હોવાથી તેનું મનમાં લાગી આવતાં આ પગલું ભરી લીધું હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

જામનગરમાં યુવતીને આત્મહત્યાની દુષ્પ્રેરણા આપવાના કેસમાં ત્રણ આરોપીને દસ વર્ષની સજાનો હુકમ

(નયના દવે દ્વારા)
જામનગર તા.૧:

જામનગરના ત્રણ શખ્સ સામે ગત વર્ષ મા આત્મહત્યાની દુષ્પ્રેરણા અંગેનો ગુન્હો નોંધાયો હતો . જે કેસ માં અદાલતે ત્રણ આરોપીઓ ને દસ-દસ વર્ષ ની કેદ અને રૂ.૫૦-૫૦ હજાર નો દંડ ફટકાર્યો છે. જામનગર મા રહેતી એક યુવતી એ ગત તા..૧૬/૧૦/ ૧૪ ના આપઘાત કર્યો હતો, આ અંગે પોલીસ મા ફરિયાદ નોંધાવાઈ હતી. જેમાં મૃતક યુવતી નાં રૂમ માંથી એક સ્યુસાઈડ નોટ મળી આવતા પોલીસે તેને કબ્જે કરી હતી .જેમાં લખાયું હતું કે બાલુ કનારા મને ધમકી આપતો હતો કે , હું કહું તેમ નહીં કરીશ તો તને અને તારા પરિવાર ને મારી નાખીશ. આથી ડરના માર્યા હું તેની સાથે જતી હતી બહાર થી તેના મિત્રો આવે ત્યારે પણ મને બોલાવતો હતો. અને મને બળજબરી થી કેફી પીણું પીવડાવવામાં આવતું હતું.અને મારા વિડિયો પણ આરોપીઓ દ્વારા બનાવાયા હતા.

આ કૃત્ય માં પરેશભાઈ ભાયાભાઇ હાથલિયા અને અનિલ ભાયાભાઈ હાથલીયા પણ સાથે હતા.આથી પોલીસે આ બાબતે આરોપીઓ બાલુભાઈ દેવાભાઈ કનારા, પરેશ ભાયાભાઈ હાથલીયા તથા અનિલ ભાયાભાઈ હાથલીયા નામના ત્રણ શખ્સ સામે આત્મહત્યા ની દુષ્પ્રેરણા આપવા અંગે ગુન્હો નોંધાયો હતો. આ અંગે ભોગ બનનાર યુવતી ના પિતા એ પોલીસ મા ફરિયાદ નોંધાવી હતી. પરિણામે પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. ઉપરોક્ત કેસ જામનગર ની અદાલતમાં ચાલી જતાં અદાલતે સરકારી વકીલ ભારતીબેન વાદી ની દલીલો ગ્રાહ્ય રાખી એડી. ડિસ્ટ્રિક્ટ કોર્ટ નાં ન્યાયધીશ વી પી અગ્રવાલ એ ત્રણેય આરોપી ને દસ વર્ષ ની સખત કેદની સજા તથા રૂ.૫૦ હજારનો વ્યક્તિગત દંડ ફટકાર્યો છે. અને જો દંડ ભરવામાં ન આવે તો વધુ છ મહિના ની કેદની સજા આપવામાં આવી છે. દંડની રકમ વળતર પેટે મૃતક ના માતા ને ચૂકવવા પણ આદેશ કર્યો છે.

પત્ની અને મિત્ર દંપતી સાથે ગયા હતા પ્રયાગરાજ

મહાકુંભમાં રાજકોટના આધેડનું શ્વાસ ચડ્યા બાદ મોત

પ્રયાગરાજ, તા.૧

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં સ્નાન કરવા માટે દેશ-વિદેશ સહીત ગુજરાતમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. ત્યારે મહાકુંભમાં વધુ એક ગુજરાતીનું મોત નીપજ્યું છે. જેમાં રાજકોટના ૫૩ વર્ષીય આધેડને શ્વાસ ચડતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજતાં શુક્રવારે તેમના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ લાવવામાં આવ્યા હતો. શુક્રવારે તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ઁફઝન્ના કર્મચારીઓ અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટના પ્રતીક ટેનામેન્ટ રહેતા કિરીટસિંહ રાઠોડ પોતાની પત્ની અને મિત્ર દંપતી સાથે ગત ૨૪ જાન્યુઆરીએ અમદાવાદથી ફ્લાઈટ મારફતે મહાકુંભમાં સ્નાન કરવા ગયા હતા. મહાકુંભમાં તેમણે સાધુ સંતોને જમાડવા માટે રસોઈ બનાવવા સહિતના સેવા કાર્યો કર્યા હતા. આ દરમિયાન ૩૦ જાન્યુઆરીએ વહેલી સવારે તેમને ચક્કર આવતાં ઢળી પડ્યા હતા.

જેથી તેમને મહાકુંભમાં ઉભા કરાયેલા હોસ્પિટલમાં તપાસ અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમને વધુ શ્વાસ ચડતાં રાયબરેલી ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજયું હતું. ત્યારબાદ શુક્રવારે તેમના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફતે રાજકોટ લાવવામાં આવ્યા હતો. શુક્રવારે તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. જેમાઁફઝન્ના કર્મચારીઓ અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે અચાનક જ આકસ્મિતક રીતે ઘરના મોભીને ગુમાવતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. એક પુત્ર છે જે વડોદરા ખાતે નોકરી કરે છે.

રાજકોટઃ જાહેરમાં ઘોડી પાસાનું જુગારધામ પકડાયું

એ ડિવિઝને દરોડો પાડી ચાર શખ્સોની ધરપકડ કરી રૂા.૪૧૩૦નો મુદ્દામાલ કબજે કર્યો

રાજકોટ તા.૧:

શહેરના ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એરીયા વિસ્તારમાં આવેલા વિજય ટ્રાન્સપોર્ટ ની પાસે જાહેરમાં ઘોડી પાસા જુગાર રમતા ચાર શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૪૧ ૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. શહેરમાં દારૂ અને જુગારની બધી ડામી દેવા પોલીસ કમિશનર બ્રિજેશ જાયે આપેલી સૂચનાને પગલે એ ડિવિઝન પોલીસ મથકના કાપ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એરિયા પાસે આવેલા વિજય ટ્રાન્સપોર્ટની નજીક જાહેરમાં કોળી ભાષાનો જુગાર રમતો હોવાની પ્રો એસ આઈ મયુરભાઈ આજગ્યા ને મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ પરમાર સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા અલ્પેશ કિરીટ રાઠોડ ,દીપક મનજી નકુમ ,દાઉદ જુમ્મા ગોધાવ્યા અને રજાક નુર મોહમ્મદ ચુડાસમા ની ધરપકડ કરી ૪૧૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

રાજકોટઃ પુત્રએ મિત્ર સાથે મળી માતા-પિતા અને પત્નીને ધોકા વડે મારમાર્યો

યુનિવર્સિટી પોલીસને કેમ જાણ કરો છો તેમ કહી ડ્રગ્સ, દારૂ અને મારામારીના ગુનામાં સંડોવાયેલા શખ્સે પરિવાર પર ઉપાડ્યો હાથ

રાજકોટ તા.૧:

શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલા પંચાયત ચોક નજીક શિવ શક્તિ કોલોની માં રહેતા યુવાને યુનિવર્સિટી પોલીસને કેમ જાણ કરો છો તેમ કહી મિત્રની મદદથી માતા, પિતા અને પુત્રવધુને ધોકા વડે માર મારી અને પુરા ખાનદાનનું પૂરું કરી નાખવાનું કહી ધમકી આપ્યા અંગેની પોલીસ પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે.

વિગત મુજબ શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલી શિવ શક્તિ કોલોની ઉમિયા કૃપા મકાનમાં રહેતા ગોવિંદભાઈ નાથાભાઈ ભૂત નામના એસસી કરવા પટેલે તેના પુત્ર અને તેનો મિત્ર મોરબીનો અને હાલ રાજકોટ રહેતો ધીરેન ચાવડા નામના શખ્સોએ ધોકા વડે માર માર્યા અંગેની યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ઉમંગ ભૂત અગાઉ ડ્રગ્સ, દારૂ અને મારામારીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.અમો પરીવાર જનો ઘરે હાજર હતા અને મારા દિકરા ઉમગની જમવા અર્થે રાહ જોતા હતા તે દરમિયાન દિકરો ઘરે આવેલ અને મારી પાસે છરી માગેલ જેથી મે છરી નથી તેમ જણાવી કોની સાથે માથાકુટ કરેલ છે તેમ પુછતા મારા બાદ તે મની પત્ની પાયલને છરી બાબતે પુછવા લાગેલ જેથી પાયલે જણાવેલ કે છરી તમો લઈ ગયેલ છો તેમ જણાવતા આ મારા દિકરા સાથે આવેલ ધીરેન ચાવડા સાથે હોય ધીરેન અમારા ઉપરના મકાનેથી ધોકો લઇ આવી ઉમંગને આપેલ મને તથા મારી પત્નીને તથા અમારી વહુ દિકરીને જેમ ફાવે એમ એકદમ ઉશ્કેરાઈ જઈ ભુંડી ગાળો દઈ તમો યુનિવર્સીટી પોલીસ ને કેમ જાણ કરો છો કે હુ તમો બધાને માર મારૂ છુ. આજે પુરા ખાનદા નનુ પુરૂ કરી નાખવું છે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. બાદ આ ઉમંગ તથા તેનો મિત્ર ધીરેન ચાવડા ત્યાથી જતા રહેલ પો.સ્ટે ખાતે ફરીયાદ કરવા આવેલ છીએ પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ એએસઆઈ એચ જે જોગડા ચલાવી રહ્યા છે.

રાજુલાઃ બે બાઈક સામસામે અથડાતાં બે ના ઘટના સ્થળે મોત, ત્રણને ઈજા

(ધર્મેશ મહેતા દ્વારા)
રાજુલા તા.૧:



રાજુલાના બારપટોળી ગામ નજીક ગંભીર અકસ્માતની ઘટના બની હતી. રાજુલા ખાતે પરીક્ષા આપવા આવેલા વિધાર્થીઓને અકસ્માત નડયો હતો. બારપટોળી ગામ નજીક બે ટુ-વ્હીલર સામ-સામે અથડાતાં ૨ વિધાર્થીઓના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. જેમાં અનિલ જીણાભાઇ સાખટ, ઉ.વ. ૧૬ , કાતર ગામ, યોગેશ ભરતભાઇ બારૈયા, કાતર, ઉ.વ.૧૬ નું મોત થયું હતું. જયારે અન્ય એક વિદ્યાર્થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો જેને વધુ સારવાર માટે ભાવનગર ખસેડાયો છે. રાજુલા ખાતે જે.એ. સંઘવી હાઈસ્કૂલમા પરીક્ષા આપી તેમના ઘરે કાતર ગામ તરફ જતા સમયે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક વિધાર્થી સહિત બે વ્યક્તિ થયા ઇજાગ્રસ્ત થયા હતા. ૧૦૮ મારફતે મૃતકોને રાજુલા જનરલ હોસ્પીટલ ખાતે પીએમ માટે ખસેડાયા. આ ઘટના પગલે હોસ્પિટલ ખાતે લોકોના ટોળેટોળા એકઠા થયા હતા.તેમજ રાજુલા પોલીસ ઘટના સ્થળે પહોચી તપાસ હાથ ધરી છે. વિધાર્થીઓના મોતને લઇ પરીવારજનોમા શોકનુ મોજું ફરી વળ્યું હતું.

રાજકોટઃ વાવડીમાં બે રેઢી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો

મીરા નગરમાં મકાનમાંથી શરાબની ૨૨ બોટલ સાથે શખ્સ ઝડપાયો

રાજકોટ તા.૧: શહેરમાં બે સ્થળે પોલીસે વિદેશી દારૂના દરોડા પાડ્યા છે.જેમાં વાવડી ગામેથી બે રેઢી કારમાંથી વિદેશી દારૂની ૪૮બોટલ અને રૈયા રોડ પર આવેલા મીરાનગરમાં મકાનમાંથી શરાબની ૨૨ બોટલ સાથે શખ્સને ઝડપી, રૂ. ૩. ૯૫ લાખનો મુદ્દામા કબ્જે કર્યો છે.પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે વાવડી ગામ શેરી નંબર ૨૫માંબંધ શેરીમાં બે રેઢીકાર પડી છે જેમાં વિદેશી દારૂનો જથ્થો પડ્યો છે. રાજકોટ તાલુકા પોલીસ ની ટીમ વાવડી ગામે પહોંચી ત્રઢ્ઁ ૦૩ ઉગ - ૭૨૪૬ નંબરની કારમાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ અને ત્રઢ્ઁ૦૩ ઉત્ર ૨૧૯૦ નંબરની સેન્ટ્રો કારમાંથી શરાબની ૧૨ બોટલ મળી રૂ ૩.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કારના નંબરના આધારે બુટલેગરોની શોધખોળ હાથ ધરી છે. જ્યારે બીજો વિદેશી દારૂનો દરોડો ગાંધીગ્રામ ૨ (યુનિવર્સિટી) પોલીસે રૈયા રોડપર આવેલા મીરાનગર શેરીનંબર ૩માં આવેલા ' વિવેક' નામના મકાનમાં પાડી વિદેશી દારૂની ૨૨ બોટલ સાથે જય કિશોરભાઈ કુબાવત નામના શખ્સને હેડ કોન્સ્ટેબલ ગીરીરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે ઝડપી લીધો છે.

રાજકોટઃ ૪૬ હજારના સીસીટીવી કેમેરાના સામાનની ચોરી

રાજકોટ તા.૧: શહેરના ભાગોળે આવેલા કુવાડવા ગામે નવનિર્મિત સર્વોદય મલ્ટી હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી રૂપિયા